
# હસ્તક્ષેપ

સરૂપ ધ્રુવ



# હસ્તક્ષેપ

સરૂપ ધ્રુવ

સંવેદન સાંસ્કૃતિક મંચ
'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી : પુસ્તક - ૬
2003

*HASTAKSHEP*
*Collection of Poems*
*by Saroop Dhruv*
*March, 2003*

© સરૂપ ધ્રુવ
૪, લલિતકુંજ, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯

૭૫૦ નકલ

મૂલ્ય : રૂપિયા એકસો પચીસ (Rs. 125/-)

આવરણ : અમિત દવે (ઇન્ટરફેઇથ)

કૉમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : મુકેશ એન્ટરપ્રાઇઝ,
બી ૧૧૯, સૃષ્ટિ પાર્ક, પાર્શ્વનાથ ટાઉનશીપ,
નવા નરોડા, અમદાવાદ

મુદ્રક : ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર, અમદાવાદ

પ્રકાશક : સંવેદન સાંસ્કૃતિક મંચ,
'દિગંત' ૯, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૧

વિતરક : 'દર્શન'
એ ૯/૪, સહજાનંદ ટાવર્સ, રેલ્વે ઓવરબ્રીજના છેડે,
જીવરાજ પાર્ક, અમદાવાદ - ૩૮૦ ૦૫૧.
ફોન નં : 6815484, 6820088

# અર્પણ

## શ્રી ગિરીશભાઇ પટેલને...

*જેમણે માનવ અધિકાર માટેના*
*સંઘર્ષની મશાલ સતત ઝળહળતી રાખી,*
*જેમણે સ્વતંત્રતા-સમાનતા-બંધુતાનાં મૂલ્યોને*
*સાકાર કરવા માટે ન્યાયનો મારગ કંડારવાની*
*પ્રતિબદ્ધતા કેળવી, એવા પારકી છટ્ટીના જાગતલ*
*ગિરીશભાઈને સાદર-સપ્રેમ આ કાવ્યો.*

ગુજરાત કે ફિરાક*સે હૈ ખાર ખાર* દિલ
બેતાબ હૈ સિને મેં આતિશ બહાર દિલ
મરહમ* નહીં હૈ ઇસકે ઝખ્મ કા જહાન મેં
શમશેરે હિજ્ર*સે જો હુઆ હૈ ફિગાર* દિલ

- વલી ગુજરાતી
(1650-1707)
અમદાવાદ

મઝાર ધ્વંસ - 28 ફેબ્રુઆરી, 2002
અમદાવાદ.

* ફિરાક - વિરહ
*ખાર - કાંટા
* મરહમ - મલમ, ઈલાજ
*હિઝ્ર - વિરહ; વિરહની તલવાર
*ફિગાર - ટુકડા

# સળગતી હવાઓમાં હસ્તક્ષેપ

'સળગતી હવાઓ' (1995) પછી સાત વર્ષે આ 'હસ્તક્ષેપ'. આ સાત વર્ષોમાં મેં, તમે, ગુજરાતે, દેશે, દુનિયાએ ઘણું ઘણું જોયું, અનુભવ્યું, વિચાર્યું. આ સંગ્રહમાંની રચનાઓ આ દૃશ્યો, અનુભવો અને વિચારોને શબ્દ દ્વારા તમારા સુધી પહોંચાડવાની પ્રક્રિયા છે. મારે માટે લેખન હવે રાજકીય પ્રતિબદ્ધતા, પ્રતિક્રિયા અને સક્રિય થવાનું ટેક ઑફ પોઈન્ટ તો છે જ; સાથોસાથ સક્રિય સંડોવણી દરમ્યાન અને તે પછીના ગાળામાં, પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાનો પ્રયાસ પણ બનતું રહ્યું છે. એમાં આપમેળે દસ્તાવેજીકરણ થતું રહે છે પણ કવિ તરીકે હું જે અંકે કરું છું તે સળગતી હવાઓમાં હસ્તક્ષેપ કર્યાનું સાહસ અને સર્જક તરીકેનો દાયિત્વબોધ. એના 'બ્રહ્માનંદ સહોદર આનંદ' કે 'સર્જકનો સંતોષ' જેવાં પ્રયોજનો અને પરિણામો વિશે તો આ રચનાઓના અને ખરેખર તો સમગ્ર જનવાદી સાહિત્યના સમીક્ષકો-પોતાના માપદંડો બદલશે ત્યારે સમજશે અને સમજાવશે. ભાવકો ઉપરનો મારો ભરોસો કદી ખૂટ્યો નથી, એટલેસ્તો મારી ઓછીવત્તી સર્જકતાનું સાતત્ય ત્રણ ત્રણ દાયકા વળોટીને આગળ વધ્યું છે.

વધુ લખવાની જરૂર જોતી નથી. આ પુસ્તક સાથે સંકળાયેલાં સૌકોઈના ઋણ સ્વીકારનો જ અત્યારે તો અવસર છે, એ જ માણી લઉં. આ અને મારા અન્ય કાવ્યસંગ્રહો દુનિયાનો પ્રકાશ જોવા પામે છે તેનો

જશ જેને ફાળે જાય છે.તેનાથી જ શરૂઆત કરું. ફક્ત અહીં ગ્રંથસ્થ છે તે જ નહિં ; છેક 1975 થી આજ સુધીની મારી લગભગ તમામ રચનાઓ સાથે મારા મિત્ર હિરેન ગાંધીનું નામ જોડાયેલું છે. 'હોટલ પોએટ્સ ગ્રુપ' ના દિવસોમાં ગુજરાત વિદ્યાપીઠની કેન્ટિન હોય કે સાહિત્યકોશનું કાર્યાલય-મારી ગઝલો અને અછાંદસ્‌ને પહેલવહેલી સાંભળનારો હિરેન જ હોય. '78 પછીનાં વર્ષોમાં કવિ તરીકે હું અને કવિતા લેખે મારી રચનાઓ જીવવા પામ્યાં તે આ હિરેનની દોસ્તીની હૂંફમાંસ્તો ! નવમા દાયકામાં એ દોસ્તી બિરાદરીમાં પરિણમી. દેશનાં અને વિશ્વના અનેક ડાબેરી બિરાદરો, જનવાદી કલાકારો, માનવઅધિકાર-કર્મશીલો સાથે સંકળાતાં ગયાં અને મારું સર્જન એ બિરાદરીના અજવાળાં સૂંઘતું આગળ વધ્યું. આજે હવે એવું પણ બને છે કે મારી રચનાઓને તાજી જ સાંભળવાનો સમય જ ન હોય છતાં એ રચનાઓ પાછળ, એની પ્રક્રિયા પાછળ હિરનની હાજરી અચૂક હોય. કેમ કે આખરે અમે સહિયારી સમજણ અને સહિયારાં સપનાં વડે સંકળાયેલાં બિરાદરો છીએ. ક્યારેક સમજણ વિશે કે સર્જન વિશે હું આમતેમ થાઉં તોય હિરેન સાચવી જ લે છે - બિરાદરીના નામે.

જુદીજુદી, નાનીમોટી રીતે મને સાચવી લેનારાં સ્વજનોની સંખ્યા ઓછી નથી. એ સૌનો આભાર. મારી પ્રગતિથી પોરસાતાં મારાં પરિવારજનોને સસ્નેહ યાદ કરું છું. મારા બીજા કુટુંબસમો (હિરેન) ગાંધી-પરિવાર પણ મારા રાજીએ રાજી થાય છે. એ સૌનો આભાર.

સન્ 2002ની 8મી માર્ચે અમે 'કલમ લેખિકા મંચ' શરૂ કર્યો. મારાં છેલ્લા બે વર્ષનાં ઘણા ભાગનાં કાવ્યો 'કલમ'ની ગુરુવારીમાં વંચાયાં છે. 'કલમ'ની મારી સર્જક બહેનો અને શ્રોતાબહેનોને સપ્રેમ યાદ કરું છું.

આ સંગ્રહ માટે પ્રસ્તાવના લખી આપનાર ડૉ. શીરીનબહેન કુડચેડકર પ્રખર નારીવાદી વિદુષી છે. છેલ્લા ત્રણ દાયકાની મારી સર્જનયાત્રાનાં એ સાક્ષી છે. મારી પ્રવૃત્તિઓમાં રસ લેનારાં સંવેદનશીલ



અધ્યેતા છે. ગુજરાતી નારીવાદી સાહિત્યને એમની વિવેચનાનો લાભ મળતો રહ્યો છે. અહીં એમણે પ્રસ્તાવના લખીને અનુગ્રહ તો કર્યો જ છે. પણ છેક ગયા જૂનમાં (2002) આ સંગ્રહ બહાર પાડવાના અવ્યહારૂ નિર્ણયને લીધે ઉતાવળ કરાવીને અમે એમને પજવ્યાં પણ છે. જો કે શીરીનબહેન તો માયાળું મિત્ર છે. છ-આઠ મહિના પછી પણ 'હસ્તક્ષેપ'ને સાકાર થતો જોઈ એ ખુશ જ થવાનાં.

ઈશ્વરભાઈ પ્રજાપતિ માત્ર - આ મુદ્રણના કર્તાહર્તા અને આ રચનાઓના મુદ્રક જ નથી; જનવાદી આંદોલનના અમારા સાથી પણ છે અને મારી સર્જનપ્રક્રિયાના સાક્ષી-ભાવક પણ. એમનો આભાર માનવા બેસું તો અપૂરતો ને ન માનું તો ઊણી દેખાઉં....માની જ લઉં ઈશ્વરભાઈનો આભાર.

અહીં ગ્રંથસ્થ કાવ્યો 'કલમ', 'કવિતા', 'નવનીત-સમર્પણ', 'નિરીક્ષક', 'નયા માર્ગ', 'સૂરજમુખી'માં પહેલા છપાયાં છે. સૌનો આભાર.

મારા જીવનમાં-કાવ્યમાં-સર્જનમાં કોઈને કોઈ રીતે સહભાગી સ્નેહીમિત્રોને સોને નામજોગ તો અહીં કેવી રીતે સમાવું ? સૌને સલામ.

છેલ્લે, અલબત્ત, આ કાવ્યો જેમને વિષે, જેમને માટે, જેમના વતી લખ્યાં છે એ સૌ લોકોને હૃદય ભરપૂર યાદ કરીને તમારી અને આ રચાનાઓની વચ્ચેથી ખસી જાઉં છું. આશા રાખું છું કે આ 'હસ્તક્ષેપ' આપણા સૌના બહેતર ભાવી માટે સાર્થક પ્રયાસ બની રહે.

**સરૂપ**

ફેબ્રુઆરી-2003

# હસ્તક્ષેપ

"હું માહોલનો માણસ હતી; હજી ય છું, પણ હવે માહોલ પોતે પણ ઊભું કરી શકું છું એવો વિશ્વાસ છે": લગભગ છ મહિના પહેલાં સરૂપ ધ્રુવે ઉચ્ચારેલા આ શબ્દો તેઓ આજે પણ ઉચ્ચારી શકશે ? તેમના પ્રસ્તુત સંગ્રહનું શીર્ષક છે "હસ્તક્ષેપ". શીર્ષક સૂચવે છે કે આજના નારકી માહોલમાં પણ હતાશાને વશ ન થતાં સરૂપબહેને માહોલ બદલી શકવાનો વિશ્વાસ ખોયો નથી.

સરૂપ ધ્રુવનો પહેલો કાવ્યસંગ્રહ "મારા હાથની વાત" એક લાપરવા, સીમોલ્લંઘનમાં રાચતા વ્યક્તિવાદી માહોલનું પ્રતિબિંબ છે. સંગ્રહની લેખિકા એક નિર્ભીક વ્યક્તિ છે જે જીવનની અરાજકતામાં ઝંપલાવવા ખડે પગ છે. બીજો સંગ્રહ "સળગતી હવાઓ" સામાજિક સંઘર્ષ અને આંદોલનોના માહોલનું અને તેનાથી ઘડાયેલા માનસનું પ્રતિબિંબ છે. તે જ નીડર વ્યક્તિ, પણ તે સમાજાભિમુખ બની છે, સામાજિક પરિબળોની તેનામાં નવી સમજ છે. જાગૃતિ છે. જવાબદારી છે. પ્રસ્તુત સંગ્રહના "પીડ પરાઈ" કાવ્યમાં પીડ પરાઈ જાણીને કવિનું મન ખળભળે છે. તેનામાં ઉથલપાથલ થાય છે. પીડ પરાઈ જાણવી, પરદુઃખે ઉપકાર કરવો તે માત્ર વૈયક્તિક સ્તર પર જ ન રહી જવું જોઈએ - આ કવિનો સંદેશો છે. પરાઈ પીડ સર્વવ્યાપી છે, તેનાં કારણ આસમાની નહીં પણ સુલતાની છે - સામાજિક અસમાનતા અને અન્યાય, રાજકીય સરમુખત્યારશાહી, કોમી નફરત. આવી પરિસ્થિતિ સામે સતત લડતા રહેવું, ઝૂઝતા રહેવું એ કવિ પોતાની ફરજ સમજે છે. સામાજિક



બંધનો જે માત્ર વ્યક્તિના વિકાસને જ નહીં પણ સમાજના પોણા ભાગને રૂંધે છે તેનું ઉલ્લંઘન કરવું જ ઘટે.

પણ ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૨માં ગુજરાતી પ્રજાએ એક અન્ય જ પ્રકારની સીમાનું ઉલ્લંઘન કર્યું - માનવસહજ અનુકંપા અને સંયમની પેલી તરફ રહી ગયો એક ભૂતકાળ જેમાં જરૂર વિષમતા હતી, અસમાનતા હતી, અન્યાય હતો. પણ માનવ-માનવ વચ્ચે ઋણાનુબંધની માનવતા નષ્ટ નહોતી થઈ. કોમી રમખાણો ય થતાં પણ મધ્યમ અને ઉપલા વર્ગોનું જીવન સૂરીલું, શાંત, સુરક્ષિત વહી રહ્યું હતું. નીચલા વર્ગોના જીવનમાં પણ કેટલેક અંશે તો સ્થિરતા હતી, પોતીકાપણું હતું પણ ૨૮ મી ફેબ્રુઆરી બાદ માણસનું જે પાશવી સ્વરૂપ આપણે જોયું છે, આપણા દેશવાસીઓ ઉપર જે ઘોર સંહારક બળો તૂટી પડ્યાં છે તેને પરિણામે કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિને લાગશે કે તે તારીખથી જગત બદલાઈ ગયું છે. આપણો દેશ અને આપણું જીવન જે હતાં તે કદિ પાછાં બની શકવાનાં નથી. ૨૮મી તારીખ, ૨૭ મી નહિ; ગોધરામાં જે બન્યું તે પણ અકલ્પ્ય હતું, ક્રૂર, અમાનુષી હતું પણ તે ઓચિંતું ફાટી નીકળ્યું હતું. અને તેનો નિકાલ આણી શકાત, તપાસણી અને સજા થઈ શકત. ૨૮ મીથી આરંભાયેલો માનવસંહાર ગોધરા હત્યાકાંડના પરિણામરૂપ નહોતો. તેની પૂર્વતૈયારી વર્ષોથી થઈ રહી હતી. બસ, નિમિત્ત મળી ગયું.

'હસ્તક્ષેપ'ના એક ખંડનું શીર્ષક છે 'જેનોસાઈડ પહેલાં અને જેનોસાઈડ પછી'. દેખીતું છે કે કવિને મન પણ આ એક એવી નિર્ણયાત્મક ક્ષણ (Defining moment) છે જે દેશના ઇતિહાસમાં એક નવું જ પ્રકરણ શરૂ કરે છે. જે બન્યું તેને માટે 'જેનોસાઈડ' સિવાય કોઈ અન્ય યોગ્ય શબ્દ જ નથી. તે એક એવો માનવસંહાર હતો જેમાં એક આખી કોમને નેસ્તનાબૂદ કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી હતી.(ગોધરામાં આવો કશો જ હેતુ નહોતો. નિર્દોષ મુસાફરોમાં કઈ કઈ કોમના માણસોનો સમાવેશ થયો હતો એની કોઈને ખબર છે ખરી ?) દેશના વિભાજન બાદ જે અનેક વિપત્તિમાંથી આપણે પસાર થયા છીએ તેમાંથી આને પહોંચતી એકે નથી. ખુદ અમદાવાદમાં બહુ ક્રુર કોમી રમખાણો ફાટી નીકળ્યાં છે. - તે સંબંધી

સંગ્રહમાં કાવ્યો પણ છે. પણ તે એકતરફી હત્યા નહોતી અને તેમાં રાજ્યતંત્રનો ફાળો નહોતો. આનાથી ઉલટું, ૨૮ મી ફેબ્રુઆરીથી શરૂ થયેલો માનવસંહાર ઉત્તર અને મધ્ય ગુજરાતનાં ગામડે ગામડે ફેલાયો, જ્યાં સૈકાઓથી સુધી જુદી જુદી કોમના રહેવાસી હળીભળીને વસ્યા હતા ત્યાં. આદિવાસી વિસ્તારમાં ય ફેલાયો. જે સશસ્ત્ર હિંસક ટોળાં નિર્દોષ મુસલમાન કુટુંબો પર તૂટી પડ્યાં તેના પુઢારી હતા રાજ્યના અમલદારો - મંત્રીઓ, સરપંચો અને રાજ્યતંત્ર જેના હાથમાં છે તે પક્ષના ભાગીદાર-પરિષદ અને દળના અનેક નેતાઓ - પુલીસતંત્ર પર પણ આરોપ લગાવવામાં આવ્યા છે.

સંગ્રહનાં કેટલાંક કાવ્યો જેનોસાઈ પહેલાં લખાયાં છે, કેટલાંક જેનોસાઈડ પછી. પણ જેનોસાઈડ પહેલાં લખાયેલાં કાવ્યોને આજે વાંચતાં, તે સમયની પરિસ્થિતિને જેનોસાઈડ બાદ સ્મરતાં, સમજણ પડે છે કે આ માનવસંહારનાં બીજ વર્ષો પહેલાં વાવવામાં આવ્યા'તાં. આ અકલ્પ્ય બનાવ અકલ્પ્ય હોવો નહોતો જોઈતો; તેની પૂર્વતૈયારી ક્રમબદ્ધ વિગતવાર થઈ રહી હતી એની જાણ પડવી જોઈતી'તી. હિંસક બળોની આગેકૂચના ઈશારાથી પ્રગતિશીલ કાર્યકર્તાઓ વાકેફ હતા જ, તે ૧૯૯૬-૯૭ થી માંડીને લખાયેલા કાવ્યોમાં તરી આવે છે. પ્રજાને ચેતવવાના પ્રયત્નો પણ દેખીતા છે. 'અમદાવાદ ક્યાં છે એ તણખો' જેનોસાઈડ પહેલાં લખાયેલું કાવ્ય છે. ત્યાં વર્ણવેલાં રમખાણ એકતરફી નહોતાં. પણ છેવટે નુકસાન તો વધુ પ્રમાણમાં મુસલમાન પ્રજાને જ થયું હતું. નફરત વધતી જતી હતી. ત્રિશુળનો ઉલ્લેખ સૂચવે છે કે હિંદુ પ્રજાને મુસલમાનો સામે ઉશ્કેરવામાં આવી હતી. અમદાવાદીઓને કવિ સવાલ કરે છે : "કેમ ગુમાવી બેઠા છીએ ભરોસો આપણી ગળથૂથી ઉપરથી ?" બન્ને કોમોનું જીવન કેટલું ઓતપ્રોત હતું તે કવિ આબાદ રીતે દર્શાવી શકે છે કારણ કે પોતે જ એક ક્રાંતિકારી કાર્યકર્તા તરીકે ગરીબોના જીવનની બહુ નિકટ આવી શક્યાં છે. કાપડ રંગવાના કાર્યમાં બહેનોનો સથવારો તો મિલોમાં ભાઈઓનો સથવારો હતો. મિલો બંધ થઈ અને બેકારી વધી તોય મુસીબતમાં પણ પડોશીઓ વચ્ચે તો આ સથવારો કાયમ રહ્યો.



"રોજ સાંજે માણિના ચૂલામાંથી માગેલો અંગારો જ મહેરૂનો ચૂલો ચેતવે, અબ્દુલ્લાની રીક્ષાની ખાલી થયેલી ટાંકીમાં દીપસિંગનું કેરોસીન જ ભરાય."

કવિ જાણે છે કે કોમી રમખાણોનાં આર્થિક કારણ પણ હોય છે. મિલો બંધ થઈ તેની જવાબદારી દેશના અર્થતંત્રને માથે છે. આસમાની લેખાતા સંકટના કારણો સુલતાની પણ હોઈ શકે છે. અથવા તો મૂળ જે આસમાની છે, ધરતીકંપ કે વાવાઝોડું, તેનો પણ વ્યાપ સત્તાધિશોના લોકહિત વિરોધી નિર્ણયોને કારણે વધે છે. 'આસમાની સુલતાની' ખંડના કાવ્યો દર્શાવે છે કે કુદરતજન્ય આપત્તિને પણ માણસ વધુ વિકટ બનાવે છે. વાવાઝોડામાં વખતસર ચેતવણી આપવામાં લાપરવાહી, કચ્છના ધરતીકંપ બાદ પુનર્વસનને લગતી ઢીલ, પોતાની જ્ઞાતિને જ મદદ કરવાનો આગ્રહ, આ સૌ કૃત્યો આનું ઉદાહરણ છે.

આદિવાસી પ્રજા અને મુસલમાન પ્રજા વચ્ચે સહેજે વેરભાવ જ્યાં નહોતો, ત્યાં એવું શું બન્યું કે ગામેગામ આદિવાસી 'ચડેતરાં' (સશસ્ત્ર હિંસક ટોળાં) મુસલમાન વસ્તી પર તૂટી પડ્યાં ? 'આદિવાસીની આજ' ખંડમાં કવિ આ જટિલ પ્રશ્ન તપાસે છે. તેમણે પોતે જે આંદોલનોમાં આદિવાસીઓને સાથ આપ્યો હતો, તેમાં તેઓને સજાગ કરવાનો, વ્યાજબી હક માટે લડવાનો હેતુ પ્રધાન હતો. તો આ અનપેક્ષિત અનર્થ કેમ બની ગયું ? કોણે આદિવાસી પ્રજાને ફોસલાવી ? 'આદિવાસી : કેટલાંક ચિત્રો' ૧૯૯૬માં લખાયેલું કાવ્ય છે. પ્રજાનું ધર્મ પરિવર્તન, એનું 'હિંદુકરણ' એને કેવી રીતે નમાલી બનાવવામાં સફળ થયું છે તે તે સમયે પણ સ્પષ્ટ હતું :

*આખે આખી પરજ બની ગઇ છે ભગવાનનું માણસ*
*કહો હવે : મશાલ કેમ કરીને જલશે ?*

ઉપલા વર્ગોના અધિકાર જળવાઈ શકે એ હેતુ આવા ધર્મ સંસ્કરણમાં દેખાઈ આવે છે.

જ્યાં બળવો કરવો જરૂરી હતું ત્યાં ના કર્યો. પણ તેથી આગળ જતાં આ પ્રજાને હિંસક પણ બનાવી. જ્યાં બળવો ન કરવો જોઈતો'તો ત્યાં કર્યો.

'ચડેતરું' કાવ્યના સંદર્ભમાં કવિએ નોંધ આપી છે કે ધર્મના સંસ્કારોની સાચી દિશા શું હતી તેની ગંધ આવી હતી ખરી પણ તે પૂર્ણપણે પ્રકટ બન્યું ૨૮મી ફેબ્રુઆરી બાદ. આદિવાસીઓને પૂરેપૂરા ફોસલાવીને તેમના પર સાચે જ જે જુલમ કરતા હતા તેમની સામે નહિ પણ પોતાના જેવી જ શોષિત પ્રજા સામે તેમને વાળ્યા.

ચેતજો રે ! ચડેતરું આયું
ત્રિશુળ - સિંદૂર લઈને આયું
મારકુટનો મંતર કાનેકાનમાં ફૂંકશે - મગરે મગરે ...
... રૂખડે રૂખડે

જેમણે સૈકાઓથી આદિવાસીઓને લૂંટ્યા હતા તેમણે જ તેમને "માણસખાઉ દૈત" બનાવ્યા. ન તો તેમને પોતીકાં કીધાં, ન તો તેમને હક્ક દીધાં. માત્ર પટાવીને તેમને હાથે પાપ કરાવ્યાં.

'ગુજરાતના આદિવાસીને' માં આદિવાસીને કવિ સમજાવે છે કે એ લોકોએ તો એને 'મામો' જ બનાવ્યો છે. નિર્દોષ પ્રજા પાસે એવાં દુષ્ટ કાર્યો કરાવ્યાં છે કે લોહીના ડાઘ હાથ પર ચોંટયા તે ચોંટ્યા જ.

સરૂપ ધ્રુવ 'પ્રતિબદ્ધ' કવિ તરીકે ઓળખાય છે અને તેઓ જાતે આ બિરૂદ સ્વીકારે છે. તો પ્રતિબદ્ધ કવિ અને કવિતા વિષે થોડોક વિચાર કરવો ઘટે. "સળગતી હવાઓ" ની પ્રસ્તાવના 'અગનપંખી' માં તેમની કાવ્યયાત્રા, તેમણે જે કાવ્યપથ ખેડ્યો તેના વિષે સવિસ્તર લખ્યું છે. તેમાં એક મહત્ત્વના અનુભવનો ઉલ્લેખ કર્યો છે જેથી તેમને પોતાના કવિધર્મ, કવિકર્મ સંબંધી નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થઈ. તેઓએ કેટલીક ગરીબ બહેનોને સાક્ષર બનાવવાનું કામ હાથે ઉપાડ્યું હતું. એ મુસલમાન બહેનો દિવસભર રજાઈની ખોળો સીવવાનું કામ કરતી. સરૂપ બહેન દુકાનના ખૂણામાં બેસી તેમનાં કામ પતી જવાની રાહ જોતાં અને મનમાં પ્રશ્નો તરી આવતા :

*દુકાનના ખૂણે પડેલી પાટલી પર બેઠી બેઠી હું એમનો ચિંદીના વેપારીઓ સાથેનો વહેવાર જોયા કરું, એ બહેનોનાં કુટુંબજીવનના પ્રશ્નોમાં રસ લઉં, જોઉં*



*અને મૂંઝાઉં કે શું છે મારું આ ભાષા શિક્ષણ ? .... આ શ્રમજીવી બહેનોને સ્પષ્ટ શિષ્ટ ભાષાની કેમ ને કેટલી જરૂર છે ? ભાષાના અભાવની શી વેદના હોઈ શકે ? ભાષા અને શિક્ષણ એ આત્મવિશ્વાસ અને સત્તા આપી શક્યા હોત તો આ લોકોનું શું જેમની પાસે એ નથી ?... મારી અને મારાં આ લાખ્ખો માનવબાંધવો વચ્ચે આટલું ભાષાકીય અંતર કેમ ? મારી ભાષા દ્વારા, મારી આવડત દ્વારા મેં આ લોકો માટે શું કર્યું ?.. શું છે મારી કવિતા ? કોને માટે ? શા માટે ? (સળગતી હવાઓ પૃષ્ઠ VII-VIII).*

તો આ ભાષાબાજીમાં રાચતાં કવિને પ્રતીતિ થઈ ગઈ કે પોતાના પ્રથમ સંગ્રહ "મારા હાથની વાત" ની દુર્બોધ વૈયક્તિક કવિતાનો સમાજને કશો ઉપયોગ નહોતો. આ સમાજ માટે જો કંઈક કરવું હોય તો સામાજિક પરિબળોને સમજી, પરખી તેને બદલવાના આંદોલનમાં સક્રિય રહેવું જરૂરી છે. શોષિતો -પીડિતો **સંબંધી** જ નહિ, પણ તેમને **માટે** લખવું આવશ્યક છે અને એનાથી જ આગળ વધીને એમના **વતી**, એમની **સાથે** લખવું, પ્રતિબદ્ધ સાહિત્યકાર માટે અનિવાર્ય છે એમ સરૂપ ધ્રુવનું મંતવ્ય છે. પોતે લખેલાં ગીતો જો આ બહેનો અને ભાઈઓ ગાતા હશે, સાથે રચેલાં નાટકોને પ્રતાપે એકાદ-બે વાર પણ પ્રજાને ન્યાય મળ્યો હશે તો તેમને તેનો સંતોષ છે. સાહિત્યસમીક્ષકો, સાહિત્ય રસિકો શું ધારે છે તેની તેમને કશી જ ચિંતા નથી. તેને ભલે તેઓ સાહિત્ય તરીકે ન લેખે. સાહિત્યકાર પોતાની જ અભિવ્યક્તિમાં રાચે એ પૂરતું નથી. પીડિત પ્રજાની પણ અભિવ્યક્તિ કેળવવામાં તે મદદરૂપ બને અને સાથે પીડાના નિરાકરણના માર્ગ શોધે તે આવશ્યક છે. (*અપ્રસિદ્ધ મુલાકાત*).

પ્રતિબદ્ધતા સંબંધી સ્પષ્ટીકરણ કરતાં સરૂપ ધ્રુવ કહે છે કે તેમને મન તેનો અર્થ એવો નથી કે કોઈ વિશિષ્ટ વિચારસરણીને વળગી રહેવું અથવા 'theory' માં ઊંડે ઉતરવું. ગરીબોની પરિસ્થિતિ સંબંધી વાકેફ રહેવું અને સાથે સાથે તબક્કે તબક્કે તેને ઉકેલવાના પ્રયત્નો કેવી રીતે થતા રહ્યા છે તેની પણ તપાસ કરીને સાહિત્યકૃતિમાં દર્શાવવી જરૂરી છે. અને સૌથી આવશ્યક છે ગરીબોના આંદોલનોમાં સક્રીય રહેવું. 'praxis' વિના

પ્રતિબદ્ધતા પોકળ જણાય છે; drawing room writer બની રહેવામાં વિરોધાભાસ લાગે છે. (*અપ્રસિદ્ધ મુલાકાત*).

તો પ્રતિબદ્ધ લખાણને 'સાહિત્ય'નાં કોઈ ધોરણો લાગૂ પડે જ નહિ ? આંદોલન ગીતો સાહિત્યનો સામાજિક પરિવર્તન આણવામાં ફાળો નક્કી કરે છે, તે જનજાગૃતિ કેળવવામાં મોટો ભાગ ભજવે છે, તેની ભાષા સામાન્ય જનતાને પહોંચે છે. આવાં ગીતો અને કાવ્યો આ સંગ્રહમાં મળશે જ અને કવિએ પોતે કહ્યું છે કે તેમને આમાંથી જ સંતોષ મળે છે.

પણ તો શું કલાકૃતિ અને આંદોલન સાહિત્ય માટે આપણે અલગ જ ધોરણ સ્થાપવા પડશે ? સંવેદનશીલ કવિ જો અત્યાચાર અને તેના સામના વિષે લખવા પ્રેરાય તો તેને આ બેમાંથી એક માર્ગની પસંદગી કરવી પડે ? પ્રજા માટે, પ્રજા વતી, જો તે લખવાનો માર્ગ પસંદ કરે તો નિરક્ષર પ્રજાને પહોંચે એવી ભાષાનો વપરાશ અનિવાર્ય છે. અથવા તો આંદોલન સાહિત્યને પડખે પડખે કવિ એવાં પણ કેટલાંક કાવ્યો રચવા ધારે જેને કલાકૃતિ તરીકે સ્થાન મળે, તો આવાં કાવ્યોની વિશેષતા શી હોઈ શકે ? પ્રસ્તુત સંગ્રહમાં આવાં કાવ્યોનો સમાવેશ થયો છે જે "સળગતી હવાઓ"માં નહોતો.

આપણે જ્યારે દેશભક્તિનાં કાવ્યો, ક્રાંતિકારી કાવ્યો વાંચીએ છીએ ત્યારે ઘણીવાર તેના તે જ ફિક્કા પડી ગયેલા શબ્દો નજરે ચઢે છે. આંદોલન સાહિત્યમાં આવું ભલે અનિવાર્ય હોય. પણ કલાકૃતિમાં તો મૌલિક દ્દષ્ટિકોણ અને મૌલિક શૈલીની અપેક્ષા રાખીએ એમાં કાંઈ ખોટું નથી. લાગણીની ઉત્કટતા કાવ્યદેહમાં સાકાર બનવી જોઈએ. અત્યંત અંગત અનુભવ, જેમાં લાગણીની સચ્ચાઈ સંબંધી તો કોઈ જ શંકા નથી, તેનું કદાચ કાવ્યસ્વરૂપમાં સફળ સંક્રમણ ન થાય એવું બની શકે. આનું એક ઉદાહરણ એક કેનેડિયન કાવ્યમાંથી મળશે. આજની કવયિત્રીઓ એવા ઘણા વિષયો સંબંધી લખવા સાહસ કરે છે જે સૌજન્યશીલ સ્ત્રી માટે પૂર્વે બહિષ્કૃત લેખાતા હતા. લિબી શાયર (Libby Scheier) નામની કવયિત્રીએ પોતે અનુભવેલા બળાત્કાર વિષે એક કાવ્ય લખ્યું છે અને છાપ્યું પણ છે. આના કરતાં સ્ત્રી માટે વધુ ઘાતકી અનુભવ ભાગ્યે જ હશે. સ્વાભાવિક છે કે લાગણીની તીવ્રતા પરાકાષ્ઠા સુધી પહોંચે. પણ "A Poem About Rape" માં લિબી શાયર એટલું જ



કહી શકી છે કે બળાત્કાર સંબંધી કાવ્યમાં હું બળાત્કાર વિષે કશું નથી કહી શકતી.

I don't feel that I can Tell you
anything about rape in a poem about rape.
I can't think of a well -crafted image
that rans from the poem's first line
to its strong but subtly suggestive ending.
I can't think of a list of clever symbols
that would throw a new light on rape
so that you might grasp it, finally.

(*Second Nature.* pp 32-33)

(સરૂપબેન બળાત્કાર વિષે લખતાં કેવી કાવ્યરીતિ અપનાવે છે તે આગળ જતાં જોઈશું.)

આ કવિ માટે અંગત અને બાહ્ય અલગ નથી. 'મારી અંદર - મારી બહાર' સંગ્રહનો પહેલો જ ખંડ છે અને તેમાં અંદર અને બહારના ભેદ ભૂંસાતા જાય છે. અંગત અનુભવો અને લાગણીઓ વધુ નિકટ, વધુ ગહન, વધુ વેધક નથી. બાહ્ય જગતના બનાવો વ્યક્તિને ગ્રસી લે છે. અંગત જીવન માટે અવકાશ નથી રહેતો. બાહ્ય અંગત બને છે.સરૂપબેનના માનસની, એની અભિવ્યક્તિની આ લાક્ષણિકતા છે.

'શું છે કારણ મારે જીવવાનું' જેનોસાઈડ સંબંધી ખંડનું એક કાવ્ય છે જે મારે મન આ સંગ્રહનું સૌથી ઉત્તમ કાવ્ય છે. આવા માનવસંહાર સંબંધી લખવું, જેમાં માનવદેહની કાપાકાપી થઇ છે, સ્ત્રીઓ પર રાક્ષસી બળાત્કાર થયા છે, જીવતાં બાળકોને અગ્નિમાં ફેંકવામાં આવ્યાં છે, કવિને માટે આનાથી મુશ્કેલ શું હોઈ શકે ? છતાં જે ભોગ બનેલાં છે તેમનો અનુભવ

અને આ નારકી કૃત્યો સંબંધી પોતાનો પ્રતિસાદ, બન્નેનો સમાવેશ કવિ ભાંગી તૂટી, છતાં સચોટ ભાષામાં કરી શક્યા છે.

*ના,*
*હું કલમો પઢીને સુરૈયા બનવા નથી માગતી ; કારણ કે*
*આ દેશની તમામ સુરૈયા, સલમા, ફાતિમા, શહનાઝ કે અમિનાથી*
*હું*
*અલગ નથી, આઘી નથી, અળગી નથી.*
*જયારે જયારે આ દેશના દુઃશાસનોને હાથે*
*સરેઆમ એમના દુપટ્ટા ખેંચાય છે ત્યારે હું નિર્વસ્ત્ર થઈ જાઉં છું.*
*જયારે જયારે હિસ્ત્ર પશુઓ એમના શરીરને સ્પર્શે છે, ઘસાય છે, ખોસે છે,*
*ચૂંથે છે, દાબે છે, ચૂસે છે, ઘૂસે છે અંદર, ફાડે છે,*
*લોહીલુહાણ કરે છે એમને*
*ત્યારે ત્યારે હું પણ રહેંસાઉં છું એ શતસહસ્ત્ર કોમી શિશ્નાસ્ત્રોથી.*

જે બલિ બન્યા છે તેમનો પોતે અંશ જ છે. તેમના પર પડેલા પ્રહાર પોતા પર પડ્યા છે, તેમનો રહેંસાતો, છોલાતો, ખોલાતો દેહ પોતાનો જ છે એમ કવિ તીવ્રપણે અનુભવે છે અને વાચકનો દેહ પણ સાથે સાથે ચીરાતો જાય છે. બળાત્કારમાં સ્ત્રીના શરીર અને મને સહન કરેલી દરેકેદરેક પ્રક્રિયા મૂર્ત બને છે. "જયારે મરતી રહું છું પળે પળ - એકે એક ક્ષણ" ત્યારે જીવન વ્યર્થ લાગે છે. કવિ જીવવાનું કારણ શોધે છે. હવે તો સાક્ષી પૂરવી અને ફરીથી આવું કદિ ન બને તે માટે ઝૂઝતા રહેવું હતાશામાંથી છૂટવાનો આ જ એક માર્ગ છે.

વિવિધ પ્રકારે હત્યાકાંડના અનુભવને રજૂ કરવાના પ્રયત્નો સંગ્રહના આ ખંડમાં અજમાવ્યા છે. 'બ્રહ્મરાક્ષસ'માં અશ્વત્થામાનું પાત્ર માનવીમાં પ્રસંગે પ્રસંગે ભભૂકી ઊઠતી વેરની ભાવનાને સાકાર કરે છે. તે પસ્તાય છે, પોતાના નિષ્ઠુર પાપી જીવનો અંત આણવાના ચાળા કરે છે. પણ તેમ કરતો નથી. માતા કૃપી તેને ચાહે છે, તેના અપરાધને કારણે પોતાની જાતને



અપરાધી સ્વીકારે છે, તેને પોતાના દેહમાં જ દાટી દે છે. કવિ અને કૃપી એકાકાર બની જાય છે. 'અમદાવાદ : ૨૮ ફેબ્રુઆરીથી મે, ૨૦૦૨' માં ટૂંકા કાવ્યો ભગ્ન શહેરના અસ્તિત્વને ટુકડે ટુકડે સાકાર કરે છે. ટુકડા જ એક સમર્થ કલ્પના બને છે. જીવતા માણસોના કપાયેલાં અંગોનું (mutilation) ફોડેલી ઈમારતોની ઈંટોનું, એક આખી શાલીન સંસ્કૃતિના અવશેષોનું. પોતાને જે શહેર માટે હજુ અનહદ પ્રેમ છે, જેનો સડેલો, વહેરેલો દેહ જાણે પોતાનો જ દેહ છે, જેના લોહી નીગળતા હાથ પરના લોહીથી પોતાના જ હાથ ખરડાયેલા છે એવા શહેરના જ દેહને કાવ્યદેહમાં મૂર્ત કર્યો છે.

મૃતપ્રાય નગર અને મૃતપ્રાય સ્ત્રી બન્નેને કાવ્યરૂપ આપવાની technique સરખી છે. 'આસમાની-સુલતાની' ખંડમાં 'મહિલા અને કાનૂન' કાવ્ય છે. જેમાં એક પીડાતા નારીજીવને ન્યાયતંત્રના નિર્જીવ નિયમો અને ક્રમોમાં ઠોસી પૂરવાના નિર્દયી પ્રયત્નોને ટૂંકાં કાવ્યોની શ્રેણીમાં વખોડ્યા છે.

લોકવાયકા અને લોકગીતના ઢાળ સરૂપ ધ્રુવ બહુ જ સ્વાભાવિક રીતે ખપમાં લે છે. 'એક નહિ જન્મેલી દીકરીનો મરસિયો' જેવાં કાવ્યો લોક ગણગણતાં રહે એવાં જરૂર છે. અને ઉપર ચર્ચેલાં કાવ્યો પણ એટલાં દુર્બોધ નથી કે તે સામાન્ય જનતાને સ્પર્શી ન શકે. છેવટે આપણને મૂંઝવતા પ્રશ્નના ઉત્તરમાં આપણે કદાચ કહી શકીએ કે આંદોલનગીતો જેટલી સરળ નહિ પણ કલ્પન, લય, બોલી, અપરિચિત તો ન લાગે, એવી નવીનતા શ્રોતા/ વાચકને વિષયનાં નવા પાસાં દર્શાવે એવી કાવ્યરીતિ કવિ જે જનતા માટે લખવા ઈચ્છે છે તેની નિકટ તેમનાં કાવ્યોને લાવી શકશે એવી આશા સેવીએ, કદાચ એનાથી ય આગળ જતાં આવી ભાષા લોકોના પોતાના જ કાવ્ય રચનાના પ્રયત્નોમાં કેળવાય એમ ઈચ્છીએ. સરૂપબહેનના આવા પ્રયોગો એટલા જ સફળ બને જેટલી તેમની પોતાની અભિવ્યક્તિ બની છે.

**ડૉ. શિરીન કુડચેડકર**
(મુંબઇ)

એપ્રિલ, 2002

## ડૂબતાં અજવાળાં અને ભીંસતા અંધકારની કવિતા

પડકારરૂપ સમય છે. સૌ કોઈ માટે; ખાસ કરીને સર્જક માટે.

એણે સર્જન કરતા રહેવાનું હોય છે - જીવતા રહેવા માટે અને જીવતા રહેવાનું હોય છે - સર્જન કરતા રહેવા માટે. એનાં સર્જને પેટવવાની હોય છે મશાલ એકોએક દુભાતાં દિલમાં અને જીતી લેવાનો હોય છે અંધકારને.

અત્યંત કપરૂં હોય છે આ કામ; પણ સર્જક હંમેશા આ કામ કરતો આવ્યો છે. ગઈ સદીના ત્રીજા અને ચોથા દાયકામાં જ્યારે આવો અંધકાર જર્મનીને ભીંસી રહ્યો હતો ત્યારે કવિ બર્તોલ્ત બ્રેખ્તે ગાયું હતું :

અંધકારના વખતમાં પણ
ગીત ગવાતાં હશે ?
હા, અંધકાર વિશે પણ
ગીત ગવાતાં હશે."

આજનો અંધકાર માનવદ્રોહી અને માનવદ્વેષી શક્તિઓના વિજયનો છે. એ શક્તિઓ આજે બેકાબૂ બનીને ચોતરફ પોતાનું ઝેર પ્રસરાવી રહી છે; માણસ માણસ વચ્ચેના અને સંસ્કૃતિ સંસ્કૃતિ વચ્ચેના વૈવિધ્યને વિભાજન અને દુશ્મનાવટભરી સરહદોમાં પલટી રહી છે.



આ અંધકારના આગમન સામે, આ સંગ્રહના સર્જક સરૂપ ધ્રુવ લગભગ છેલ્લા બે દાયકાથી અવાજ ઉઠાવતાં રહ્યાં છે - પોતાનાં ગીતો, નાટકો અને કવિતાઓ વડે. ડૂબતા અજવાળાના એ સમયગાળામાં એમણે પોતાનો બીજો કાવ્ય સંગ્રહ 'સળગતી હવાઓ' આપણને આપ્યો હતો. ૧૯૯૫માં પ્રકાશિત થયેલ એ સંગ્રહમાં વિદ્રોહની ધગધગતી અગનઝાળ હતી; દૂર દેખાતી અંધકારની આંધીને મારી હટાવવાની હાકલ હતી; પેટાળમાં ઝબકી જતી ક્રાંતિની આગને રોમેરોમમાં પ્રસરાવવાનું આહ્વાન હતું.

આ 'હસ્તક્ષેપ'માં ડૂબતાં અજવાળાં અને ભીંસતા અંધકારની વેદના છે., સંવેદના છે.

"આથમતા સૂરજને જઇને પૂછો કે
આજ કોની આંખોમાં જઇને ડૂબશે ?
લોહીઝાણ ખંજર થઇને ઊગશે જો કાલે
તો કોની છાતીમાં જઇ ખૂંપશે ?"....

('પૂછો' - વિભાગ :૩)

"ના,
હું કલમો પઢીને સુરૈયા બનવા નથી માંગતી;
કારણ કે
આ દેશની તમામ સુરૈયા, સલમા, ફાતિમા, શહનાઝ
કે અમીનાથી હું અલગ નથી, આઘી નથી, અળગી નથી.
જયારે જયારે આ દેશના દુઃશાસનોના હાથે
સરેઆમ એમના દુપટા ખેંચાય છે
ત્યારે હું નિર્વસ્ત્ર થઇ જાઉં છું..."

('શું છે કારણ : મારે જીવવાનું...' - વિભાગ : ૩)

તો બીજી તરફ આ સંગ્રહમાં આજના યુગ વિશેનું માનવીયદર્શન પણ છે અને આ યુગની વિડંબનાઓને ભેદતા તાતા સવાલો પણ છે.

"બોલો,
શું જોઇએ તમારે ?
બર્ગર કે બુરખો ?
બુરખો કે બર્ગર ?....."

('૧૧ સપ્ટેમ્બર-૨૦૦૧' - વિભાગ :૨)

ઘણું ઘણું ટાંકી શકાય આ સંગ્રહમાંથી, ઘણું ઘણું લખી શકાય આ સંગ્રહ વિશે; પણ મારે માત્ર એટલું જ કહેવું છે કે, આજના આ પડકારરૂપ અંધકારના સમયમાં સરૂપ ધ્રુવનો આ 'હસ્તક્ષેપ' એક દીવાદાંડી છે; કેમ કે -

ફરી એકવાર સરૂપ ધ્રુવના અગ્રજ બર્તોલ્ત બ્રેખ્તના શબ્દોમાં કહું તો :

"આ એ જ વર્ષ છે
જેના વિશે લોકો ઘણુંબધું કહેવાના છે;
અને આ એ જ વર્ષ છે
જેના વિશે લોકો ચૂપ રહેવાના છે."

અને આવા આ વર્ષ વિશે સરૂપ ધ્રુવની આ પંક્તિઓ મૂકીને હું મારી વાત પૂરી કરું છું.

"મા છું,
શોધું છું મારા દીકરાને;
દીઠો નથી અઠ્ઠાવીસમી પછી...
અઠ્ઠાવીસમી....



કહે છે કે ક્યારનીયે ફાટી ગઇ
કૅલેન્ડરનું પાનિયું બનીને...
ફાટી ગઇ, ચિરાઇ ગઇ
અને ચીરતી ગઇ આપણું શહેર...
આપણાં હૈયાં... આપણું...
સર્વસ્વ !..."

('મા અને દીકરો' - વિભાગ : ૩)

**હિરેન ગાંધી**

30 ડીસેમ્બર, 2002

# ડૉ. સરૂપ ધ્રુવનું સાહિત્ય ક્ષેત્રે પ્રદાન

## કાવ્ય સંગ્રહ

| | | | |
|---|---|---|---|
| 1. | **મારા હાથની વાત** | 1982 | નક્ષત્ર ટ્રસ્ટ |
| 2. | **સળગતી હવાઓ** | 1995 | સંવેદન સાંસ્કૃતિક મંચ |

## અભ્યાસ ગ્રંથ

| | | | |
|---|---|---|---|
| 1. | **હીરનો હીંચકો** | 2001 | અમી પબ્લિકેશન |

[ભાલ પ્રદેશની વણકર કોમની બેનોનાં લોકગીતોનું સામાજિક-સાંસ્કૃતિક વિશ્લેષણ નિરૂપતો ગ્રંથ - બિહેવીયરલ સાયન્સ સેન્ટરનાં સુશ્રી શોભના પરમાર-જ્યોત્સ્ના મૅકવાનના સહયોગ સાથે]

## મહત્ત્વપૂર્ણ અભ્યાસ લેખો

| | | | |
|---|---|---|---|
| 1. | **'પરીકથા : પરિકથા'** | 'વિદ્યાપીઠ' | 1973 |
| 2. | **'ઉખાણાં'** | 'વિદ્યાપીઠ' | 1974 |
| 3. | **'ગુજરાતી કવિતામાં નારી'** | 'પરબ' | જાન્યુઆરી -1982 |
| 4. | **'વૃક્ષ ચલે નિજ લીલા'** | 'દર્શક અભિનંદન ગ્રંથ' | 1985 |
| 5. | **'લોકસાહિત્યના અધ્યાપનની સમસ્યાઓ'** | 'અધીત' | 1986 |
| 6. | **'સંદર્ભો પરવારી ગયા પછી પણ'** | 'જગભેરૂ જયંતિ દલાલ' | 1986 |
| 7. | **'મોં સૂઝણું'** | 'કસૂંબીનો રંગ' (મેઘાણી અધ્યયન ગ્રંથ) | 1998 |
| 8. | **'સર્જક ચેતના' : પ્રશ્નો અને પડકારો'** | 'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો' | 1998 |

[ગુજરાતી સાહિત્ય પરિષદના 1997ના વડોદરા ખાતેના અધિવેશનમાં રજૂ કરેલ અભ્યાસ લેખ]



| | | | |
|---|---|---|---|
| 9. | **'ઊંડા અંધારેથી'** | 'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ' કાવ્ય સંગ્રહનો પ્રસ્તાવના લેખ | 2000 |
| 10. | **'એક મશાલ : શૂરી પૂરી'** | 'અગનફૂલ' કાવ્ય સંગ્રહનો પ્રસ્તાવનાનો લેખ | 2000 |

## સંપાદનો

| | | | |
|---|---|---|---|
| 1. | **'આપણું સાહિત્ય'** (જનવાદી સાહિત્યિક પત્રિકા) | હિરેન ગાંધી સાથે | 1985 થી 1986 |
| 2. | **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) | હિરેન ગાંધી સાથે | 1986 |
| 3. | **'આખ્ખા દાયકાનો દસ્તાવેજ'** (ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પ્રમાણપત્ર બૉર્ડ નાબૂદી આંદોલનનો દસ્તાવેજી ગ્રંથ) | હિરેન ગાંધી અને હસમુખ બારાડી સાથે | 1990 |
| 4. | **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો'** | હિરેન ગાંધી - મયંક ઓઝા સાથે | 1998 |
| 5. | **'કલમ - ૧'** ('કલમ' લેખિકા મંચનો વાર્ષિક સાહિત્ય સંગ્રહ) | સુશ્રી સુહાસ ઓઝા, રીતા ભટ્ટ, જયશ્રી મહેતા, સ્વાતિ મેઢ અને ઇન્દુ રાવ સાથે | 2001 |

## અંગ્રેજી સર્વસંગ્રહોમાં પ્રતિનિધિત્વ

| | | | |
|---|---|---|---|
| 1. | **'ઇન્ડિયન વિમેન રાઇટીંગ - પાર્ટ : ૨'** | ઑક્સફર્ડ પ્રેસ | 1990 |
| 2. | **'ઇન ધેર ઑબ્ન વૉઇસ'** | પેન્ગ્વિન ઇન્ડિયા | 1990 |
| 3. | **'એસેન્ટ ઓન ગુજરાતી પોએટ્રી'** | ભારતીય સાહિત્ય એકેડેમીના 'ઇન્ડિયન લિટરેચર'નો અંક - 181 | 1997 |

# અનુક્રમણિકા


**વિભાગ : ૧ : મારી અંદર - મારી બહાર** 1

| | | |
|---|---|---|
| ૧. | પીડ પરાઇ | 2 |
| ૨. | કવિનું કામ | 4 |
| ૩. | રોટલી, ઘઉં, કવિતા ને હું | 5 |
| ૪. | નથી લખવી કવિતા મારે ફૂલોની | 7 |
| ૫. | હિંમતભાઇને | 9 |
| ૬. | સોરઠના સમદર તટે | 11 |
| ૭. | પાણી પંજાબ દા | 13 |
| ૮. | મન | 15 |
| ૯. | ક્યાં ગયો ? | 16 |
| ૧૦. | શું વળ્યું ? | 17 |
| ૧૧. | તમાશા-એ-અહલે-કરમ | 18 |
| ૧૨. | કુંડાળાષ્ટક | 19 |
| ૧૩. | બાવનની બહાર | 21 |
| ૧૪. | વસ્ત્રાવરણ | 24 |
| ૧૫. | લહર પંજાબ દી | 26 |
| ૧૬. | દીવનો દાનિયેલ | 29 |
| ૧૭. | લોથલને ખોદનારા | 31 |
| ૧૮. | બળ | 34 |
| ૧૯. | હું... છું | 35 |

**વિભાગ : ૨ : આસમાની - સુલતાની** 36

| | | |
|---|---|---|
| ૧. | વાવાઝોડું | 37 |
| ૨. | પાણી | 38 |
| ૩. | કાઠિયાવાડ | 40 |
| ૪. | ધરતીની વાત | 41 |
| ૫. | ભૂકંપ : ૨૦૦૧ | 44 |
| ૬. | આફ્ટર શૉક્સ | 45 |
| ૭. | પુનર્વાસ | 46 |
| ૮. | કાયમી કે કામચલાઉ ? | 47 |
| ૯. | કચ્છ : ૨૦૦૧ થી ૨૦૦૨ | 48 |
| ૧૦. | કન્યાનો કપાયેલો હાથ | 53 |
| ૧૧. | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧. ૧ - ૨ | 56 |
| ૧૨. | બળાત્કાર | 58 |
| ૧૩. | મહિલા અને કાનૂન | 59 |
| ૧૪. | શહીદો | 66 |
| ૧૫. | દલિત દૂહા | 68 |
| ૧૬. | એ લોકો અને આપણે | 69 |

**વિભાગ : ૩ : જૅનોસાઇડ પહેલાં અને જૅનોસાઇડ પછી** 71

| | | |
|---|---|---|
| ૧. | અમદાવાદ : ક્યાં છે એ તણખો ? | 72 |
| ૨. | પૂછો | 75 |
| ૩. | લોકકથા | 76 |
| ૪. | એક હતું ચાંપાનેર | 79 |
| ૫. | ૨૭-૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨ | 82 |
| ૬. | શું છે કારણ... | 83 |

| | | |
|---|---|---|
| ૭. | બ્રહ્મરાક્ષસ | 85 |
| ૮. | મુખ્યમંત્રીનું પહેરણ | 87 |
| ૯. | ચીભડાં ગણતી વાડ | 88 |
| ૧૦. | અમદાવાદ : ૨૭-૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨ થી મે, ૨૦૦૨ | 89 |
| ૧૧. | મા અને દીકરો | 96 |
| ૧૨. | નાગમણિ | 99 |
| ૧૩. | હર બાર કિસી ભી દંગે મેં | 100 |
| ૧૪. | લાવારિસ | 102 |

**વિભાગ : ૪ : આદિવાસીની આજ** 107

| | | |
|---|---|---|
| ૧. | દાહોદ | 108 |
| ૨. | નર્મદા : કેટલાંક ચિત્રો | 113 |
| ૩. | આદિવાસી : કેટલાંક ચિત્રો | 114 |
| ૪. | ચડેતરું | 116 |
| ૫. | શહેરની સડક બાંધતાં... | 118 |
| ૬. | એ આદિવાસી જો મોં ખોલે તો... | 119 |
| ૭. | આદિવાસી યુવતીનું ગીત | 120 |
| ૮. | મામો તે મામો જ રહેવાનો ? | 122 |






# વિભાગ : ૧

# મારી અંદર - મારી બહાર

# ૧. પીડ પરાઇ

સરિયામ રસ્તે મળી જાય છે કોઇ, તો પૂછી લે છે મને
અથવા તો પછી, એમની વંકાયેલી ભ્રમરો હેઠળથી ડોકાઇ જાય છે પ્રશ્ન :
હજી લડે છે ? હજી લખે છે ?
ઝૂકી નથી તું ? હજી ઝૂઝે છે ?
નથી ગામમાં ઘરની ચિંતા
ફિકર નથી સીમે ખેતરની
ઉલાળ આગળ, ધરાળ પાછળ
નથી પળોજણ પંડ-ફંડની.... ને તોયે ?
અને ત્યારે મારે કહેવું હોય છે કે : હા ! હા ! હા ! હા !
હફ્ફ સફાળી આકળવિકળ
અંદરખાને અદક પાંસળી
સૂંઘે સૂણે જુએ ખળભળે
બાહર ભીતર ઉથ્થલપાથ્થલ
લોહીપસીનો ખદ્‌ખદ્‌ જળતાં
સપનાં સડતાં ઝેર નિંગળતાં
આંસુમાં અંગારા ભળતા
પાંવ સૂજતા ઘાવ દૂઝતા
ક્યાંક ઉઝરડા ક્યાંક ચકામાં
ક્યાંક ફોડલા ફદ્‌ફદ્‌ થાતા
દુઃખ ડુંગરા વધ વધ જાતા
અને ઊગતી ઇચ્છા : હડહડ ભડભડ ઊભી થાતી ઇચ્છા.... પાછી કેમ ?
ઇચ્છા : આંધી વાવાઝોડું - ઇચ્છા : ઘમ્મરઘમ્મ વલોણું
ઇચ્છા : અંદરની અકળામણ - ઇચ્છા : બળકટ કલમ ઉછામણ
ને તમે પૂછો છો.... કેમ લખે છે ?
છતાં પૂછો છો.... કેમ લડે છે ?





એક જ ઉત્તર : પીડ પરાઇ, પીડ પરાઇ, પીડ પરાઇ.
પણ કવિ ! પૂછી જોજો પંડને :
ભલભલા બાપના ખળભળતા કૂવાયે ખાલી થતા જોયા-જાણ્યા છે
ત્યાં આ જો પારકી પરબ ને વાયરોય વહી જાય એવી વાવ હોય તો ?
માંહ્યલો તરબોળ હોય ત્યાં સુધી તરણાં ઓથે ડુંગર;
નહિ તો નક્કી જાણજો કે અંતકાળે અવાવરૂ કલમ છાતીએ ના હુલાવવી પડે !

'97

## ૨. કવિનું કામ

આ દિવાને - ખાસમાં શું આમ છે ?
છે - કવિ છે એક; ને બદનામ છે !

પીઠ પાછળ ઘાવ લૈને હું ફરું
કોક દાઝે ત્યાં ને અહીંયા ડા'મ છે !

આંખ સળગે, આંખ ટપકે કોઈની
છે - હજી શબ્દોમાં થોડી હામ છે !

એ તરફ અંધારડૂબ્યું છે નગર ;
ત્યાં રવિ નહિ જાય; મારું ધામ છે.

ચલ કબીરા; સોય થૈ સીવી લિયેં;
એટલું બસ, એક કવિનું કામ છે !

મે, '96





## ૩. રોટલી, ઘઉં, કવિતા ને હું

ધ. ધૂ. પ. પૂ. પંડિતજી !
આમ તો હજ્જારો વરસથી રેડતા રહ્યા છો
અમારા કાનમાં તમારી શાસ્ત્રવાણી :
"અનુભૂતિનું રસાયણ થવા દો...
પછી કવિતા રચજો"....

પણ આ ઠાગાઠૈયા કરતાં કરતાં
ને ચાંચૂડી સોને મઢાવતાં મઢાવતાંયે
મને આવે છે વાસ ....
રોટલી ખાતાં ખાતાં;
ધરારને ધક્કે.... આવે જ છે વાસ - ઘઉંની !
અને ખારાપાટમાં ટપકેલો પરસેવો, આંસુ અને
લોહીથી ખારો ઝેર બની ગયેલો કોળિયો,
મારા કંઠમાં બાઝી જાય છે ડચૂરો બનીને.

રોટલીની કિનાર તોડતાં જ, ઝણઝણી ઊઠે છે
કંઈ કેટલીયે જંજીરો....
સબોસબ્ વિંઝાય છે કોરડા
ને સોંસરા ઊતરી જાય છે મારી અંદર
અનેકાનેક આર્તનાદો
સદીઓના પડ ભેદીને !
છાતીફાટ ચિરાડો પડી જાય છે
મારી થાળીમાં
ને સાથોસાથ મારી આંગળીઓમાંય તે ....

અને આ બધુંય પેલી.... આપણી અંદર.... ઠે....ઠ
અંદર ઊતરી ગયેલી ને પલાંઠીવાળીને એ....યને બિરાજમાન બનેલી
બદબૂદાર બામણિયા બાદબાકીઓને પ્રતાપેસ્તો !
અને આ વિરાસત કંઈ
મારી એકલીની ઓછી છે ?-

આ જુઓને
આ રોટલી બની ચૂકેલા પેલા ઘઉં
સતત સાથે ને સાથે
પિસાતા રહેવા છતાંયે
એકમેકની સામે ઘૂરકતા
એકમેકને હડસેલતા
ને ક્યારેક વળી ખુન્નસભેર એકમેકને ખલ્લાસ કરતાયે
ક્યાં નથી જોયા આપણે ?

અને ત્યારે
કંઇ કેટલુંય લોહી ને કંઇ કેટલાંય
આંસુ ઓતપ્રોત થઇ જાય છે
મારા કોળિયામાં !

હવે તમે જ કહો, મારા ગન્યાંની ગુરુજી !
તમે ગોઠવી આપેલી
અલગ અલગ કસનળીઓમાં નાખીને
જાણવા બેસું આ ઉકળતા લાવાને તો ?
તો તો બધુંય
થઇ ન જાય સાવ ટાઢું બોળ ?!

ને મારે તો જોઇએ છે
ધધકતો શબ્દ :
જે સઘળું ઓગાળીને એકાકાર કરે
એવો શબ્દ :
સર્વકાળ.... સદાકાળ.

ગુરુજી ! તમારી પાસે છે આનો જવાબ.... તત્કાળ ?!

મે, '95

*રચના સંદર્ભ : મારી સર્જન પ્રક્રિયાની શરૂઆતના ગાળામાં, મારા કવિગુરુએ કવિતા અને સર્જન પ્રક્રિયા અંગે કેટલાક માપદંડો આપેલા. નવી રીતે, જુદી રીતે સર્જનને પ્રતિબદ્ધ થયા પછી એ માપદંડો સામે કેટલાક પ્રશ્નો અને પડકારોરૂપે આ રચના.*





## ૪. નથી લખવી કવિતા મારે ફૂલોની

એ લોકો કહે છે કે
ફૂલોથી બદલાય છે મોસમ....
અને એ લોકો
લખતા રહે છે બદલાતી મોસમનાં ફૂલોની કવિતા.

ફૂલો
જે ખીલી તો જાય છે કુદરતના ક્રમે
પણ કહી નથી શકતાં કંઇયે
જ્યારે એમને કોઇ ચૂંટે-તોડે-ચોળે-મસળે
રોળી નાખે, ટોળી નાખે, ખેદાનમેદાન કરી નાખે.... તે છતાં !

દોરી જાય છે કોઇક બીજું જ, આ ફૂલોને
અત્તરનાં પૂમડાંથી માંડીને ફૂલદાન સુધી;
ગજરાથી માંડીને સ્મશાન સુધી;
અથવા તો પછી પથ્થરનાં બનેલાં
મૂઢ-મીંઢાં મંદિરો-મસ્જિદો-દેવળો સુધી.

ફૂલો
છો ને હોય સુરંગી કે સુગંધી : શો ફરક પડે છે ?
જેને સ્વ-ભાન નથી
એને સ્વરૂપવાન શીદને કહેવું ?

ના.
નથી લખવી મારે કવિતા ફૂલોની.
મારે તો લખવી છે કથા
કુદરતનાં એવાં સંતાનોની
જે શોષાય-પિસાય-કચડાય તો
બુલંદ કરી શકે પોતાનો પોકાર.

આંખ ઉઠાવીને
આતતાયીઓની આંખમાં મિલાવીને આંખ :
ખેરવી શકે ધગધગતા અંગાર.
ઉઠાવી શકે જે પોતે જ પોતાની જિન્દગીનો બોજ
ને વખત આવ્યે હથિયાર પણ.
મારે કહેવી છે વાત- મોસમ બદલનારાં માણસની
કાળા માથાનાં માનવીની વાત.
ના.
નથી લખવી કવિતા મારે ફૂલોની.

એપ્રિલ, '95





# ૫. બિરાદર હિંમતભાઇને -

હિંમતભાઇ* !
હજીયે ગૂંજે છે
તમારી કવિતાનો બળકટ ઉછાળ
આ સોરઠના સમદરતટે.
દિશાઓ પણ સાંભળે છે
સરવા કરીને કાન.
મારગની શોધમાં નીકળેલાંને ઇજન છે -
તમારા ઘેઘૂર સાદનું,
ક્રાન્તિના બુલંદ એ નાદનું.
ક્યાં ક્યાંથી આવે છે આ અવાજ ? આ સાદ ? આ નાદ ?....
મૂંગી માછલીઓનાં ભીંગડાં ઉતારતી
કેરળકન્યાઓની મૂંગી વ્યથામાંથી,
કડકડતા દોર અને કિચૂડાટતા કૂવાથંભ
ઝાલીને ઝપાઝપ ચડ-ઊતર કરતા
ખારવાઓની વજ્ર પકડમાંથી,
અડધી રાતે અંતરિયાળ જુવાળમાં તરતા
મછવા પર મીટ માંડીને બેઠેલા
માછીની આંખોમાં તબકતા
આશાભીના ઉજાસમાંથી,
દારૂડાની પિયાલીમાં બાર બાર માસના
વિજોગને ડુબાડતી ખારવણોના વલોપાતમાંથી,
ભગવી શિવધજાની ફરકતી છાયામાં
બબ્બે રૂપિયામાં બાળપણ વેચતી બાલિકાની
અણસમજુ ને લાલચભરી આંખોમાંથી,
બસસ્ટેન્ડ પર બૂટ પૉલિશ કરતા ટેણિયાની

અકાળે જ ઉધ્ધત થઇ ગયેલી સિસોટીઓમાંથી,
કેસરકેરીનાં રંગબેરંગી ખોખાં ખટારે ચડાવીને
હાંફતાં બાવડાંનો પસીનો બોળીને બજારના ખૂણે,
ખાવા બેઠેલા મૂલીમજૂરના રોટલાની સૂકી ફડશની તિખાશમાંથી,
ને પણે.... તૂટતાં જહાજોની પોલાદી પકડમાં ચેપાતા - ચીખતા
બિહારી મજૂરોના બિરહાની તાનમાંથી !
છે
મારા, અમારા ને તમારા મનપ્રદેશમાં
તૂટતાં જતાં દેવાલયો ને મહાલયોના ઘંટના
ધ્રૂજતા થરથરાટમાં પણ એનો રણકાર છે.
વિકાસના નામે વહેતી મૂકાયેલી વારતાઓ સાંભળતાં
અબૂધજનના હોંકારામાંયે એનો અણસાર છે.
અને હા
ઇતિહાસના અણસમજાયેલાં પૃષ્ઠો ઉપર
પ્રશ્નચિહ્ન બનીને વંકાઇ ગયેલા પેલા દાતરડાના
તીણા-તીખા કરકરાટમાંયે એનો પડકાર છે.
ને એટલેસ્તો બિરાદર !
મારા - તમારા ખભાથેલાને,
સાગરને
અને ક્રાન્તિને
ક્યારેય કોઇ સરહદો અડી-નડી છે !?

ફેબ્રુઆરી, '95





## ૬. સૌરઠના સમદરતટે

હિંમતભાઇ !
એ લોકોના શિલાલેખો તો ખર્‌ખર્ ખરતા રહ્યા છે
અને ખરતા જ રહેવાના છે;
પણ આપણી વાણી તો ઠેઠ તળિયેથી માંડીને
ટાપુની સપાટી સુધી પથરાતી - પરખાતી આવી છે
ને પડઘાતી જવાની છે.

એ લોકોના આદેશો ને આજ્ઞાઓ તો
યુગોના યુગો લગી,
જડબેસલાક અવસ્થામાં સડતાં રહ્યાં છે
ને મારતાં રહ્યાં છે માણસજાતને !

ને આપણાં ગીતો તો....
વમળનાં મૂળમાંથી ઊગીને
મોજાંની છાલકોનો ફરફરાટ બનીને વેરાઇ જવાનાં છે, વહેંચાઇ જવાનાં છે :
એકમેકને હળતી મળતી હથેલીઓની હૂંફમાં
અરસપરસ ફરતી ચિલમની ચિનગારીઓમાં
અને શ્રમના સૂરે ધબકતી છાતીઓના ખૂણે
જલતી - જળવાતી આપણી આગને
એ લોકો
નહિ તો ઠારી શકે, નહિ તો દાબી શકે કે નહિ તો
છાંટી શકે એમની ટાઢીબોળ, સૂગાળવી ગંગાનાં
અવગણનાજળથી !

આપણાં ગીતો તો વડવાનલ થઈને
ઘૂઘવતાં રહેશે
આ જ પાણીના પેટાળમાં
આ જ સમદરની ક્ષિતીજ ઉપર.

એપ્રિલ, ‘95

*રચના સંદર્ભ : ૧૯૮૮ની એક બપોરે, સોમનાથના પાદરમાં બિરાદર હિંમતભાઈ ખાટસૂરિયા ભટકાઈ ગયા. એકમેક સાથે હાથ મિલાવતાં અમે બંને આનંદાશ્ચર્યમાં ગરકાવ ! પૂછું તો કહે : "હમણાંનો આખાય સૌરાષ્ટ્રના દરિયાકિનારે ફરૂં છું. લોકોને મળું છું. એમની વાતો સાંભળું છું. એમનાં ગીતો, કથાઓ નોંધતો જાઉં છું. કાંક મોટું કામ ઉપાડવું છે." હિંમતભાઈ તો અધવચ્ચે જ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે - પેલું ‘મોટું કામ’ આપણને સોંપીને !*





## ૭. પાણી પંજાબ દા

પહેલો જ ઘૂંટડો
અને રોમેરોમ તરબોળાઈ જાય છે
કસુંબલ રંગમાં.
પણ.... આ હું :
જેની ગળથૂથીમાં ગળાબૂડ છું
એવી સાબરમતીથી જોજનો દૂર
હૃદયકુંજની છત્રછાયાથી છેક છેટે.... અહીં
સતત જલતી મશાલોના ઇતિહાસને અજવાળે
લાલ ઝંડાના વિશાળ - હૂંફાળા - પડછંદ બાહુપાશમાં
સળગતી મીણબત્તીઓની શાખે
પ્રતિબદ્ધ શહીદોની આ ભૂમિ ઉપર
ઊના ઊના લોહીથી ધબકતી આ ધરતી ઉપર
પગ મૂકતાંની સાથે જ, ભૂંસાતી જાય છે
કેટકેટલી સરહદો
અને વિસ્તરતા જાય છે પરિઘ !
મારી અંદર ખીલેલાં સૂરજમુખીને
મળી જાય છે પોતાનો સૂરજ
અને ખૂલ્લું ભૂરું આકાશ છવાઈ જાય છે એક નવા વિપ્લવગાનથી.
ગ્લાસ, આ પંજાબના પાણીનો
પળવાર નીચે મૂકું છું,
ઉપાડું છું

ને ફરી પાછો હોઠ સુધી પહોંચે તે પહેલાં
મારી અંદર વંટોળે ચડેલી પેલી સાબરમતી
પૂછી જ નાખે છે :
"પીએ છે તો ખરી.... પણ પચશે ખરું !?"

(1લી મે, '95, લુધિયાણા રેલ્વેસ્ટેશન)

*રચના સંદર્ભ : પંજાબના તમામ ક્રાન્તિકારી સંગઠનો અને રંગકર્મીઓ દર વર્ષે ૧લી મેની આખી રાત ક્રાન્તિગીતો, નાટકો, કવિસંમેલનના કાર્યક્રમો યોજે છે. '૯૫ની ૧લી મેના આવા સમારંભમાં પહોંચ્યાની સવારે લખેલી કવિતા.*





## ૮. મન

રોજ દૂઝે છે; ભલે ને રોજ રૂઝાતું રહે
રોજ ટેભા તૂટતા ને રોજ સંધાતું રહે

ટેવવશ હો કે પછી હો આસમાની યોજના
શબ્દનો અવતાર મનનો; તોય પછડાતું રહે

ક્યારનું ભાષા ભૂલેલું, એક પરદેશી નગર,
હાથમાં દૂરબીન તોયે રોજ ખોવાતું રહે

છેક છેલ્લા શ્વાસને પણ હોડમાં મૂક્યા પછી
કોણ છોડે આંગળી ને કોણ બંધાતું રહે ?

ચાલ, તોડી નાખીએ પાણી વડે પાણી બધાં
કાચના કપરા નગરમાં કોણ સચવાતું રહે !

'2001

## ૯. ક્યાં ગયો ?

ફાડતો, પડ ચીરતો લાવા હતો એ ક્યાં ગયો ?
ટેરવે વિસ્ફોટતો'તો એ તિખારો ક્યાં ગયો ?

પથ્થરો પાણી બન્યા ને એ પછી વાદળ થયા,
પણ લીલોછમ્ એક વરતારો હતો એ ક્યાં ગયો ?

એ જ દરિયો, એ જ મોસમ, ને છલકતી છૉળ એ,
વ્હાણની જે વાટ જોતો'તો, કિનારો ક્યાં ગયો ?

એ જ ભાષા, એ ઈબારત ને તગઝૂઝુલ એ જ છે,
પણ પસીનો થઈ ટપકતો શબ્દ ખારો ક્યાં ગયો ?

એ જ મુક્કી, એ જ પંજો, ન્હૉર પણ તો એ જ છે,
મન વચાળે ઝૂઝતો'તો એ ધખારો ક્યાં ગયો ?

'99





## ૧૦. શું વળ્યું ?

હોય આ આકાશ એનું એ જ ને
પાંખ જો પામ્યા નવી - તો શું વળ્યું ?

આ શિખર, ગુંબજ, મિનારા જીર્ણ છે
એક ધજા બદલાઈ ગઈ - તો શું વળ્યું ?

કોરડો વિંઝાય ત્યાં - ને સૉળ અહીં
એ વ્યથા જો ના કથી - તો શું વળ્યું ?

ચામડી આ સ્હેજ ઊઝરડાય ને
ધસમસે જો લોહી નહીં; તો શું વળ્યું ?

વ્હાણ જેવું ક્યાંય નાંગરતું નથી;
આંખ સપનાંની નદી... તો શું વળ્યું ?

ફેબ્રુઆરી, '97

## ૧૧. તમાશા-એ-અહલે-કરમ*

કવિ સેમિનારો, સભાઓ ભરે છે
તમાશા - એ - અહલે - કરમ દેખતે હૈ*

અદલતાં બદલતાં આ મ્હોરાંની મધ્યે
ચઢાવીને ચશમાં એ ચ્હેરો ઢુંઢે છે

ખુરશી હી ખુરશી ને કુર્નિશ હી કુર્નિશ !
કવિ કોની દુનિયાનાં સપનાં જુએ છે !

બરફના નગરમાં બળે માંહ્યલો ને
ટકી રહેવા તળિયે એ તડકો ઘસે છે

બના કર ફકીરોં કા યૂં ભેસ, અબ તો*
પછાડે છે ચિપિયો ને 'ગઝલું' લખે છે !

ડિસેમ્બર, '98

* દાતાઓનો તમાશો

*રચના સંદર્ભ : કાનૂની સમજણ અને સહાય સાથે સંકળાયેલી સ્વૈચ્છિક સંસ્થાના એક સેમિનારનો માહોલ જોઈને કવિની ભૂમિકા ઉપર ઊઠેલા સવાલો અને લાગણી કંઈક આ રીતે આવ્યાં. આમાં તારાંકિત પંક્તિઓ મિર્ઝા ગાલિબની છે. જેનાથી પ્રેરણા મળી છે.*





## ૧૨. કુંડાળાષ્ટક

કુંડાળું ભૈ કુંડાળુ
રૂડું ને વળી રૂપાળું — - કુંડાળું.

કુંડાળે વળતી ખુરસીઓ
પંખા સાથે ફરે એસીઓ
ઍર-ફેર ને ટીએડીઓ
- આવનજાવન કુંડાળું !

વચ્ચે મૂકી કુલડી મધમીઠ
કાઠાકબલા, કરે ગૉટપિટ
રમતાં બેઠાં ગિરગિટ - ગિરગિટ
- કુલડી ભૂખ્યું કુંડાળું !

'સાહેબ' તાણે શ્હેર ભણી
'ભઈજી' તાણે ગામ ભણી
થઈ બેઠેલા રણીધણી
- કુલડી : કૅર ઑફ કુંડાળું !

કુલડીનો સૌ કરે વિચાર
સભા - શિબિરો - સૅમિનાર
કુલડીમાં સઘળો છે સાર
- સમજદાર બૌ કુંડાળું !

લોકાર્પણ કુલડીનાં કરે
શાલદુશાલે શણગારે
ઝટપટ 'કુલડી-સંઘ' કરે
વધવધ જાતું કુંડાળું !

કીડી મોંઢે કણ રે નાખે
હાથી મોંઢે ભારા નાખે
કૂતરાં - બટકાં સુદ્ધાં રાખે
- ન્યાય પૂતળું કુંડાળું !

કુંડાળું વીજળિયું જંતર
કુંડાળું બજ્જરિયું તંતર
કુંડાળું સદ્ગુરુનો મંતર
- સજડબમ્બ છે કુંડાળું !

કુંડાળું તો કોઇનું નૈં
તોયે પ્હોંચે કૈંનું કૈં
નચવે સૌને તા-તા-થૈ
- અમ્મર તપજો કુંડાળું !

**ફળશ્રુતિ**

*ગાય, શિખે ને સાંભળે, કુંડાળા પુરાણ*
*યથા ભક્તિ પામે સહુ, ગોળ, ખોળ ને ખાણ*

ઑગસ્ટ, 2000





# ૧૩. બાવનની બહાર

છો ને પળિયાં પાકિયાં
વનમાં છો ને પ્રવેશ
રાચે થનગન માંહ્યલો
સદાય બાળેવેશ
આમ તો કહેવાય છે કે, ભાષા, વેશ ને કેશ તો
બદલાવ્યે બદલાય
પણ ડરતું અંદર કોક ક્હે :
'બદલ્યે' બગડી જવાય !
પણ... આપણું તો તમે જાણો જ છો ને ?...
જેવી ઊઘડી આંખ
તો મોતીભીંજ્યો ચોક
આજે વાળી ગાંઠ એ કે
કાલ ગઇ... તે ફોક !
પણ પાછુ એવુયે ખરુંસ્તો....
કે એમ નથી કે આજ લગ્ગ
કહ્યુંકથ્યું તે ફોક;
પણ આજે ઊગ્યું મન વિશે
હવે તો લખશે લોક !
પંથ ચાતર્યા, વાટ વછૂટી, ડાબે મેલી ભોમ,
છેટા મેલ્યા છાંયડા, માથે ધખતા ધોમ.

પણ એ વાતનેય તે વરસો વિત્યાં.... કે
કવિતા - કેડી સંચર્યા એકલપંથી નાર
પોંખાયાં પ્હેલાંક્તો ને પછી તગેડ્યાં બ્હાર

એકલ કલમે બહુ દીઠા જગત-તમાશા રોજ
શું કરીયેં કે જીતિયેં - ચાલી એવી ખોજ !
એકલ લડવા નીસર્યાં
તો લખ્યે શિખ્યે લાચાર
જગની સાથે ઝૂઝવા
જોય નવાં હથિયાર
હાથે એ હથિયાર લઇ
થઇ ભેરૂની સાથ
હમકદમ નીકળી પડ્યાં
જગને ભરવા બાથ.
શબ્દ લીધા'તા મ્યાનમાં
ને બખ્તર, પ્હેર્યાં ગીત
રંગ કસુંબલ નીતરે
એવી રણમોઝારી પ્રીત.
અસલ જંગમાં ઊતર્યાં તે દિ' લડતાં જોયાં લોક
જણ જણ બોલે જોરૂકાં ને વળી લખતાં દીઠાં લોક.
ટપારિયા, ટ્હૌકા દીધા, ગુણીજન થોકેથોક
મારગ ચિંધી વહી ગયા, હવે ઝળહળ આખો ચોક !
લાધ્યો'તો જે લોકથી
અડધી સદી અજવાશ,
પાછો વાળું પ્રેમથી
એ જ એક છે આશ.
ઇચ્છા નામે દેડકી
કુંવરી થઇ ફુલાય,
દેશું એને વનવટો
છો ને એ અટવાય !





જન પ્રવેશ કરવા સમે
આંખ - ફરક ને ટોક ?
હડી કાઢતું મન કહે :
રોક સકે તો રોક !
ઓ જાતું.... ઓ જાય છે.... બાવન બ્હારને દેશ
ત્રેપ્પનમે તાક્યું હવે, સઘળા બાળું વેશ !

જૂન, 2000

*રચના સંદર્ભ : બાવનમું પૂરું કરીને ત્રેપ્પનમાં વર્ષમાં પ્રવેશ કર્યો તે નિમિત્તે.*

# ૧૪. વસ્ત્રાવરણ

૧.

નખશિખ નિહાળું છું જાતને
જોઉં છું, ચકાસું છું, પેલા ચાંદુડિયાં પાડતાં ચાટલાને.
આ કપડાં.... ફાડીને ઉડી નીકળું ?
આ કપડાં - મારી માનાં, એનીયે માનાં ને એનીયે માનાં....
હજી એવાં ને એવાં, અકબંધ.
આ હું ? ના -ના-ના-ના.... આ નથી - આ નથી હું આ ખસૂસ
ઘા કરું, ફેંકી દઉં, તોડી નાખું આ પેટી, પટારા, મજૂસ.
ઉંહું : નથી ઓળખતી હું આ સ્ત્રીને.
અરે, ત્યાં બારણે; આ કોણ ટકોરા મારે છે ?
ઓ.... આ તો મારી સહિયરો.
દોડી આવી છે દયાથી, સમભાવથી, સખાવતથી
એકેકો દુપટ્ટો લઇને હાથમાં.
પણ એમની સાથે બદલવા માટે
મારી પાસે તો સિલકમાં ચિંથરુંયે નથી, સાલું !
મારો કોરો ધાકોર ચહેરો જોઇ, છળી મરીને કે પછી ઠેકડી કરતી
પાછી વળી જાય છે.... કોઇક ભોંઠી પડીને કે પછી મોંઢું ચડાવીને
પુરાઇ જાય છે પોતાના ઘરની જંજાળમાં
સજાવેલા સંસારમાં
કે એમના આગવા કારોબારમાં.
ને બાકીની બે પાંચ ઉડી જાય છે અધૂરા મૂકેલા
દેશી વિદેશી સભાસૅમિનારમાં.
હવે ?





મારે શું સાવ આમને આમ જ ?
સો વૉટ !
થાય છે કે વચ્ચે વચ્ચે
થરૉ ચેકઅપ માટે ઉતારી દેવાં જોઇએ કપડાં.
અને એવે ટાણે તો દિશાઓ નામની ભ્રમણાઓનું અંબર પણ ના ખપે.
ના જોઇએ કોઇ જડબેસલાક્ બખ્તર.
ડરતી નથી મારી અનાવૃત્ત અવસ્થાથી ક્યારેય
છતાંય જોઇએ છે તો જરૂર
મારું પોતાનું નવું નકોર વસ્ત્ર.
પ્રિય !
સાંભળો છો ?
ક્યાં છો ?
ક્યાં છે પેલું.... આપણે સાથે વણેલું :
વાણો મારો ને તાણો તમારો.
સપનું ને સચ્ચાઇ.... યુદ્ધ અને શાંતિ
સુખ ને દુઃખ.... ક્લાન્તિ અને ક્રાન્તિ
પીડા ને પ્રસન્નતા.... ભય અને ભૂખ
દિવસ ને રાત....
ઢળતી સાંજ અને ઊગતા પ્રભાતની
આછી આછી રતુંબલ ઝાંયમાં ઝબકોળેલું
મક્કમ કિનખાબી પોત.... ક્યાં છે ? ક્યાં ગયું ?
આવો છો ને ઓઢાડવા મને
તમારા પોતાના હાથે....
ક્યારે.... ?
પ્રિય, ક્યાં છો ?

29 સપ્ટેમ્બર, 2001

## ૧૫. લહર - પંજાબ દી

ભળભાંખળું
આછા ગુલાબી ઉજાસમાં
નજર પહોંચે ત્યાં સુધી
સોનેરી-બદામી રંગનો સમુદ્ર
સળવળે છે હળવે.... હળવે.... પવનમાં.

દોસ્ત !
આ ઠંડી વેઠાશે આપણાથી ?
હૂંફ આપે એવાં તાપણાં ઉપર તો રાખ વળી ગઇ છે.
વરસોવરસ વેડાતી ફસલોની સાથે જ વાઢી નંખાયાં છે પેલા
ધબકતાં ધધખતાં નામ-ઠામ.

જો-જો...
પેલા સોનેરી બદામી સમુદ્ર વચ્ચે
કાળું ભઠ્ઠ શું તરી રહ્યું છે ?...
ખડક છે કે પછી કણસલાં ઝંઝોડાઇ ગયાં પછી
સાંય સાંય કરતાં ખાલીખમ ખોખાં ?...

સોનેરી-બદામી ઝાંયની વચ્ચે આ કથ્થઇ-કિરમજી ઓઘરાળા શાના ?
શાના ઊતરે છે આ રેલા - રગડા ?
ખત્તમ થઇ ગયાં છે ખેતરોનાં ખેતર.
આખેઆખાં ભેળાઇ ગયાં છે : તમે ન જોયાં ? નથી દેખાતા તમને, પેલી
ઘરની ગાયોનાં વાગોળતાં મોંમાંથી ફૂટતા લોહીઝાણ પરપોટા ?
વાડે વાડે ભભૂકતી ઢગલીઓ લીલી છમ રાખની
ગંધ નથી અકળાવતી તમને ?
કાળા લાલ આંસુ લૂછવા ઊઠેલા હાથનાં કપાયેલાં કાંડાં ઉપર
કોનાં આંગળાંની છાપ છે.... ઉકેલાય છે ?





ગજબનું ભેળસેળ થઇ ગયું છે બધું : કોમા ગાટા મારુ
ઇન્કિલાબ ઝિન્દાબાદ
રંગ દે બસંતી ચોલા
સબસે ખતરનાક...

સબસે ખતરનાક હોતા હૈ... મશાલાં બાળકે ચલણાં.
બાકી હૈ રાત... રાત બાકી હૈ... સબસે ખતરનાક.
આંકડા, વર્ષો, તારીખો, બુલેટનો વ્યાસ, ૩૦૩નો પરિઘ, રેન્જ, બાજ,
સમળી, ગીદ્ધ, આમતેમ ઊડતા તાજા ગોશ્તના ટુકડા, દુપટ્ટાનાં ચીંથરાં,
પગડીના લીરા.... સબસે ખતરનાક હોતા હૈ....

અને એ પછીના દિવસોમાં.... દાઢી.... પગડી... ખતરનાક !
ને પેલી તરફ કાળા પટકા.... કાળી પગડી.... કાળા દુપટ્ટા...
કાળી બુકાની.... કાળા પડછાયા લપાતા - સંતાતા....
કાળા ભઠ્ઠ ઠૂંડાં.... રાડાં... ઠૂંઠાં.... કણસલાં....ખાલી ખાખ
સબસે ખતરનાક.

અને ગામ-ખેતર-ઘર તરફ ધસી આવતાં ખાખી વર્દીધારી ધાડાં.... ધાંયધાંય...
કથ્થઇ-કિરમજી રેલા-રગડા.... ગમાણ, કોઠાર, ચુલ્હા-ચૌકા ને છત-બારાદરી...
ધાંય... ધાંય... સબસે ખતરનાક... ઘરના જ ધણખૂંટનો ઢીંકો... સબસે... ?

કશું જ... કશું જ... કેમ હૂંફ આપી શકતું નથી ?
મહેબૂબની છાતી પરના વાળ...
દોસ્તોની હથેળીઓની ગર્મજોશી...
સાથે વાંચેલી પાશની કવિતા....
ગુરુશરણસિંગની ઘટ્ટ ઘેરી દાઢી....
અને લાલ સલામોનો સહિયારો ખૂણો...
કેમ કશું જ બચાવી શકતું નથી.... તને ને મને ?
બચાવી શકાતું નથી.... આપણાથી ?

કેમ ઓગળતું નથી આ અધકચરું - અધૂરું ભળભાંખળું ?
ટાઢોબોળ સમય તને - મને - આપણને સૌને ગળી ખાય, ગળચી જાય

એ પહેલાં કેમ નથી ખિલી ઊઠતાં પેલાં સૂરજમુખી ?
કે પછી.... કે પછી.... સબસે ખતરનાક હોતા હૈ
        કિસી સૂરજ કા ઈન્તઝાર કરના... યૂં હિ ?!
        કેમ ?

14 નવેમ્બર, 2000

*રચના સંદર્ભ : साझा सांस्कृतिक अभियान ની ત્રીજી બેઠકમાંથી, ચંડિગઢથી પાછાં ફરતાં. અમારી - મારી અને હિરેનની રાજકીય વિચારધારા અને સાંસ્કૃતિક સક્રિયતા સાથે પંજાબનો નાતો ઊંડો છે - ઘેરો છે. જનવાદી આંદોલનના પ્રવાહો અને તેના નેતાઓ; ક્રાન્તિ, સરકારી આતંક, ધાર્મિક આતંક, શહીદો, કવિઓ અને સામાન્ય પંજાબી નાગરિકો સાથે જે આત્મીયતા અનુભવું છું તેને, આજે ભારતમાં ને વિશ્વમાં સામ્યવાદની વાસ્તવિક પરિસ્થિતિની પડછે મૂકું છું ત્યારે - આમ કંઈક નિસાસો નંખાઈ જાય છે, સવાલો ઊભા થાય છે.*





# ૧૬. દીવનો દાનિયેલ
## દાનસિંગ
## દીનમહમ્મદ

અહીં 'કાળાં પાણી' કહેવાતા દરિયા વચ્ચે, અડીખમ ઊભેલા
દીવના કિલ્લા ફરતી દિશાઓમાં ગંધાય છે હજીયે નાગચૂડ જમાવી બેઠેલા
ભૂતકાળનો દારૂગોળો, હાંડીમાં રંધાતું છોટાનું ગોશ્ત અને વાસી બિલિપત્રની સડાંધ
અને કાનમાં પડઘાય છે ધમ્‌મ્‌મ્‌મ્‌ ધાવ જેલના ઘંટના.... કે પછી દેવળના ?
        હજીયે પડે છે પડછંદા જંજીરોના કે બાંગના ?
        આંખો તરડાય છે, ચૂવે છે.
        રૂવે છે કોઈ હજીય આ પથ્થરો પર
        ખેંચાયેલા ઊભા લીટા બનીને.
આજે એ લીટા ગણી ગણીને થાકી છું અને
જોઉં છું આ દાનિયેલને -
કિલ્લાની અંદર પુરાયેલી કેડીઓ ઉપરથી
પાંચ પાંચ સૈકાથી ખરતાં પાંદડાં વાળતો.
        રોજ સવાર પડે, પકડે છે સાવરણો
        નમાવે છે કેડ અને બોલવા માંડે છે કંઇ ને કંઇ
        વાળતો વાળતો.
        શું બોલતો હશે ?
નજીક જઇને સાંભળું છું તો કંઇક સમજાય છે અસ્ફુટ :
પાનખરને આ છેડે પહોંચ્યા પછી પણ
દાનિયેલ અવઢવમાં છે કે એણે
દાનસિંગ થઇ જવું, દીનમહમ્મદ બની જવું કે પછી રહી જવું બનીને દાનિયેલ !
        વધુ પાસે જાઓ તો
        દેખાય છે એના જર્જરિત ટેલ કોટ નીચેની જનોઇ;
        નીચે પહેરેલી, જેલજીવનની જૂની મૂડી સમી
        ચોકડાવાળી ચડ્ડી અને કપાળ સામે જુઓ તો સાફ

દેખાય છે પેલો ઘસરકો.... ઘેરો દાગ.... સંગે-દરાંનો* ?
કે પછી ઘાવ - સિપાહીની બંદૂકના કુંદાનો ?
કશું કહી શકાય નહિ એના વિશે.
મને એની તરફ આમ ટીકી ટીકીને જોતી જોઇને
કિલ્લાનો ચોકીદાર મારી પાસે આવે છે : 'બહનજી' કહીને મારું ધ્યાન ખેંચે છે,
પોતાના લમણે જમણા હાથની પહેલી આંગળી ઘુમાવીને, મને એનો 'અસલી' પરિચય
આપે છે.
હાથમાંનો ડંડિકો ઝૂલાવતો ચાલતો થાય છે.
જતાં જતાં, ઝૂકેલા દાનિયેલની ચોકડાવાળી ચડ્ડી પર જમાવી દે છે ઝમ્મ્મ્
અને દાનિયેલ થઇ જાય છે ટટ્ટાર :
"નામ દાનિયેલ - ગામ વિક્ટર - પૉટ મજૂર - હડતાળ - હાથબૉમ - હાથ મશાલ
- લાલ સલામ - હજી બીજા પણ છે - ત્યાં કાળાં પાણી - લાલ સલામ."
હાથમાંનો સાવરણો ઊંચો કરીને ઊભેલો દાનિયેલ - દાનસિંગ - દીનમહમ્મદ
મારી સામે એક સવાલ બનીને ઊભો છે,
અહીં, 'કાળાં પાણી' કહેવાતા દરિયા વચ્ચે;
અડીખમ ઊભેલો દીવનો કિલ્લો બનીને.

1લી ફેબ્રુઆરી, 2002

*મસ્જિદનો પત્થર, જેમાં માથું અડાડીને નમાઝ પઢવામાં આવે છે.

*રચના સંદર્ભ : પોર્ચુગિઝ ગણાયેલ દીવમાં આજકાલ હનુમાન મંદિરો વધેલાં જોઉં છું ને ભેગી મસ્જિદો પણ ઊભી થઇ ગઇ છે. આ દીવના કિલ્લાની સામે, દરિયા વચ્ચે કાળાંપાણીના કેદીઓને રાખવામાં આવતા. ભાવનગરના કર્મશીલ વડીલ માનભાઇ ભટ્ટે કહેલી બીના કે આ કેદમાં રીઢા ખૂનીઓની સાથોસાથ ભાવનગરના આંદોલનકર્તા મિલ-કામદારો અને ચાળીસી દરમિયાન વિક્ટર બંદરના મઝદૂર આંદોલનકર્તાઓ - જે સામ્યવાદીઓ હતા, 'રાજકીય અપરાધીઓ' હતા તેમને પણ રાખવામાં આવેલા.*
*સાંસ્કૃતિક પ્રવાસ દરમિયાન આવા કેદીઓને ઐતિહાસિક સ્મારકની સફાઇ કરતાં જોઉં છું. એમાંના એકની સાથે થયેલા ટુંકા અનુભવ પરથી આ રચના.*





# ૧૭. લોથલને ખોદનારા

એ મને આજ પહેલાં,
વર્ષો પહેલાં મળ્યા ત્યારે એકલા હતા.
આજે એમની સાથે એક તરુણ પણ, ટુરિસ્ટો ઊભા ઊભા
જોઇ શકે તે માટે સિમેન્ટથી છાંદી દીધેલા 'માર્કેટ યાર્ડ'ને
નાનકડી સાવરણથી સાફ કરતો, જોતરાયેલો જોયો.
બંનેના ચહેરા સરખા, સ્તબ્ધ, અશ્માવશેષ જેવા.
પહેલાં મળ્યા ત્યારે એમને મેં પૂછેલું નહિ છતાંય કોણ જાણે શા કારણે....
જાણે દંતકથા ઉપરથી માટી ખંખેરતા હોય તેમ, બહુ આત્મીયતાથી મને
કહેવા લાગી ગયેલા : 'ત્યારે તો અમને એમ કહેલું કે હાલો, ખાડા ખોદવા.
માલીપાથી હૉનું મલવાનું છે. હરખો ભાગ તમારોય તે.'
અને પછી તો કહે છે કે નાની નાની ખંપાળીઓ અને નરમ નરમ કાથીના
કૂચડાબ્રશ, પહેલાં તો ઇચ્છાપૂર્તિના આવેગથી અને પછી પેટ ભરવાની
લાલચથી ઝપાટાબંધ કામ કરતાં થઇ ગયેલાં.... સવારથી સાંજ સુધી.
'સંઝ્યાની રૂંઝ્યુંકૂંઝ્યું વર્યે અમને મજૂરી મલતી.'
હા... પ્રાગ્ઇતિહાસના પડછાયા જાળવતી, પહોળી પથરાયેલી
એ અધખુલ્લી ભીંતોની આડશમાં એમની મેલી હથેલીઓ ઉપર થોડાંક
કાગળિયાં મૂકી દેવામાં આવતાં હતાં; જેનાં ઉપર છાપેલા અક્ષરો-આંકડા
અને જાણીતા ફોટાની કિંમત વટાવીને આ લોકો 'ઘિરે વાટ્ય જોતાં બૈરાં-
સોકરાંને ખિસડીભેરાં કરી હકે.'
અને આમ એ આખું વરસ... ને પછી તો વરસોવરસ,
લંબાતા ગયા દુકાળના દહાડા અને રાહતના નામે ખોદાતા ખાડાયે...
ને કહે છે કે 'માલીપાથી નીકરેલું ઈ તો હઝ્ઝારો વરહ
પેલાંનું ભર્યુંભાદર્યું બંદર હતું બંદર.... નૉઁ હમજાંણું ? - પૉરટ - પૉરટ !'
પછી તો સોનેરી સમણાં આમ ને આમ, ખોદાતાં ગયાં
અને વધતા ગયા સફેદ વાળ - આ લોકોનાં દાઢી - માથામાં.

પણે ખિચડીભેગાં થનારાં મોઢાંય વધતાં ચાલ્યાં....
બોખાં મોં ને દુખિયા દાંતવાળાં.... તો કે' ગણ્યાં ગણાય નઈ!
ક્યાંક માંડવા રોપાયા તો ક્યાંક દીકરાવહુ પોંખાયાં
ક્યાંક પોતરા - પોતરીનાં ઘોડિયાં બંધાયાં
તો ક્યાંક વતનનાં ખોરડાંનાં બાયણાં માથે ઝાંખરાં દેવાયાં.
પણ પણે.... ખોદેલાં હતાં એય પૉરટનાં સોનટીંબા ખોદાતા રહ્યા
- વરસોવરસ.
દાદાએ કહ્યું કે એમણે ખોદી ખોદીને કાઢવા પડતા'તાં ઘર :
કેમ કે એમણે આવતાં ચોમાસાની આશામાં સંચારી રાખવાનાં હતાં નળિયાં.
એમણે જાળવી જાળવીને ભોંયમાંથી કાઢી કાઢીને
ઉપર મેલવાનાં હતાં કૂંજા-કોઠીનાં ઠીકરાં :
કેમ કે એમણે ભરવાનો બાકી હતો પાણીવેરો, પંચાયતમાં.
એમણે માટીમાંથી મળતા ધોળા-પીળા-કેસરિયા પા'ણા
જાળવીને જુદા રાખવાના હતા.... 'કેય્ છ્ કે એ તો મારાના
મણિક્યા હતા....'
કેમ કે એમણે મામેરાં કરવાનાં હતાં ભાણા-ભાણ્યકીઓનાં.
'સાંજ્ય પડે, આજની તારીખમાંયે
ભાંભરાં પાણીનું ચાંગરું ભરી માંડ મૂઢું ધોવા જતાં'
ત્યારે પેલા જાહેર સ્નાનાગારનો હોજ
'આંખ્ય હેઠે સેલારા લેતો દેખાતો.'
'ને તે દિ' કેવું થ્યું તું.... ઇયાદ સે ?!
ઓલ્યાં પાંસ હજાર વરહ ઝૂનાં ગટર્ય-મોરી પરની માટી ખહેડતાં
આપડો ધનો કેવોક ત્યડાઇ ગ્યો' તો ?! ને ઉગામી બેઠેલો ખંપારી
ઓલ્યા વણદિઠેલા ને વણદેખીતા હામે ?-'
કોણ હતો સામે ? કદાચ પેલો .... કાળપુરુષ ? પેલો વેદપુરુષ ?
જેના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, જંઘામાંથી વૈશ્યો અને પગમાંથી પેદા
થયેલા આ.... આ.... ધનો, માધો, માવજી, ઓસમાન, પિરિયો અને આ....





દાદાના દીકરાના, દીકરાનો દીકરો.... દીપક ?
ત્યારની ઘડી ને આજનો દહાડો, સોનાના ટીંબા પરથી માટી
તો ખસતી જ જાય છે પણ દાદાની આંખનો મોતિયો અને દીપકની મૂછનો
મોંવાળો.... કોણ ખેસવશે ભૂખરા પડછાયા એના પરથી ?
મારે સવાલ તો પૂછવો છે પણ એ ચૂપ છે, બંને : દાદા અને દીપક પણ.

'99 થી 2002

## ૧૮. બળ

હા, અમે એવા સમયનું બળ છીએ
રેત-શીશી બ્હારની કો' પળ છીએ

ઘર, ગજારો, આંગણાં કૉળી ઊઠે
બાથ લથબથ ભીડતાં વાદળ છીએ

ડુંગરા થરથર થશે ને કાંપશે
સામટું સમથળ કરે એ હળ છીએ

છોને અજગર ભીંસતો ગ્રસવા ધસે
આપણે તો લાલ-કીડી-દળ છીએ

આ નથી ખળખળ થતું - ભડભડ જલે
જળ કરે જિવતું એ વડવાનળ છીએ

કો'ક મોસમ આવશે ને મ્હોરશું
ડાળ પર વળગેલ છો કાગળ છીએ.*

મે, 1999

*75માં લખેલી મારી એક ગઝલનો શેર - જેની જમીન ઉપર આ નવી ગઝલ લખી.





## ૧૯. હું... છું

ચલમ હોલવાતી છું, તણખો ઝરું છું
જીવ્યા-મર્યાના જુહારો કરું છું

મને રોજ પૂછું છું : પ્રસ્તુત છું હું ?
છતાં ગર્ભજળમાં હું શાને તરું છું !

મને ઘેરી બેઠું છે અંધારું તસ્ તસ્
પર્વત છું, વિજળીથી આમે ડરું છું

શબ્દો, ખયાલો, શસ્ત્રો ને સત્તા
અહીં એક પછી એક મોતે મરું છું

શરમ છે, સતત છે કે સમથળ નથી કંઇ,
અને લાવા રસ છું, છતાં હું ઠરું છું !

1-12-02

# વિભાગ : ૨

# આસમાની - સુલતાની





## ૧. વાવાઝોડું

મોતની છાલક ઉઠી કૈં એ રીતે, એક દરિયો રણ બનીને રહી ગયો !
કારહો એનો ન'તો ને તે છતાં, એક દરિયો રણ બનીને રહી ગયો !

અહીં નમક, ને તહીં નમક, ઉપ્પર નમક, નીચે નમક :
રક્ત ભરચક પોઠ તળિયે જઈ ડૂબી... તે એક દરિયો રણ બનીને રહી ગયો !

ભૂખ ખાતાં માણસોનો આ મલક; છે દિશાઓમાં પસીનાની મહક
મરજિવા એવા ડૂબ્યા કાંઠા ઉપર ... કે એક દરિયો રણ બનીને રહી ગયો !

સાયરન ચૂપ, સિગ્નલો ઊંઘી ગયાં ; વાવટા તાતી ફરજ ચૂકી ગયા ;
લાશ પૂછે લાશને, 'આ શું થયું ?.. એક દરિયો રણ બનીને રહી ગયો ?'

ખાક પણ ના હાથ લાગી કોઈની; ને મળ્યું ના કોઈને અહિંયા કફન
ગિધ્ધ થૈને ત્રાટક્યો વંટોળિયો... એક દરિયો રણ બનીને રહી ગયો !

દાનમાં દઈને દયા : છટકી ગયા ! ઝૂંટવી કંઈ પેટથી કટકી... ગયા !
ભેજભીનાં કંઈ વચન બટકી ગયાં... ને એક દરિયો રણ બનીને રહી ગયો !

ખેંચતું નસ, કાઢતું કસ, ચૂસતું; અધમૂઆં કરતું, નિચોવી ફેંકતું :
યંત્ર માણસખાઉં ઠલવાતું રહ્યું, ને એક દરિયો રણ બનીને રહી ગયો !

આસમાની આ નથી આફત ફકત; ચાલ સુલતાની અને મેલી રમત;
જળકપટ એવાં કે ચપટી વારમાં... એક દરિયો રણ બનીને રહી ગયો.

જૂન '98

*રચના સંદર્ભ : કંડલા પર ફૂંકાયેલા વિનાશક વાવાઝોડાની પ્રતિક્રિયારૂપે*

## ૨. પાણી

દરિયા ધરતી માથે ધસતા
જળ પૂગ્યાં પાતાળ -
બાઇ ! મૂરખ ! તું ખણે - ખોતરે
પાણી નામે ગાળ !
બાઇ, આપણે માગ્યું પાણી
ને એ લોકોએ કીધું કે, લો - ધંન તમારી વાણી !
બોલો !
બારે વરસે બાવો બોલે
વરસે વરસે છાપાં બોલે
ચંદ્રક ચમકે : તંત્રી બોલે
ચૂંટણી ગરજે : મંત્રી બોલે
છબી પડાવી છટકી જાતી છમિયાં દેખી ?
દાઢ ખોતરી ગીધડાંટોળી અહીંયાં દેખી, તહીંયાં દેખી
માણસજાતની હકડેઠઠ જો લાશ બનાવી
ઠોલી ખાવા, ફોલી ખાવા, જાતાં તાણી તાણી રે....
તું છો ને માગે પાણી - એ લોકો તો એ જ ઓચરે :
ધંન તમારી વાણી !
ખોદો !
ખોદો ખોદો રસ્તા ખોદો
ખાડા ખોદો, તળાવ ખોદો
પાણી નહીં તો પેટિયું મળશે
દેગડો નહીં તો દનિયું મળશે
મળશે મળશે વચનોનો વરસાદ ચારે પાસથી મળશે
ટેન્કર દોડે, ટ્રેનો દોડે, વેગનનાં વેગન જો - દોડે
ફોડ ભલેને માથું બાઇ ! આ ડોલ તો તારી કાણી રે !





તું ભલે બરાડે - પાણી
એ લોકો તો અરસપરસમાં આંખ મારતા
કહેવાના કે - ધંન તમારી વાણી !
ફૂટે !
વીરડા ખોદો, ટશિયા ફૂટે
તળિયે લોહીફુવારા ફૂટે
કૂવા-તળાવો-નદીઓ ફૂટે
મારાં-તારાં-આપણાં બઇ, જો બારેબાર અહીં વ્હાણ જ બૂડે
તોયે તે ના નવાણ ફૂટે !
ટીપું ટીપું ટળવળતી આ બોખ તો ના સંધાણી રે
કહે, ક્યારે મળશે પાણી; કેમ આપણે સાંભળી લૈયે :
ધંન તમારી વાણી !
ખૂટે !
ખૂટે ખૂટે માસ, વરસ ને એમ ને એમ આ આયખું ખૂટે
ઝપટ મારતાં ઝાંઝવાં વચ્ચે નાભિની કસ્તૂરી ખૂટે
કહેને - કહેને આપણે નામે વધતાં વલખાં ક્યારે ખૂટે ?
'બાઇ બાઇ ચાયણી' રમતાં રમતાં
હાડ થાકે, હૈડું થાકે ! કોના પાપે ? કોના વાંકે ?
કોને માથે અગલું નાચે, બગલું નાચે
લેજે અટલુંક જાણી રે !
ને તોય તું માગે પાણી ?
ને તોય જો એ લોકો કહે ભૂંડી ! ધંન તમારી વાણી....તો ?
માસમાણી આ ગાળ ભાંગવી હોય તો
ચાલ, આપણે મરજીવા થઇ, સુક્કા કાંઠે
ઘૂંટીભેર - ઘૂંટણભેર -ગળાબૂડ ને માથાબૂડ થઇ
માથે બેઠા, બરછટ બુઠ્ઠું બડબડતા એ માંધાતાની
ટૂંપીએ જુઠ્ઠી વાણી રે !
તો, તો, તો ને તો જ અટકશે આખ્ખી રામકહાણી રે !
પાણી !

## ૩. કાઠિયાવાડ - ૨૦૦૧

ભગવાન ભૂલો પડે તો એનેયે શું ધરે
ખખડે છે હાંડલાં ને માટલાંયે કરગરે

શ્હેરવટું આપ્યું છે આખ્ખા મલકને અમે
દરિયો ને ડુંગરા ને જંગલ શું પ્હેરો ભરે

ઘર તો પાધર થયાં ને ભીંતો થઈ પીપળા
ખાલી ખેતરમાં હવે ચાડિયાયે શું ચરે

કાંકરીચાળેય હવે કોઈએ ખિજાય નહીં
સીમાડા સૂંઘતાં આ કૂતરાંય ચૂપ્પ મરે

કાલે જોશે તો સૂરજ શું જોશે આંધળો
ધબ્બ કાળા પાળિયાઓ બહુ ડરે ને થરથરે

હાંઉ કરો હોંસની ને હામ ધરો, હૈયાજી
અસ્સલ લડાઈ સૂણો : સાદ કરે, સાદ કરે

કાલે હતી તે ગઈ; વાતભેટ છોડીને
સામનો કરો તો વીરા ! લીલું ઝરે, આંખ ઠરે

જાન્યુઆરી, 2001





## ૪. ધરતીની વાત

નથી કરવી વાત
આજે ભૂખની.
ભૂખ આપણને મારી નથી શકતી હવે.
ટેવાઈ ગયાં છીએ ત્રેપ્પન ત્રેપ્પન વરસથી
કહોને, યુગ યુગાન્તરથી
સદી ગઈ છે ભૂખ આપણને ભરપટ્ટે !
ત્યાં આ ખાઉધરી તિરાડોનો શો વાંક ?!
નથી કરવી વાત
આજે ભયની.
કંપતી નથી હવે માણસજાત અભાવના ભયથી.
લંબાતા રહે છે કરોડોકરોડ હાથ
લેતાં ને દેતાં દયા ને દાન : પ્લેગમાં - પૂરમાં - રમખાણોમાં -
દુષ્કાળોમાં ! વરસોવરસ.
રાહતની ચુટકી
ગોઠવીને ગલોફાંમાં
ઘેનમાં ડૂબવાનું ને ડૂબાડવાનું પડી ગયું છે કોઠે; વરસોવરસ.
આવે વખતે પેલાં છળી મરેલાં આત્મઘાતીઓનો શો ગુનો ?!
નથી કરવી વાત
આજે ભ્રષ્ટાચારની.
એના પગ તો ચાદરો ફાડતાફ્ને
ક્યાંના ક્યાં પહોંચ્યા છે !
ખોરડાં છોડ્યાં, ખેતરો વળોટ્યાં, ખાણો કુદાવી
જંગલો ને ડુંગરોને ધમરોળતા, કારખાનાં ને બંદરો સોંસરા
એ તો સાતેય ખંડ સર કરવા દોડ્યા છે.
ત્યાં આ હાંફતાં મકાનોની તે શી વિસાત ?!

એટલેસ્તો કહું છું : આવો !
આજે તો કરવી છે ધરતીની વાત.
ધરતીએ કવિને કાનમાં કહેલી એ વાત.
કવિ તો ધરતીની સાવ લગોલગ. કવિના કાન ધરતી સરસા
કવિની આંખોમાં ધરતી નહાય એટલાં આંસુ
કવિની નસોમાં ધરતી આખીનું ધગધગતું લોહી
કવિ સળગે છે ને સાંભળે છે
ધરતીનો એક એક ઉદ્‌ગાર :
પોતાના ઉદ્‌ગારે ઉદ્‌ગારે કવિને ધણધણાવતી પૂછે છે ધરતી :
"કહો કહો કવિ !
ક્યારે વળશે મુઠ્ઠી ?
ક્યારે ઉગામશે મુક્કી ?
લાચારીમાં ફેલાયેલી આ હજારો હજાર હથેલીઓ ?
આ હથેલીઓ : જેણે સરજી છે આ સૃષ્ટિ
જેણે સજાવી છે સઘળી સમૃદ્ધિ
શ્રમ અને સૌંદર્યના સ્પર્શથી મ્હેંકતી હથેલીઓ
ક્યારે માંગશે પોતાનાં સપનાંનાં ખંડેરોનો હિસાબ?
ક્યારે ?"
ને ત્યાં જ ફરી ખળભળતાં પાતાળ
વળી પાછી ઊઠતી વરાળ.... અને ત્યાં જ
તૂટીને તડાફ્ફ્ ખુલ્લી પડી જાય છે કેટલીયે બાંધી મુઠ્ઠીઓ
ફૂટીને ફટ્ટાક્ ઉઘાડા પડી જાય છે કેટલાય શકમંદ શખ્સો
સટ્ટાક્ સરકતી જાય છે સાંઠગાંઠો
ને ધરતીના દાંતની ભીંસમાંથી ઊઠે છે શેષ-ફુત્કાર : "કવિ ! કવિ !
ઇતિહાસ છે સાક્ષી : થતી ને થનાર છે
ભલભલી ઉથ્થલપાથલો આમૂલ
નકામું હોય તેનું નીકળશે નિકંદન નિર્મૂળ





હચમચતું જ આવ્યું છે
તૂટતું જ રહ્યું છે
જે કંઇ છે જુઠ્ઠું - ખોટ્ટું - ખરાબ....
ને તમે ? કોની જુઓ છો - શાની જુઓ છો વાટ ?
અલબત્ત,
જુઠ્ઠા સાથે સાચાનેય ને ખોટ્ટા સાથે ખરાનેય ખમવું પડ્યું છે - ક્યારેક
હોય... એ તો એમ પણ હોય.... ને છતાંય પંડનાં પડ ને પ્હાણા પથરાય
કોઇક પળે ઝંખે છે પરિવર્તન.... પણ તમે ?....
તમે તો માણસ.... ધરતીના.... ધરતીમાંથી જન્મેલા.... ધરતી માટે જન્મેલા માણસ.
તમે કેમ ન હચમચાવી શકો
આ સઘળું : જે કાંઇ જૂઠ્ઠું - ખોટ્ટું - ખરાબ - ખતરનાક.... તમે ?...."
હા.... ધરતી માગે છે જવાબ..... આપણી પાસે
આપણે
માટીમાં મળી ગયા પછીયે જીવતાં-જાગતાં જણ
શેની જોઇએ છીએ વાટ ? શાની ? શા માટે ?

ફેબ્રુઆરી, 2001

*રચના સંદર્ભ : ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપનો પહેલો પ્રતિભાવ.*

# ૫. ભૂકંપ ૨૦૦૧

## ગર્દાબાદ* : અમદાવાદ

ગર્દ અબ આબાદ ગર્દાબાદમાં
લાખ સપનાં - રાખ સપનાં હાથમાં

જે હતાં ઊંચે તે ભોંભેગાં થયાં
ભોંય પરનાં તે ધસ્યાં પાતાળમાં

કોણ મૂકે અહીં ભરોસો ને જીવે ?
ભીંત જેવું ક્યાં રહ્યું આ શહેરમાં ?

ઘર ગણીને આપણાં માન્યાં હતાં
એ જૂઠાણાં ભૂસ્સ કડડડ રેતમાં

આ નગરનો તાર કંઈ તૂટી ગયો
સાવ આડેધડ વધ્યા-ના તૉરમાં.

માર્ચ, 2001

*ગર્દાબાદ - ગર્દ = ધૂળ - ધૂળિયું શહેર
જહાંગીરે અમદાવાદને પહેલી વાર જોઇને આપેલું નામ.





# ૬. આફ્ટર શોક્સ

એક ખપ્પર, એક ખુરશી ને ખજાનો દાઢમાં
હાથ - મોજાંની રમત ને લોક મેલ્યાં દાવમાં

રેત ઉપ્પર વૃક્ષ ચણનારાની કરજો વાહ વા'
ખેરવ્યાં પળવારમાં પંખી ને ઓર્યાં જાળમાં

ચાર ચંડાળો મળે ને ચોકડી ભરતા રહે
શૂન્ય જે બાકી, તે દઈ દે લોકના બે હાથમાં

પગ નીચેથી ખેસવીને 'એ' ધરા, સરકી ગયા
લોક અંતરિયાળ, હચમચ ધ્રૂજતા વેરાનમાં

ઘર હતાં, તે તો ગયાં ને ઘાટ તો અહીં ક્યાં હતા ?
તોય ધોબી કૂતરા-શું લોક ભટકે વાટમાં

રાચતા 'એ' રંગ બદલી, મ્હાલતા મદભર થઈ
ક્યાં ગયા કાચિંડા ?... પકડી પૂંછ, લેજો લાગમાં

માર્ચ, 2001

## ૭. પુનર્વાસ

ગામ બનાવે, ગામ બનાવે
કાગળ ઉપ્પર કામ બનાવે

એ જ પુરાણા નકશા રાખી
મકાન, રસ્તા, ધામ બનાવે

એકબીજાની પીઠ થાબડી
પોતપોતાનું નામ બનાવે

માણસને મરતાં મેલીને
ગૉડ, ખુદા ને રામ બનાવે

માણસ ભાંગી, 'મત' એ સરજે
ફરીથી 'અજગર', 'ખામ' બનાવે.

માર્ચ, 2001





## ૮. કાયમી કે કામચલાઉ ?

રાપર, અંજાર, ભૂજ, ભચાઉ
કાયમી જોઈએ...કે કામચલાઉ ?

અંધેરી નગરી ને ઊંઘણશી રાજા
બસૂરાં વાગે એનાં તો વાજાં
મોટું મોઢું, મોટું પેટ
કાયમ કરતો ખાઉં... ખાઉં... કાયમી કે કામચલાઉ ?

મોટાં માથાં ભેગાં થાય
વાટાઘાટો, ચર્ચા થાય
નેતા કરતા ઊડા ઊડ
આવતાંવેંત કહે : જાઉં જાઉં... કાયમી કે કામચલાઉ ?

તાડપત્રી, પ્લાસ્ટીક ને પતરાં
દેશી - વિદેશી ટિનનાં છાપરાં
રોજ અવનવા કરે અખતરા
એ બ્હાને કરે પૈસા ચાંઉ... કાયમી કે કામચલાઉ ?

છ - છ મહિના વિતી ગયા
તોયે લોક રઝળતા રહ્યા
જા બિલ્લી કુત્તેકુ માર
કૂત્તા કરતા હાઉ-વાઉ... કાયમી કે કામચલાઉ ?

સરકારી વચનો સૌ ફોક
હવે અધીરું થાતું લોક
બાઈ બાઈ ચાયણી રોજનો ખેલ
હવે તો સાથી ! કરજો હાંઉ ... કાયમી કે કામચલાઉ ?

માર્ચ - 2001

# ૯. કચ્છ : ૨૦૦૧ થી ૨૦૦૨

## ૧. પુનર્વાસ

પ્લાસ્ટિક ઉપ્પર, પ્લાસ્ટિક નીચે
ચમકે ચમકે ચૉગમ ચળકે
પ્લાસ્ટિકનાં અહીં તળાવ છલકે, ઝાંઝવાં ઝળકે.
એ લોકોને મન
આ આપણાં ભૂખ - તરસ ને શમણાં.... પ્લાસ્ટિક.
દુકાન પ્લાસ્ટિક, મકાન પ્લાસ્ટિક
વચનોની સરવાણી પ્લાસ્ટિક
પ્રશ્ન પૂછો ને ધરતા પ્લાસ્ટિક
હક માગો ને સરતાં.... પ્લાસ્ટિક.
વરસ વરસથી આમ, કામચલાઉમાંથી કાયમી
થવાની રાહ જોતાં જોતાં
પ્લાસ્ટિકની છાવણીઓ તાણીને બેઠેલાં આપણામાંથી
કોઇ આ છાવણીને એકાદ તિખારોય જો ચાંપી શકે...
તો....?!

## ૨. સ્ટ્રેટેજી

આ સૂરજ
માણસ ગંધાય - માણસ ખાઉં : કરતો
ભમતો, ભટકતો ફરે છે
માત્ર નકશામાં જ રહી ગયાં છે જેનાં નામ
એવા ગામની ગલીઓમાં - રાતભર.





કાટમાળ નીચેથી ઊગી નીકળતાં, થરથરતાં
જરાતરા ધબકતાં અંગો,
આશાભરી, ધૂળભરી, રાખભરી
મીટ માંડતી નજરો....
અને હજીએ સંભળાતી ચીસો વચ્ચે
માણસજાતનું લોહી ચાખી ગયેલો.... સૃજનજૂનો એ સાવજ
લાળ ટપકાવતો, પંજા ચાટતો,
દબાતે પગલે છાપો મારતો છૂપાતો રહે છે - રાતભર.
ભેંકાર ખંડેરો વચ્ચે
ખાલીખમ સડકો ઉપર
જમીનદોસ્ત થયેલા અગણિત શ્વાસોનું પગેરું કાઢતો
એ કાયર કાંતતો રહે છે કફન આવતીકાલનું - રાતભર.
અને વળતી સવારે જ્યારે
કવિ પોતાના પુનરાવાસનો પતરાનો દરવાજો ખોલે છે
તો ખોલતાંવેંત જુએ છે કે
એ તો....
એ લોકોની ટોળકી વચ્ચે
ન જાણે શાનીય તે ચુસ્કી લેતો લેતો,
લંબાવી હાથ ને દે તાલ્લી કરતો કરતો
ન જાણે શીયે મસલત કરતો દેખાય છે - આખો દિવસ.

## ૩. દયાદાન

તિરાડો ઉપર
ટાયરોની છાપ ચંપાય છે -ચ્હેરાય છે અને
ઊડતા ગીધની કતારની કતાર કવાલિસ - ટાટા સૂમો ને ટેક્સીઓ બનીને
છવાઇ જાય છે આ ભાંગ્યાતૂટ્યા આભ નીચે.... રોજેરોજ.

નાસતાં ઘોરખોદિયાનાં છિંકોટાથી
કે કૂતરાનાં જડબાંમાંથી ટપકતા લોહીની ગંધથી પણ
નથી કાંપતી આ કતારો.
ઠેરઠેર ખદબદતી જરખની હગાર જેવાં
ઊતરેલા ગાભાના ઢગલા,
ગંધાતી સુખડીનો ભરભર ભૂક્કો,
વાસી પુરીશાકના સડેલા ડૂચાની પુષ્પક વિમાનમાંથી વૃષ્ટિ કરતી
આ કતારોને કોણ રોકશે.... કોણ લલકારશે.... ને કોણ કહેશે :
ખબરદાર ! એક તસુભર પણ આગળ વધ્યા છો
અમારી ભોંય પર.... તો !
ધસી પડીશું ધરાર, હજીયે હજારોવાર
પણ નથી જોઈતું તમારું આ દોરંગું -દોગલું
દયાદાન !

## ૪. પથ્થરોને સાચવનારા

આ ઊભા, આમ ને આમ
મૂછાળા
કડિયાળા
આંકડિયાળા
લાકડિયાળા.

પોતાના પગ નીચેની માટી
અને આસપાસ ઊડતી રેતની
વય વાંચવાનુંયે વિસરી ગયા છે.
હવે તો આ ઊભા





ચોતરફ વેરવિખેર
ભૂખ્ખા લૂખ્ખા
પથ્થરોને સાચવનારા : ભૂકંપ પહેલાં અને પછી પણ.
ત્યાં જ, તૂટેલાં ઘરના પા'ણકાને
એક ઉપર એક ગોઠવીને
બિસલેરીની ખાલી બાટલી
તાકીને નાગોળચું રમતાં છોકરાંને,
કામચલાઉ પ્લાસ્ટિકનાં ઘરનાં ટાઢાબોળ આંગણાંમાં
પોતાની જ ભાંગેલી ભીંતોના પથરાના
મંગાળા બનાવીને રોટલા ઢીબતી
ગૃહિણીઓને
અને આવતી-જતી જીપોની
ધૂળથી નજર મિલાવવા મથતા જણોનાં
ટોળાં વચ્ચેથી મારગ કરતાં કરતાં
કવિ આવીને થંભે છે.
બોખાં, ખોખાં પગથિયાંની અસંખ્ય પંક્તિઓ,
અગાધ ખાલી જળાશયોના ખપ્પરિયા ખાડા,
લાશોની ગંધથી સૉડાતાં સ્નાનાગારો
અને સરહદ-રક્ષક સૈનિકોના કાબરચિતરા ગણવેશથી
છવાયેલાં પ્રાચીન ક્રિડાંગણોના નધણિયાતા ઇતિહાસને
ખોતરતાં કવિ પૂછી નાખે છે,
પેલા કાળને જાળવનારાને : "આ ઢોરા વીરા* કોનું, વીરા ?"
અને પળ પણ આગળ સરે એ પહેલાં
જવાબ સંભળાય છે : "પ્રમોદ મહાજનનું, બેન !"

(સપ્ટેમ્બર, 2001 થી 26 મી જાન્યુઆરી 2003)

*રચના સંદર્ભ : (૧) કચ્છમાંથી પ્રાપ્ત હરપ્પન સભ્યતાના અવશેષ ધરાવતા આ સ્થળને સામાન્ય રીતે 'ધોળા વીરા' કહીએ છીએ પણ કચ્છીમાં 'ઢોરા વીરા' છે. ઢોરો એટલે ટીંબો - ટેકરો. 'વીર ટેકરો' કહી શકાય ?*

*(૨) ૨૦૦૧ જાન્યુઆરી છવ્વીસ પછી ઘણા દેશો - દાતાઓ અને નેતાઓએ કેટલાંક ગામડાં દત્તક લીધેલાં. તત્કાલીન કેન્દ્રીય મંત્રી પ્રમોદ મહાજને ઢોરા વીરા દત્તક લીધેલું.*





# ૧૦. કન્યાનો કપાયેલો હાથ

પુસ્તકો, પાટી, પેન, રમકડાં, ફુગ્ગા;
પતંગિયાં અને પારેવાંની પોઠ ભરીને પહોંચી ગયેલા
પેલા બિરાદરોના હાથમાં આવી ચડ્યો
કોઈ કન્યાનો કપાયેલો હાથ.
ખાલીખમ આકાશ અને
ભૂખીડાંસ ધરતી સામે
ફેલાઈને પડ્યો છે એ હાથ.
શું જોઈતું હશે એને ?
એની વહી ગયેલી ને વીતી ગયેલી
વયનો હિસાબ ?
વળી કેટલી વય હશે આ હાથની ?
સાત વરસ ? દસ ? કે પછી ?...યુગયુગાંતરથી
દસે દિશાઓને પડકારતો
છતાં મૂંગી છીપ જેવો....
છાનો છપનો કેટકેટલાં શમણાં ઉછેરતો - ટૂંપતો રહ્યો હશે આ હાથ ?
આમ તો અકળ, અગણિત રેખાઓ
ખોડાઈ ગઈ છે આ અક્કડ, ભૂખરી, ફિક્કી
હથેલી ઉપર.... રેખાઓ....આંટણો....ઉઝરડા...
ટશિયા...છાલાં....ઘાવ દૂઝતો અને કંઈક...
કશુંક બૂઝતો આ હાથ
આમ બુઠ્ઠો-બોબડો ઠૂંઠા જેવો...
છતાં શું શું કહેવા તાકી રહ્યો હશે આ હાથ ?
આ હાથ
અચૂક રમકડે રમ્યો હશે
પણ તેય...છોડિયોના નસીબે લખાયેલી ઢીંગલિયું ને પૂતળિયુંસ્તો !

આ હાથ
અચૂક લંબાયો હશે ને કદીક વળી છલકાયોય હશે
હાલકડોલક હોંશિલાં ચગડોળ, ચકરડીના ફરક ફરક ફંગોળમાં,
અલ્લક દલ્લક ઓઢણાં, ટમક ટમક ટીલડિયું ને ઝમ્મર ઝુમખાં, બુટ્ટી, બંગડિયુંથી.
પણ ત્યાંથી ઝરડ ઝાટકે ઝરડાઈને જોતરાઈ ગયો હશે જોતજોતામાં
જીવતરની જફાઓના જંતરડામાં.
આ હાથમાં પકડાવી દેવાયું હશે દાતરડું
ને નીંદામણ ભેગા વઢાઈ ગયા હશે
કંઈ કેટલાય ઓરતા ને અભરખા.
આ હાથે હિંચોળ્યો હશે, પખાળ્યો હશે, નવડાવ્યો હશે, ખવડાવ્યો હશે
એના ભીખમાં મળેલા ભઈલાને અને એના પછીનાં કેટલાંય ભાંડરડાંને.
આ હાથે વીણ્યાં હશે કરગઠિયાં ને ઈંધણાં,
આવળબાવળનાં પીળચટ્ટાં ફૂલ ને સાથોસાથ
કાળોતરી શૂળનેય તે.
ગળચટ્ટાં પીલુડાં ને ખટમીઠાં બોરાં ભેગાં કરતો
આ હાથ એમ જ અમસ્તો મલકી પડ્યો હશે
રાતીરાતી મખમલિયા ભગવાનની ગાયોને પંપાળતાં
પસવારતાં; પકડીને પછી છોડી દેતાં.
ઢોરવૈતરાં કરતી ને છતાંય અધૂરાં રહી ગયેલાં કામનો બબડાટ કરતી
માના ત્રીજા હાથસમો આ હાથ...
વરસોવરસ વાદળાંની વાટ જોતા બાપુની આંખે
નેજવું થઈને ઢંકાયેલો આ હાથ...
આજે એકસામટાં ધસી પડેલાં ઘરખોરડાં, છાજછાપરાં, નેવાંનળિયાં, બારી
બારસાખ, દરવાજા, ડે'લી, ઓરડા, આંગણ, પાણિયારાં ને પરસાળને પકડી રાખવા
તો નહીં લંબાયો હોય ને... કદાચ ?
શું માગતો હશે આ હાથ ?
આપણી આંખેથી ચૂતાં સાચકલાં આંસુ ?





નધણિયાતા નહિ પણ નક્કર નિસાસા ?
કે પછી કદી નહીં પકડેલી ચોપડિયુંનાં ફરફરતાં
પાનિયાંમાંથી ફોરતી સમજણ ?
અથવા તો પેલી હાડછેડનાં હજાર-હજાર પડ ભેદીને
બાથમાં સમાવી લેતી હૂંફ ?
કે પછી આ બધું જ સાગમટે સામટું સાંપડે
એવી એક સવાર... ક્રાંતિની ? કદાચ ?...

*રચના સંદર્ભ : ૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૧ આવેલા ભીષણ ભૂકંપ પછી, ભચાઉ વિસ્તારમાં કાર્યરત એવા કર્મશીલોના એક જૂથે ૨૩ મી માર્ચ, શહીદ દિને આ જ વિસ્તારમાં એક ગ્રંથાલય શરૂ કર્યું. ગ્રંથાલય માટેની જગ્યા સાફ કરતાં કરતાં એમના હાથમાં આવી ચડ્યો કોઈ કન્યાનો કપાયેલો હાથ !*

*આ કર્મશીલોના અગ્રણી બિરાદર દ્વારિકાનાથ રથે જ્યારે આ પ્રસંગ શૅર કર્યો ત્યારે આ રચનાનાં બીજ વવાયાં હતાં.*

# ૧૧. ૧૧ સપ્ટેમ્બર - ૨૦૦૧

૧.

બોલો,
શું જોઇએ તમારે ?
- બર્ગર કે બુરખો ?
- બુરખો કે બર્ગર ?
આમ એકડીબગડીએકડીબગડી કરતા'તાં
ત્યાં તો.... ૧૧મી સપ્ટેમ્બર !

હવે
આમ તો કોણ નથી જાણતું કે
બુરખો બનીને છવાયો છે
તે બોમ્બ છે
અને બર્ગરની વચ્ચે દબાયો છે
તે પણ બોમ્બ જ છે !
આ તો દીઠાનું ઝેર છે અને
ફૂટ્યાનું વેર છે, મારી બાઇ !
બાકી કહેનારે તો કહ્યું જ છે ને કે ..... નીચે રેલો આવે ત્યારે જ
તા થૈયા થૈયા ફૂ તા થૈ !

ઑક્ટોબર, 2001

૨.

તમે લોકો કઇ શાંતિની વાત કરો છો ?
પેલી ?.... જે બપોરે બદામ ચરતી'તી અને સાંજ પડ્યે
શેડકઢાં દૂધ દેતી'તી.... એ ?
એ તો એક સમીસાંજે હલાલ થઇ ગઇ ત્યારે પણ 'હે રામ' જ બોલતી'તી... ને ?





કે પછી પેલી ?.... જે કબૂતરની ચાંચમાંનું લાલ ગુલાબ થઇને
ફૂલાતી ફરતી'તી... એ ?
એય તે રાખ બનીને ગંગા-જમના-સરસ્વતીમાં ડૂબી મરતી
વખતે 'જય હિન્દ' બોલતી'તી.... તે ?
પ્લીઝ, હવે આજે મને એમ ન કહેતા કે
ટ્વીન ટાવર્સના ટ્રેડ સેન્ટરની કેન્ટીનમાં પેપર-ડીશ ને પેપર-કપનો
એંઠવાડ ઉપાડતી વખતે પણ 'એક્સ્કયૂઝ મી' ને 'થેન્ક્સ'ની લ્હાણ કરતી
શાંતિની તમે વાત કરો છો ?
એને તો ડોલરિયા દરિયામાં ડૂબી મર્યાંને દાયકાઓ વિતી ગયા !
- તો પછી ?
તમે એમ માનો છો કે પેન્ટાગૉનમાં
એને પૂરી રાખી છે ?
ને પછી વખત આવ્યે
ગોળી-ગોળી કરીને વહેંચવાના છે
એ લોકો, એને યુનોની ઇમારતના દરવાજે ઊભા ઊભા ?
ભલા'દમી !
એ તો કદી ક્યાંય હતી જ ક્યાં ?
અથવા તો પછી મને કહેવા દો કે
જો એ ક્યારેય ક્યાંય હતી
તો ક્યારનીયે ખલ્લાસ થઇ ચૂકી છે :
જે દિવસે એક ભાંડુના હાથમાંથી
બીજા ભાંડુએ રોટી છિનવી લીધી'તી .... એ દિવસથી.

11 સપ્ટેમ્બર, 2001

# ૧૨. બળાત્કાર

લોહીનાં ટીપાંએ ના રાખ્યો મલાજો કોઈનો
ને છતાંયે દબદબો સ્હેજજે ઘટ્યો ના કોઈનો

ચીસનો દરિયો ને મૂકે દોટ ટીટોડી અહીં
વાંભ ઊંચાં આંસુને પાલવ મળ્યો ના કોઈનો

જો નખેરું શોધવા જાશો તો નક્કી જાણજો
આંગળીથી નખ કદીયે વેગળો ના કોઈનો

ત્રાટક્યા ત્યારે મુખવટો સ્હેજ તરડાયો હતો
ને નીચેથી જે જડ્યો ચ્હેરો - ખરો ના કોઈનો

ત્રસ્ત પગલાં ચોકઠામાં ચોતરફ દોડી રહ્યાં
વાડમાંથી હાથ લંબાયો નથી ના, કોઈનો ?

ચીંથરા શાં ફાડવાં દુઃશાસનોના દેશમાં ?
હાથ થંભ્યો ? હાથ અટક્યો ? હાથ... ના - ના કોઈનો !

પણ કવિ ! શબ્દોના પાલવ ઢાંકવાથી શું વળે ?
આયનો તૂટ્યો - ફરી આખ્ખો થયો ના કોઈનો !

'97

*રચના સંદર્ભ : છોટા ઉદેપુર પાસે, રંગપુર આશ્રમના સંચાલક હરિવલ્લભ પરીખે પોતાની એક આદિવાસી છાત્રા ઉપર ગુજારેલ બળાત્કારના વિરોધમાં વડોદરા - અમદાવાદની મહિલા - સંસ્થાઓએ કરેલાં ધરણાં - દેખાવો નિમિત્તે આ રચના થઈ.*





# ૧૩. મહિલાઓ અને કાનૂન

## ૧. ચુકાદો

એ લોકોને કાળાને કાળું
અને ધોળાને ધોળું જ કહેતાં ફાવે છે.
આપણા આ કલર બ્લાઈન્ડ, આલિમ - ફાઝિલ મહાનુભાવો
આ ગોળ ગોળ ગુંબજોમાં
જે શબ્દો ઉછાળી રહ્યા છે
એમાંનો એકાદો શબ્દ પણ સાચાબોલો હોય તો ?!
ખેર,
આમ તો રોજેરોજ
આ ટાઢાંબોળ આરસનાં પૂતળાં
પોતાની ઊધઈખાધી, ગડીબદ્ધ ગોઠવેલી વૈખરીની સાથેસાથે
જે રીતે
તારાં-મારાં-આપણાં અંગાંગોને
બોટીબોટીને ફંગોળી રહ્યાં છે....
ને પણે પેલા ભૂખ્યાંડાંસ ખાખી કુત્તાઓ
થરથરતા - હાંફતા - ચકળવકળાતા
એ ઊડતી બોટીઓને ઝીલવા
જે રીતે ટાંપીને ત્રણ પગે થઇ રહ્યા છે
એ જોતાં તો લાગે છે કે
થોડી જ વારમાં
પેલા શબ્દો
તને, મને કે એને કે પેલીને
સહેજે સ્પર્શ્યા વિના જ
સીધે સીધા ચેપાઈ ચગદાઈને

મલ્ટીકલર ઓફસેટમાંથી ધડાધડ
નીકળી પડશે ચોરે-ચૌટે ને બજારે બજારે;
ત્યાં પાંચ પાંચ રૂપિયે વેચતા ફેરિયાઓના હાથમાંથી
પહોંચી જશે આ આખીય અપ-ડાઉનિયા દુનિયાના હાથમાં.
ને પછી તો પાંચ-પંદર-પચ્ચીસ- કે પચાસેક મિનિટમાં જ
ચટાઇ ચગળાઇ ડૂચાઇને
આપણા પ્રાણપોકારો.... આર્તનાદો.... ઉઝરડા.... ઘસરકા.... ઘાવ અને
લોહિયાળ કપડાંનાં ચીંથરાં.... કાચા ગર્ભ કે પછી રઝળતાં છોકરાં :
પળવારમાં બની જશે એ લોકોને માટે 'ટાઇમ-પાસ'.

## ૨. ફોરેન્સિક રિપોર્ટ

એ લોકો કહે છે કે
વિજ્ઞાન કદી જૂઠું ના બોલે !
કાનૂન કદી કોઇને ના છોડે !
પણ આ કંઇ માત્ર ઉતરડાયેલી ચામડી,
કે બળી ગયેલી ભમ્મરો,
કે ફોગાઇ ગયેલી હથેલીઓમાં
પકડાઇ ગયેલાં લટિયાંઝટિયાંની વાત નથી
મારા સાહેબો !
મને કહો :.... પેલી
પોતાની ઉપર ઝળૂંબતા જાનવરનો
ચહેરો જોઇને ડઘાઇ ગયેલી આંખમાંનો ફ્રાસ્કો,
એ આંખોમાં થીજી ગયેલા
સવાલને રેકર્ડ કરી શકવાના છો તમે ?
કે પછી.... સાંકડી નેળમાં ભૂલાં પડેલાં,
ઘસડાયેલાં, છોલાયેલાં,
લોહીઝાણ સપનાંનું પગેરું પકડી શકવાના છો તમે ?





કે પછી.... ઉગામતાં પહેલાં જ
અક્કડ થઇ ગયેલી
મુક્કીનાં ફિંગરપ્રિન્ટ્સ ઉકેલી શકવાના છો તમે ?
એટલેસ્તો કહું છું,
સત્ય અને તથ્યની વચ્ચે
છ વારની સાડી જેટલું જ અંતર હોય છે.
સવાલ
એ સાડીના લીરેલીરા ઉપર લખાયેલી
લિપિને વાંચી સમજવાનો હોય છે
મારા સાહેબો !

## ૩. સાક્ષીઓ

જુઓ જુઓ
પેલી બિલાડીઓ....
પંજા સૂંઘતી સૂંઘતી
ઘુર્રઘુર્ર ઘુરકતી ઘુરકતી
સામે મૂકેલી મલાઇની તાસકો કેવી ચપ્ ચપ્ ચાટે છે ?
આવે વખતે આમ
લીંબુ નિચોવીને ફાડી નાખેલા દૂધની તપેલીની નીચે
ઊંધા પાડી રાખેલા પ્રાઇમસમાં ભરી રાખેલા
કેરોસીનની ઍક્સપાયરિંગ ડેટની ગડમથલમાં
શું પડ્યા છો, મારા સાહેબો ?!
જરા યાદ કરો
યાદ ન આવે તો વાંચી આવો; સૉરી, સાંભળી આવો પેલી કેસેટમાંથી.
હાં હાં.... એ જ બાળગીત.
ને હવે બોલો જોઇએ :
કોણે કોણે પાળી છે આ બિલાડીઓને, મારા સાહેબો ?

## ૪. મુદત

હજીયે ?
કોના માટે મુદત પાડો છો મારા સાહેબો ?
પેલી ?
જે મૉર્ગમાંયે લાજ કાઢીને સૂતી છે એ લાશ માટે ?
એ બળીને ઠૂંઠો થઇ ગયેલો હાથ
આવતી કાલનું પાનું બદલવા
કૅલેન્ડર તરફ ઊઠવાનો જ ક્યાં છે ?
કે નથી પહોંચવા પામવાનો પેલી આંધળી પૂતળીની
આંખે બાંધેલા પાટા ખેંચી કાઢવા !
સમયને તો તમે સદીઓ પહેલાં શૂળીએ ચડાવી રાખ્યો છે
તો પછી આમ કોના માટે પાડતા જાઓ છો
મુદત પર મુદત પર મુદત પર મુદત પર મુદત પર મુદત ?

## ૫. ઍમેન્ડમેન્ટ

તમારા ગઢમાં
આમ અવનવી બારીઓ તો ખાસ્સી મૂકાવી દીધી, મારા સાહેબો !
બારીઓ ને વળી વીથ ઑટોમેટિક લૉક્સ.... ઑફ કોર્સ !
પણ હવે ?
એની ચાવીનું શું ?
અમે લોકો તો રોજેરોજ રટીએ છીએ
આંખો મીંચીને પેલો મંત્ર :
મસી મસી જાલ
લખુ લજા સીમ
લાલ જાલ સીમ
મજા મજા મજા
કહો : કયા કૉમ્બીનેશનથી ખરવાના છે કાંગરા તમારા કોટ કિલ્લાના ?





## ૬. મૉર્ગ

બા અદબ ! બામુલાહિઝા ! હોશિયાર !
આ રહા હૈ આખિરકાર.... આખરી બાર....
એક બચી ગયેલા માંસનો લોચો
એક ઓળખાય નહિ એવું, મુઠ્ઠી હાડકાંનું મલોખું
અથવા તો પછી ચપટીક રાખ !
જોઇએ છે.... તમે એને જે જીવતેજીવ ન આપી શક્યા તે-
જગ્યા : માત્ર સાડા પાંચ ફૂટની !

## ૭. ડાઇંગ ડૅક્લેરેશન

છેલ્લી દિવાસળી કોણે ફેંકી
એનું પિંજણ શાને માંડીને બેઠા છો, મારા સાહેબો ?
આ લાકડું તો રોજેરોજ ઘસાતું રહેતું'તું
એના જેવાં જ બીજાં કેટલાંય લાકડાંની સાથે સાથે.
અરે.... આ ઘરમાં પગ મૂક્યો ત્યારથી જ
એના હાથમાં મૂકાઇ ગયું હતું લાકડું :
ઈંધણની ભારીના રૂપે.
એના શ્વાસમાં સમાઇ ગયું'તું ચૂલાની ધૂણી બનીને.
એની પીઠ પર ચડી બેઠું'તું મીંઢા મૂઢ સૉળ બનીને.
એના પહેલાથી છેલ્લા શ્વાસ સુધી
પળેપળ ઘસાઇને એના ગળામાંની ચીસ પણ
હવે તો ઠૂંઠું બની ગઇ છે.
આ દંડકારણ્યમાં રહેતાં રહેતાં
ને અગ્નિપરીક્ષાઓ દેતાં દેતાં
એ આમેય રાખની પૂતળી તો થઇ જ ગઇ છે;
પાછું વળીને કંઇક કહેવાની

કે કંઈક કહ્યા પછી એનું પરિણામ વેઠવાની
હવે કોઈ જ તક બાકી બચી નથી
અને છતાંય મને ખબર છે, મારા સાહેબો !
તમે પણ એના મોઢે એ જ બોલાવવા
માગો છો....
એ જ.... જે ધરતીની ફાટમાં સમાતાં-સમાતાં
સીતાના મોઢે પેલા પંડિતે બોલાવડાવ્યું હતું :
ત્વમેવ ભર્તાઃ ન ચ વિપ્રયોગ ॥

## ૮. કન્ટેમ્પટ ઑફ ધી કોર્ટ

હા, અહીં જ બાળી'તી એને
અથવા તો પછી દફનાવી'તી
કે પછી કાગડા-સમડીના મોઢે નાખી દીધી'તી દેહ ઉપર દહીં ચોપડીને.
અહીં જ
મુઠ્ઠી ભરીને માટી વાળી'તી
એની કાયાની બચીખૂચી રેખાઓ ઉપર.
        આવતી કાલે
        વાદળ ઘેરાશે, વીજળી ત્રાટકશે
        અને તૂટી પડશે મોસમનો પહેલ્લો વરસાદ.
પરમ દિવસે સવારે
કવિ
બારી ખોલીને ડોકિયું કરશે બહાર
        ને જોશે કે વરાપની સાથેસાથે જ
        ઊગી નીકળ્યાં છે અંકુર લીલાંછમ.
પછી તો રોજેરોજ
તસુતસુભર વધતું જશે એ વૃક્ષ





અને કવિ કાન માંડીને સાંભળ્યાં કરશે ક્ષણેક્ષણ
        પેલી સેંકડો ડાળખીઓને
        પેલાં શતસહસ્ર પાનને
        અડીખમ થડની ખરબચડી ખાલનાં પડેપડને
        ભેદીને ધસી આવતા જુગજુના ચિત્કાર
        કવિ
        સાંભળીને સંભાળાવશે
        સાત સાગર પાર.... દસે દિશાઓમાં.... ક્ષિતિજનીયે આરપાર.
        અને ત્યારે તો
        વારંવાર ટેબલ ઉપર પછડાતી
        ને ઓર્ડર ઓર્ડર બરાડતી આ હથોડી પણ અટકી જશે પળવાર.
        ને એક દિવસ ઉંચકાશે અદ્ધર એ જ હથોડી.
        આવશે નીચે ને ઘણઘણાવશે ઘંટ
        ઝરૂખે ઝરૂખે લટકતા ઘંટ ઘનઘોર !
        પછી તો
        ખુલી જશે બારીઓ, બારણાં, કમાડ, દરવાજા, આગળા,
        ભોગળ....
        ભડોભડ.... અને
        સફાળી, આંખના પાટા સરકાવતી પેલી આરસ પૂતળી
        જોશે પહેલવહેલીવાર આ જગનો ઉજાસ
        અને પેલા વૃક્ષ ઉપર ખીલી ઉઠેલાં લાખ લાખ પલાશ.

8 માર્ચ, 1999

## ૧૪. શહીદો

હતા લોક : જેની રગેરગથી ટપક્યાં
સમર્પણનાં શમણાં --ટપ્ ટપ્ ટપ્ ટપ્
હતો એ જમાનો : હજી જેનાં પગલાં
સરે છે સ્મરણમાં - ટપ્ ટપ્ ટપ્ ટપ્

વનેવન પ્રજળતી મશાલોની રાતો
કસુંબલ પ્રભાતો, રતુંબલ શી સાંજો
મરણિયાં ક્ષણો...માથે બાંધી કફન ને
લપકતી'તી ભડભડ સળગતી હવામાં - ટપ્ ટપ્ ટપ્ ટપ્

ભલે ભેદભાવે ભરી કારતૂસો
ભલે ભાંગતી રાતે મળતો'તો જાસો
ભલે ભેરૂ ખૂટ્યા કે દિલદાર રૂઠ્યા
સતત ચાલતા આગ પર એ રહ્યા'તા - ટપ્ ટપ્ ટપ્ ટપ્

ન'તી લાલસા કે ન'તા કો અભરખા
ધરમ કે કરમની ન'તી રાખી પરવા
ન'તા દુન્યવી - તુચ્છ - નમણા દિલાસા
બની આભ ઘેઘૂર ચકચૂર વરસ્યા'તા - ટપ્ ટપ્ ટપ્ ટપ્

અજબ કૈં લડ્યા'તા, ગજબ કૈં લડ્યા'તા
સામા પ્રવાહે એ હરદમ તર્યા'તા
હતા જૂજ તોયે એ ઝાઝું ઝૂઝ્યા'તા
હતા તો પતંગા પણ શમ્મા બનીને પિગળ્યા'તા ટપ્ ટપ્ ટપ્ ટપ્

છતાંયે ભૂલાયા;
વગોવાયા બહુ એ





ગરજ આવી ત્યારે
ગવાયાય બહુ એ
પલટતા પ્રવાહે
ડૂબાડ્યા ઊભાર્યા
દીવાદાંડી થઈને
ઊભા એ અડીખમ
હજી લગ ઝબકતા, ઝળકતા, ઝબકતા, ચમકતા'તા ટપ્ ટપ્ ટપ્ ટપ્ !

23 માર્ચ, 1998

*(શહીદ ભગતસિંહ, કવિ પાશ અને અન્ય શહીદોની યાદમાં.)*

## ૧૫. દલિત દૂહા

રજકણ આંસુભીજવ્યાં, (એને) ધરબો ધરતી માંહ્ય
કાલ ઊઠીને કૉળશે, મોતીમૂલી છાંય

કચડોલાં પાન એ, મેંદી જેવું કામ
રંગ કસુંબલ નીપજે, ઝરડાયેલાં ચામ

ગામ ગામની શેલડી, પ્યાલો એક ભરાય*
કોઈ જુએ - જાણે નહીં, સાંઠો કેમ પિલાય

ભાણાં ભેગાં ખડખડે ને પ્યાલા આઘા ધાય
વાર-પરબનું વૅર આ, શુ કરીએ તો જાય ?

થૂંક, ફૂંક ને વાયરો, ઉડતાં વાગી જાય
તડકે ઊભાં ઝાડવાં, આધું આઘું ન્હાય

તરડાયેલાં આભલાં ને રેશમિયા છે દોર
ચ્હેરો અંદર શું જુએ ? રોજજે વધતા ન્હોર ?

પીડા... પીડા... પોપડો કોણ ઉખાડે, કહો :
ઘા દુઝે તો પણ રૂઝે સાથોસાથ જ, અહો !

એક ઉપર બીજો ઊભો ને ઊંચો ઊંચો જાય,
ઠેઠ હેઠનો ધસમસે (તો) સઘળું હેઠું થાય.

ઑક્ટોબર, '02

***રચના સંદર્ભ :*** *તા. ૧૯, ૨૦ ઑક્ટોબર, ૨૦૦૨ના રોજ BSC સંસ્થાએ યોજેલી દલિત-અધિકાર શિબિરમાં આવેલા બનાસકાંઠા-સાબરકાંઠાનાં દલિત જૂથના બહેને કરેલા ટૂંકા વક્તવ્યમાં વાપરેલી એક ઉપમા ઉપરથી આ પંક્તિની પ્રેરણા મળી છે.*





## ૧૬. એ લોકો અને આપણે

એ લોકો પાસે
કાયદા છે, ફરમાનો છે, ધારાઓ અને ધોરણો છે;
એમનાં ચાંપતાં પગલાંનું તો પૂછશો જ મા !!!
એ લોકો પાસે જેલો છે, જેલરો છે,
વિચક્ષણ વકીલો અને બાહોશ ન્યાયાધીશો છે
જે લઈને તગડો પગાર
એ લોકો જે કહે તે કરવા છે તૈયાર !
એ લોકો પાસે ટેન્કો છે, મશીનગન છે,
બૉમ્બ અને મિસાઈલ્સ છે.
એમનાં અણુ ને પરમાણુ - અખતરાઓથી તો ગંધાઈ ઊઠ્યું છે આકાશ.
એમના સોલ્જરો અને પોલિસો તો બ્રેવો.... બ્રેવો !
જે લઈને ઓછુંવત્તું પેટિયું
એ લોકો કહે તેને મારવા ને મરવા છે તૈયાર !
એ લોકોની પાસે
છાપાં છે, છાપખાનાં છે
જેનો ઉપયોગ કરે છે એ લોકો
બંધ કરવા આપણાં મોં ને કાપવા આપણાં કાંડાં.
એ લોકોના પત્રકારોની તો વાત જ જવાદો !
જે લઈને પાયલીભર પુરસ્કાર
એ લોકો જે કહે તે લખવા છે તૈયાર !
એ લોકોની પાસે અકાદમીઓ ને યુનિવર્સિટીઓ છે,
લેખકો છે, કવિઓ છે.
એમના ભાટ-ચારણોનું તો પૂછવું જ શું ?!
જે લઈને શાલ-દુશાલા ને ચન્દ્રકો ગિલેટિયા

એ લોકો જે કહે તે બોલવા ને બોલાવવા છે તૈયાર !
અલબત્ત,
ભયાવહ છે આ બધું.... પણ SO WHAT ?
છો ને ખેલતા રહે એ લોકો એમના પ્રપંચખેલ.
ભલેને તાણતા રહે એમના તરકટી તંબુ.
દોડાવવા દો એમને દમનના અશ્વો ધડબડાટી દેતા
આપણી ધબકતી છાતી ઉપર !
આપણે એ લોકોને માટે કેટલાં બધાં ખતરનાક હોઈશું !?
કેટલા બધા ડરે છે એ લોકો.... સત્યથી !
દોસ્તો !
જોજો, એક દિવસ એવોય આવશે.... અને એ દિવસને આવવાની
હવે લગારે નથી વાર
પોતાના પ્રપંચોની વ્યર્થતાથી છંછેડાયેલા એ વિષધરો
આપણા ખડકો પર પછાડશે એમની ફુત્કારતી ફેણ
અને ઝેરવતાં રહેશે લીલાં ઝાણ ફીણ.
પણ એમના આ ધમપછાડા
કે એમના આ વિષપ્રયોગો
કશું જ કશું.... એમને બચાવી નહીં શકે.
દોસ્તો !
એ દિવસ હવે.... બહુ દૂર નથી.
દેખાય છે ને ....દૂ....ર દૂ....ર
પેલ્લી દીવાદાંડી : નામે ક્રાન્તિ ?

જાન્યુઆરી, 2000

*રચના સંદર્ભ : મૅક્સિમ ગૉર્કીની મહાનવલ 'મા' ઉપર આધારિત, બર્ટોલ્ટ બ્રેખ્તના એ જ નામના નાટકના સાતમા દશ્યમાં આવતી સ્વગતોક્તિ ઉપરથી પ્રેરિત રચના. આજના રાજકીય, સાંસ્કૃતિક ફાસીવાદી મહૌલમાં તેની સમકાલીનતા ધ્યાનપાત્ર છે.*





# વિભાગ : 3

# જૅનોસાઇડ પહેલાં અને જૅનોસાઇડ પછી

# ૧. અમદાવાદ : ક્યાં છે એ તણખો ?

અમદાવાદ !
મારા શહેરે- મુઆઝ્ઝમ[1] ! મારા શહેરે - મુકદ્દસ[2] !
તારે માટે દુઆ માંગવા ઉઠાવેલા અમારા હાથને
કોણે ઝડપ્યા -મચકોડ્યા-ઝટકાવ્યા - કાપ્યા...ને પછી અસંખ્ય હાથને
કાપવા માટે ક્યારે, કોણે, કેમ તત્પર કર્યા
એ સવાલો હવે સવાલો નથી રહ્યાં સપનામાંય તે !
જાણીએ છીએ જવાબો... અમે બધાં...જાણતલ જનાવરો.
અમે - તારી ખુટ્ટલ ઓલાદો, તારાં શયતાની સંતાન.
        અમે આ કેવા ઝેરી ઘારણમાં ઘેરાયા છીએ
        કયા અફીણની આદતનાં ગુલામ બની ગયાં છીએ
        છતાં પણ -
એ પણ અમે બરાબર જાણીએ છીએ.
તારા મુઆઝ્ઝમ ને મુકદ્દસ વજૂદ[3]ને
દિવાસળી ચાંપતા પેલાં મારાં હમવતન, હમઝબાં, હમનિવાલા[4], હમપિયાલાઓ[5]ને
એક જ સવાલ પૂછવો છે.... એક જ સવાલ :
તમે....ના, હું-તું- તે- તમે-તેઓ....પેલા ને આપણે બધાં -
કેમ ગુમાવી બેઠાં છીએ ભરોસો આપણી ગળથૂથી ઉપરથી ?
ગળથૂથી...આપણને મળેલી સહિયારી સૌગાત.
ગળથૂથી; જેની સાથે શિર-કૂર્માની મીઠાશ ભળી જાય છે આપોઆપ,
અનાયાસ...આ અમદાવાદની હવાઓમાં પહેલ વહેલો લેતાં જ શ્વાસ.
આપણી ગળથૂથી ઘૂંટનારા એ હાથ, આજની
તારીખમાં ભલેને શેરીએ શેરીએ વહેંચાતા ત્રિશૂળ સ્વીકારતા હોય.
કે પછી કાકડા બનાવવા જરી કસબના વીંટા વાળતા હોય
પણ મને એ પણ ખબર છે કે રોજ રાતે ઉકેલાતી સાદડી સાથે
ઉકેલાઈ ગયા પછી પણ વળતી સવારે

---

[1] મુઆઝ્ઝમ - મહાન, [2] મુકદ્દસ - પવિત્ર, [3] અસ્તિત્વ, [4] સાથે જમનારાં
(મિરાતે અહમદીમાં અમદાવાદ માટે સતત વપરાયેલાં વિશેષણો), [5] સાથે પીનારાં





આ જ હાથોએ ઈંટો બનાવી હતી, ઉપાડી હતી, ગોઠવી
હતી અને રચી હતી આ ઈમારતો ને ચાલીઓ.
આ શ્હેરના મહાજનને સજાવવા
અને આમજનને ઢાંકવા, સામસામે બેસીને આ જ હાથોએ
વણ્યા હતા કિનખાબ ને માદરપાટ... ને ઓતપ્રોત થઈ ગયા
હતા એકમેક સાથે તાણાવાણાની જેમ.
એક જ આકાશ નીચે
આંગણાં ને ઓટલા ઉપર ખટાખટ બીબાંમાંથી
સાકેરા ને શાંતા સરજતી હતી સૃષ્ટિ મોરપોપટ-નારી કુંજર ને આંબાકેરીની.
એકની એક સાબરમતીના વહેણમાં
મજીઠિયા ને મોરપિંછ રંગમાં ઝબકોળાતા તાકાને છબછબાવતી
હમીદા ખાલા ને પશીકાકીનાં માથાંના રૂપેરી વાળમાંથી
કયો અસલ ને કયો નકલ
કયો ચાંદીનો ને કયો જસતનો -
એવો સવાલ કરવાની કોની હતી મજાલ ?
કેમ કે એ હાથ એકમેકને ઓળખતા હતા,
એકબીજાનાં આંસુ પસીનાથી પરિચિત હતા...
        એટલે'સ્તો પેલી તરફ તારી પૂર્વ દિશામાં ઉગેલા લાલ સૂરજને
        લાલ લાલ સલામ આપતા કરીમચાચા અને કાંતિભાઈને,
        હાથની હિંમત ને ક્રાન્તિની કથાની સમાન વહેંચણી કરવા માટે
        કોઈ ઈશ્વર કે અલ્લાને પૂછવા નહોતું જવું પડ્યું ને ?
એ વાતને તો પાંચ પાંચ દાયકા વિતી ગયા
આ ગઈ કાલની જ વાત કરોને -
એ લોકોએ
પેલી ચિમનીઓની ગળચી દાબીને ટાઢાંબોળ ઢીમ ઠાળી દીધાં'તાં મિલોનાં.
        ત્યારની ઘડી ને આજનો દહાડો-
રોજ સાંજે મણિના ચૂલામાંથી માગેલો અંગારો જ મહેરૂનો ચૂલો ચેતવે,
અબ્દુલ્લાની રીક્ષાની ખાલી થયેલી ટાંકીમાં દીપસિંગનું કેરોસિન જ ભરાય.
તો પછી....
પેલા અસ્ત્રાનો એક જ ઘસરકો, પેલા કાકડાની એક જ ઝાળ
કેમ મહેરૂ ને મણિના- બંનેના ચૂલાનો હોબાળો કરી મેલે છે ?

ને દિપસિંગ ને અબ્દુલ્લાની - બંનેની રીક્ષાની ઉજવી નાખે છે હોળી ?
આ સવાલનો જવાબ પણ જાણીએ છીએ અમે.
અમદાવાદ ! તું, હું ને આ અમે બધાં,
આ એકની એક સાબરનું જ પાણી પીતાં આવ્યાં છીએ આપણે
એ પછી કાંકરિયું હોય કે ગટરિયું.
આ એક જ હવાથી ઘડાયા છે આપણા શ્વાસ :
એ પછી ધુમાડિયા હોય કે ઘાસલેટિયા.
મારી સાથે તું પણ મોટું થતું જાય છે, ઘરડું થતું જાય છે.
ઘવાતું જાય છે... ખવાતું જાય છે.
ખેર; જે હોય તે - મને હજી પણ પતંગ, માંજા ને ફિરકી ઉપર ભરોસો છે.
હજી પણ રાખડી ને પવિત્રાંના* સોનેરી રૂપેરી ગોટા ઉપર નાઝ છે.
હજી પણ લક્ષ્મી છાપ ટેટા ને ફાઈવ સ્ટાર તારામંડળ ઉપર વિશ્વાસ છે.
વિશ્વાસ છે મને એ તણખા ઉપર, જે બાળતો નથી;
અજવાળે છે.
જે સળગાવતો નથી,
ચેતવે છે.
સવાલ તો હવે એક જ છે કે અમદાવાદ !
તને ભડકે બાળવાનું શિખવતા પેલા લોકોને અમારે કયો પાઠ ભણાવવો ?
કદાચ...
અમારા આ હાથમાં જેમણે દિવાસળીની પેટીઓ પકડાવી દીધી છે
એમની તરફ, એમની બાજુ, એમની જ સામે
કેમ નથી ઘસાતું
પેલી માચીસનું ગંધકભર્યું ટોપચું ?
અમદાવાદ !
હવે તો ચિંધી બતાવ અમને પેલું ૨૪૭મું ગંધક ટીપું !*

ડિસેમ્બર, '97, '99

*પવિત્રું = રેશમના દોરાનો હાર; જે કૃષ્ણની મૂર્તિને પહેરાવવામાં આવે છે, તેને મુસ્લિમો બનાવે છે.
*દિવાસળીની પેટી પર ૨૪૬ ગંધક ટીપાં રાખવામાં આવે છે.





## ૨. પૂછો

આથમતા સૂરજને જઈને પૂછો કે
આજ કોની આંખોમાં જઈ ડૂબશે ?
લોહીઝાણ ખંજર થઈ ઊગશે જો કાલે
તો કોની છાતીમાં જઈ ખૂંપશે ?
મોતની ટપાલ ઉપર કોનું સરનામું હશે ?
કોણ, કોને હાથોહાથ દેશે ?
મહેનતનાં મોતી પકવનારા હાથોમાં
તરસ્યાં હથિયાર કોણ મૂકશે ?
આગ અને આંસુમાં તરતા આ શ્હેરમાં થરથરતું કોણ હવે જીવશે ?
ગલ્લા ગુપચુપ હશે, મૂંગી મંતર ફેરી
સોડ તાણી સૂશે બજાર;
પાથરણાં સૂનાં ને દુકાનો ડુસકાતી
મિલોની ચીમની ચોધાર.
કરફ્યૂની કાળઝાળ તીણી બળતરામાં કોણ હવે રોજજે તરફડશે ?
ચૂલા ટાઢાબોળ, આંધળાં છે ફાનસ
ને ખાલી ટિફિન ખાય ખાંસી !
ટૂંટિયું વળીને રોજ સૂતેલાં જણને જાણે
ભૂખે દઈ દીધી આજ ફાંસી !
વહેતી હવાઓને હાથકડી પહેરાવો, સાક્ષી સમય એની પૂરશે !
આખરી સવાલ : કાલ ઊગશે ખરો ને ?
કે લાશ બની એય ક્યાંક ઢળશે ?
છાપાં બનીને એ તે બેસશે બજારે;
કે અફવા બેફામ બની ઊડશે ?
મોઢું સંતાડવાને ઓઢશે કફન કે પછી અંતરની આગ મહીં જલશે ?
આથમતા સૂરજને જઈને પૂછો...

મે, '96

# 3. લોકકથા

ધ.ધૂ પ.પૂ. પંડિતજી,
આમ ધોળે દહાડે હાથમાં ટૉર્ચ લઇને
કયા ઇતિહાસને ફંફોસો છો ?
પથ્થરોની નીચે, મંદિરોની ભીતર,
મૂર્તિઓની વચ્ચે, મહાલયોથી શોભતાં
મહાનગરોની અંદર, બહાર અને આરપાર
વસતા લોકો છે.... એને તમે પામ્યા ?
લોકો : ડુંગરાની ધારે ધારે ઊભેલાં કેસૂડાં જેવા ટટ્ટાર
લોકો : ઢબૂકતા ઢોલ જેવા ઉત્તેજક
લોકો : હોળીની ઝાળ જેવા દાહક
લોકો : પહેલી ધારના મહુડા જેવાં ઉન્માદક
લીસ્સા પથ્થરો પર થઇને વહેતા ખળખળતા
વહેળા જેવા લોકો.... છે... તમે એને સ્પર્શ્યા ?
શોધો છો શું તમે, સંશોધકજી !.... આ પથ્થરોમાં ?
આ ભોંયરાં ભલે ને ગમે ત્યાં જાય
તોય ક્યાંક પહોંચીને તો અટકી જ જવાનાં.
પણ લોકો તો સામે મળશે તમને સાતેય સરહદની પેલે પાર,
જનપથની બંને બાજુએ ફરફરતાં વૃક્ષોની ટાઢકમાં.
અંધારે અડવડતાં નહિ - છડે ચોક ઉઘાડાં.
કોઇનાય વણછા નીચે દબાતાં, ચંપાતાં નહિ - સરેઆમ.
પણ તમે ?
તમને તો જીવતાં જણની લાગે છે બીક
અને એટલે જ તમારે ભરવાં છે ભોયરાં
લોકોથી.
તમે ને તમારા





યુગેયુગે અદલાતા બદલાતા અન્નદાતાઓ
એટલેસ્તો
એમને ભંડારતાં રહ્યાં છો ભોંયરે
ક્યારેક પગમાં સાંકળો ઘાલીને, ક્યારેક ગળે કુલડીઓ બાંધીને,
ક્યારેક ખભે શાલ ઓઢાડીને, ક્યારેક છાતી ઉપર ચંદ્રકો લટકાડીને;
ક્યારેક કંઠે મંગળસૂત્ર આરોપીને, ક્યારેક ચહેરા પર પ્રાઇસ-ટૅગ ચોડીને....
સાંકડતા રહ્યા છો તમે લોકોને
સકંજા, સાણસા, સુકુમાર શસ્ત્રો, શાણાં શાસ્ત્રો અને સાકરિયા સપનાંમાં.
સિક્કાના રણકાર અને ચલણી નોટોના
કોરા કડકડાટથી ઠાંસી દીધાં છે એમનાં મોંઢાં.
આ હાટડીઓમાં.... પૂંછડી પટપટે એમની અને લૉલીપોપ ધરો છો તમે.
તમે છોને એને ચોપગાં બનાવતાં - નકેલતાં - ધકેલતાં રહો
પણ રખે ભૂલતા, ભાઇલોગ !
લોકો તો ઊર્જાનું બીજ છે; ભંડારશો ભોંયમાં તોયે ઊગી નીકળશે
આપોઆપ, હરેક મોસમમાં.
તમે ઉધ્વસ્ત કરેલી સભ્યતાઓ
કંઇ લોકોની સ્મશાનભૂમિ નથી કે નથી ઐતિહાસિક ઉશરભૂમિ.
અહીં તો દટાઇને ફૂટી નીકળ્યા છે અંકુર,
આસપાસની ધરૂવાડીઓમાં ચોપાસ
લોકો નામે અગનપંખીઓના.
તડીપાર કરશો તો કંડારી લેશે લોકો તો પ્રવાલદ્વીપ, પંડના પરસેવામાંથી.
આ અંધાધૂંધ માથું પછાડતા કાલસમુદ્ર આગળ પણ એણે
નથી મૂકી મચક.
ભૂલશો નહિ પંડિતજી !
ઇતિહાસ કંઇ કથા નથી
માત્ર હારની ને સંહારની.

તમારી વેચાઉ કલમો
ભલે મહારથીઓના હાથે ઢળેલી લોથોની કથાઓ કથતી હોય
પણ લોકોની જીતના જયઘોષ અને ક્રાન્તિના લલકારને
તમે દાબી-ઢ્હામી નહિ શકો.... શાસ્ત્રી !
તમારા મતલબબહેરા જ્ઞાનને
અચૂક ડર લાગતો જ હશે એના પ્રચંડ પડકારનો.
મહાકાવ્યોનાં મમી બેઠાં કરવાથી
કે તવારિખનાં તૂત નવેસરથી સર્જવાથી
લોકોને નહિ માપી શકો.... મહામહોપાધ્યાય !
લોકો તો પવન છે પાછલી રાતનો.
એમના હૂહૂ કરતા હાહાકારની પછીતેથી
પ્રગટી ઊઠવાની છે આવતી કાલની લાલિમા.
તમારી ફૂટપટ્ટીઓ ટૂંકી જ પડવાની
અને તમારાં ટાંકણાંયે ટાંચાં પડવાનાં
આ લોકોને પામવા-માપવાનાં.

એક વાત કહું, કોષકારજી ?
લોકોનો અરથ ઉકેલવા આ ટૉર્ચ, ટાંકણાં, ફૂટપટ્ટી, કલમફલમ નહિ ચાલે.
એ માટે તો તમારે પકડવી પડશે મશાલ તમારા હાથમાં
ઊતરવું પડશે નીચે તમારા આરસ-મિનારમાંથી
અને બદલવી પડશે દૃષ્ટિ.
ફગાવીને ચશ્માં ચાતુરીનાં;
નરવી આંખે નિહાળશો તો જ
સમજાશે આ લોકકથાની લિપિ.

23 મે, '96

*રચના સંદર્ભ : હિન્દુત્વવાદી સંઘપરિવારના પંડિતો, ઇતિહાસકારો, વિદ્વાનોએ દેશના ને ગુજરાતના ઇતિહાસ સાથે ચેડાં કરવા શરૂ કર્યાં તેના પ્રતિભાવરૂપે.*





# ૪. એક હતું ચાંપાનેર

અહીં તો હતું
ચાંપાનેર !
બેગડાએ બાંધ્યું શ્હેર...
ક્યાં ગયું એ ચાંપાનેર ?
સરકારી પાટિયા સામે ઊભાં ઊભાં કવિ
સવાલ કરે છે અને જવાબ શોધતાં શોધતાં
ઉખાડે છે પોપડા આ ગુમ થઈ ગયેલા નગરના.
પણ ભલા... આ છ છ મસ્જિદો, ફુવારા, હૉજ, નકશીદાર ઝરૂખા,
સરકશ મિનારા, ને કમનીય કમાનો ઉપર ઊંચકાયેલું,
સાડા પાંચસો વર્ષ પહેલાં સજાવેલું શહેર તો આ રહ્યું... અકબંધ.
તો પછી આ સરકારી પાટિયાં સાલાં, કેમ ચૂપ ?
કેમ ટોપી ફેરવી બેઠાં છે, મારાં વા'લાં ?
સવાલ સાંભળતાં જ
અસ્તાચળે જતો સૂરજ નાસી છૂટ્યો છે
પોતાનો કેસરિયો ચહેરો સંતાડવા પાવાગઢની પાછળ.
ઉદયાચળે ઉપર ઊઠતા ચન્દ્રનો ચહેરો પણ ફિક્કો પડી ગયો છે... મૂળથી જ
પાંડુવર્ણા એ કાયરને વળી કેટલો શરમમાં નાખવો ?!
ડુંગરના શ્યામ પડછાયા લંબાતા ગયા છે
અને ગ્રસતા ગયા છે,
પોતાની જ ગોદમાં ઢબૂરાયેલા પોતાના પહેલા ખોળાના
બાળને.... જાણે બચ્ચાં ભરખતી વિંછણ જોઈ લ્યો !
સવાલની સાથોસાથ કવિ ઊતરી જાય છે
ખંડેરનાં પગથિયાં ને નીકળી પડે છે
સાંય સાંય કરતાં ખાલી ઘરોની- ના...ખાલી કરાવેલાં ઘરખોરડાંની
હારકતાર વચ્ચેથી.

ને પળવારમાં જ, પેલા ભૂતિયા પવનની જેમ
સડેડાટ સોંસરવા આવી જાય છે આ પાર.
ખાલીખમ મહોલ્લાના એક ખૂણે લપાઈને ઊભેલી
આછી લીલી મસ્જિદનો ભેંકાર સૂનકાર ચાડી કરી જ દે છે
ચાંપાનેરના વર્તમાનની : છે છે ને નથી એવા આ નગરની તિરાડોની
વચ્ચે ક્યારે વળી ઊગી નીકળ્યું વેર ? અહીં જ હતું ને ચાંપાનેર ?!
પોતાનાં જ પગલાંના અવાજથીયે
છળી મરાય એવી ચૂપકીદીને પૂછી પૂછીને કેટલી વાર પૂછશો ?
ત્યાંના ખાલીપાને ખાલી ખાલી ખેંચવાને બદલે અહીં, આમ,
કવિ ! આવો બહાર.
આ દીવાલોની આ પાર લાગેલાં લારી-ગલ્લાને પૂછો, પૂછો પેલાં પ્લાસ્ટિક,
પતરાંનાં ટેબલ-ખૂરશીને, પૂછો પેપ્સી-કોલાનાં પાર્લરને.... પૂછો પેલાં અઢળક
નારિયળ-કંકુ-ચૂંદડીના ઢગલાબંધ ઉછાળને....પૂછો... પૂછ્યા જ કરો કવિ !
આ ચા પીતા, પાન ચાવતા, ફાફડા ખાતા, મસાલો મમળાવતા,
કે પછી મહુડો પીને બજાર કરવા આવેલા ને બજારે આવીને મહુડો
પીધેલા પંચમહાલિયાઓને પૂછો... પૂછો... પૂછતાં જ રહો કવિ !
એલા, આ લોકો પણ બાઘા બની, બુઠ્ઠા બની, બુદ્ધુ બનીને બસ,
ટગર ટગર જોયા કરે છે.... તમારી સામે, તમારી જ જેમ ; કેમ ?
        ત્યાં જ .... ક્ષણે ક્ષણે સહસ્રાતા જતા સૂનકારને ભેદતો, ધણધણતો
        ઘોર ઘંટારવ અચાનક જ કવિને ઢંઢોળે છે.
                પર્વત પરના ઘંટ તો ઘંટ
                પણ અહીં - આ ખંડેરોની આસપાસ, આગળ પાછળ,
                ઉત્તર દક્ષિણે અને પૂર્વપશ્ચિમે ઊગી નીકળેલો, ફૂટી નીકળેલો
                ફાટી પડેલો ઘંટારવ-શંખનાદ ને આરતીનો કોલાહલ
                જગાડી દે છે કવિને.





સાચ્ચે જ.
સત્યને તોડવા, સમયને ભાંગવા
હવે કોઈ કોશ, કોદાળી, ત્રિકમ, હથોડાની જરૂર નથી રહી.
અહીં તો પથ્થરે પથ્થરે રાફડા બાઝ્યા છે ધિક્કારની ઊધઈના,
કણે કણમાં વેરાયું છે ઝેર ઝીણું તીણી તીણી નફરતનું....
હવે નથી રહી ખેર... ચાંપાનેર !
                અને કવિ ! તમે ?....
                આટઆટલું જાણવા સમજાવવા છતાંય
                પેલા ચાંપા વાણિયાની જેમ તમેય ?
                એક પછી એક તીર તોડતાં ગયાં,
                ગુમાવતાં ગયાં... શ્હેર જવું શ્હેર... ?
હવે આ છેક છેલ્લા તીરના ભરોસે ક્યા મોંઢે
બચાવવા બેઠાં છો આપણી આ લોહિયાળ સભ્યતાને ?!

*સંદર્ભનોંધ : ૨૦૦૨ના ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં ચાંપાનેરની મુલાકાતે ગઈ ત્યારે રાજ્ય કે સરકારના પુરાતત્વ વિભાગે લગાડેલા માહિતીના પાટિયામાં ચાંપાનેર વિશે બધી જ માહિતી હતી- સ્થાપના વર્ષ, ઈમારતોની યાદી હતી પણ નહોતું એના બંધાવનાર મહમૂદ બેગડાનું નામ કે નહોતું એ નગરનું નામ - 'ચાંપાનેર.'*

*'પાવાગઢ' માં પરિવર્તિત થઈ ગયેલા આખા પરિસરમાં બે દિવસ પહેલાં જ મુસ્લિમોની ઉપર હુમલા થયેલા અને ઘર ખાલી કરાવેલાં. કિલ્લાનાં ખંડેરોની પછીતે દહેરીઓ ઊભી કરવામાં આવેલી અને ગામમાં પેસતાં જ બજરંગદળની કચેરીનું પાટિયું ઝગમગતું હતું. આ મારી ઓછામાં ઓછી દસમી મુલાકાત હતી ચાંપાનેરની પણ કદી આ દશ્યો નહોતાં જોયાં કે કદી આવું નામશેષપણું નહોતું જોવામાં આવ્યું. આઘાત અને આક્રોશમાં પાછી ફરી....ને પંદર જ દિવસમાં પંચમહાલને ભડકે બળતો સાંભળ્યો. પણ પાછાં આવીને તરત એ આઘાત અને આક્રોશને મિત્રો સાથે શૅર કરીને અને આમ શબ્દોમાં ઊતારીને બેસી રહ્યાના અફસોસનું આજે શું કરું ?*

## ૫. ૨૭-૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨

માણસની માણસાઈના મિનાર ધ્વસ્ત છે
ઈશ્વરની સાથોસાથ ખુદાની શિકસ્ત છે

આજે અઝાન બંધ છે ને ઘંટ ચૂપ છે
માણસના હાથ કંઈક બીજામાં જ વ્યસ્ત છે

ટટ્ટાર ચાલતો હતો માણસ - એ કયાં ગયો ?
આ શહેરની મૈયતના બોજથી એ પસ્ત છે.

નિંભર, નઠોર, ક્રૂર, મૂર્ખ લાગતું સતત
આ તંત્ર અંધ-પંગુ નહિ, સત્તા-મસ્ત છે.

સૂરજ થવાના કેફમાં એ રાચતા ભલે
એનીયે રોજ સાંજ ઢળે છે ને અસ્ત છે





## ૬. શું છે કારણ : મારે જીવવાનું....

ના,
હું કલમો પઢીને સુરૈયા બનવા નથી માગતી; કારણ કે
આ દેશની તમામ સુરૈયા, સલમા, ફાતિમા, શહનાઝ કે અમિનાથી હું
અલગ નથી, આઘી નથી, અળગી નથી.
જ્યારે જ્યારે આ દેશના દુઃશાસનોના હાથે
સરેઆમ એમના દુપટ્ટા ખેંચાય છે ત્યારે હું નિર્વસ્ત્ર થઇ જાઉં છું.
જ્યારે જ્યારે હિંસ્ર પશુઓ એમના શરીરને સ્પર્શે છે, ઘસે છે, ખોલે છે,
ચૂંથે છે, દાબે છે, ચૂસે છે, ઘૂસે છે અંદર, ફાડે છે, લોહીલુહાણ કરે છે એમને
ત્યારે ત્યારે હું પણ રહેંસાઉં છું એ શતસહસ્ત્ર કોમી શિશ્નાસ્ત્રોથી.
જ્યારે જ્યારે એ લોકો સગર્ભાઓનાં પેટ ચીરે છે, નાળ તાણે છે, ગર્ભને
બહાર ખેંચીને મરડી નાખે છે મૂળથી જ માણસજાતને
ત્યારે ત્યારે હું ચિરાઉં છું, ઉઝરડાઉં છું, ખતમ થઇ જાઉં છું મૂળસોતી.
જ્યારે જ્યારે ગૅસની કોઠીઓ અન્નપૂર્ણા મટીને માણસખાઉ મગરીઓ બને છે
ત્યારે ત્યારે હું ઝાળ ઝાળ થઇ જાઉં છું, ભસ્મીભૂત, ભડકો, ભરભર ભૂક્કો !
મરતી રહું છું પળે પળ.... એકે એક ક્ષણ.
જ્યારે જ્યારે અનાથ, રડવડતાં બાળકો દૂધ માટે ટળવળે છે
ત્યારે ત્યારે મારી છાતી છલકાય છે એ સૌને માટે, સઘળાં માટે.

> જ્યારે જ્યારે એ લોકો રહેમાન, સુલેમાન, ઈરફાન, અમાન કે
> ઈમરાનને રહેંસી નાખે છે તલવાર, ધારિયા કે દાતરડાથી
> ત્યારે ત્યારે મારુંયે આંગણું સૂનું થઇ જાય છે, બિસ્તર ખાલી
> અને મેંદીભરી હથેલીઓ પરથી રંગની સાથોસાથ
> ઊતરડી જાય છે મારી પણ ચામડી.

મારા અમદાવાદનાં શાહપુર, દરિયાપુર, જુહાપુરા ને જોર્ડનરોડ,
બહેરામપુરા ને શાહઆલમથી શરૂ કરીને વાડી વડોદરાનું, હાલોલ, ચાંપાનેર,
પાનવડ, ગોધરાથી માંડીને આખેઆખી પૂર્વપટ્ટી હવે તો.... ભડકે બળે છે

ત્યારે બાકી શું બચે છે કારણ.... મારે આ દુનિયામાં જીવવાનું ?
સબૂર !
છાનાં મરો કવિ !
તમારો કંઇ સુરૈયા, સુલેમાન કે શાહપુરની જેમ સર્વનાશ નથી થવાનો !
તમે તો સરૂપ; ડૉ. સરૂપબેન યોગેશભાઇ ધ્રુવ.
તમારે તો સગવડ જ સગવડ છે.
તમને તો આવી મઝાની લક્ઝરી મળી છે લખવાની, જીવવાની
તો પછી સુરૈયા - સુલેમાન ને શાહપુરની આવતીકાલની સલામતી માટે
એટલીસ્ટ, આટલું તો કરો.... ઉગામો હાથ, કલમ ને હથિયાર પણ.... હવે તો.
કવિ ! કહો.... છો તૈયાર ?!

8 માર્ચ, 2002, આંતર્રાષ્ટ્રીય નારી-દિન





## ૭. બ્રહ્મરાક્ષસ

અશ્વત્થામા
રોજ ફરે છે અહીં.... ત્યાં.... પણે
ત્રસ્ત ને ધ્વસ્ત ધરતી ઉપર : ભૂજ - ભચાઉ - રાપર - અંજારમાં જ નહિ;
        ગોધરા-અમદાવાદ-વડોદરા-ભરૂચ - અને.... અને....
કરગરે છે રોજ અશ્વત્થામા
કહે છે કે હવે એને સમાઇ જવું છે, ધરતી માગ આપે ત્યાં.
        ભાંગેલી ભોમકા ઉપર ઊભી ઊભી હું; એટલે કે
        માતા કૃપી
        ઢીંમણાં પંપાળતી, ઘાવ પસવારતી, ઉઝરડા ફૂંકતી
        રોહ જોઇ રહું છું કે ક્યારે
        આ મારું સંતાન ખતમ થઇ જાય હંમેશ માટે.
        ક્યારે ?
ત્યાં એ મારી પાસે રડવડતો, ઢસડાતો આવે છે
ઘૂંટણિયે પડે છે રોજ
કરગરે છે રોજ
: મારે સમાઇ જવું છે, લોપાઇ જવું છે, અળપાઇ જવું છે.... અત્યારે ને અત્યારે !
        અને કૃપી ખડખડાટ હસી પડે છે, પૂછે છે :
        તારે જીવવું જ છે
        છતાં વાતો કેમ કરે છે મરવાની ?!
એ મારા ભીષણ હાસ્યથી ડરી જાય છે
ને હાથનો ખોબો વાળી વલવલે છે.... મા ! એક ટીપું- એક ટીપું - એક ટીપું....
અને માતા, પુત્રના ખભે લટકતી જનોઇ તરફ આંગળી ચિંધે છે.
પુત્ર રઘવાયો થઇને જનોઇ બચાવવા એને ગળે વિંટી લે છે.
હું ખેંચું છું એની જનોઇ
એ તાણે છે પોતાની જનોઇ

ખેંચ તાણ
તાણ ખેંચ
અને છેવટે એની જીભ બહાર નીકળી આવે છે.
માતા પેટનો ખાડો ઊંડો કરીને
એને ધરબી દે છે અંદર.... બરાબ્બર.
અને સારે છે ખારાં ખારાં ઉનાં ઉનાં આંસુ, એની ઉપર.
ખારાપાટમાં, કહે છે કાંઇ ન ઊગે.... છતાંય કૉળે છે કશુંક અંદરોઅંદર.
અને વળતી સવારે
આક્રંદ કરતી ફાટી પડે છે ભોંય.... ફૂપી.... એટલે કે હું : મા !
તિરાડોની વચ્ચેથી ઊગી નીકળે છે એક હાથ
કરગરે છે - વલવલે છે : એક ટીપું.... એક ટીપું.... એક પુંટી.... એક ટુંપી....

માર્ચ, 2002

*રચના સંદર્ભ : દેશમાં વ્યાપક બનતી જતી ધર્મ-સાંપ્રદાયિકતા પ્રેરિત હિંસા સંદર્ભે.*





# ૮. મુખ્યમંત્રીજીનું પહેરણ

અલ્યા,
આ તો સાવ પેલી વાર્તા જેવું થયું !
એ તો કહે છે કે આપણા ગુજરાતમાં શાંતિ છે.
બધું થાળે પડવા માડ્યું છે, રાબેતા મુજબ કામેકાજે ચડી ગયું છે આપણું શાણું
ગુજરાત-આગવું ગુજરાત.
હિંસા ? પહેલાંના મુખ્યમંત્રીઓના રાજમાં ચાલતી હતી
એનાં કરતાં વહેલી બંધ થઈ ગઈ છે.
જાન હાનિ ? - ખાસ ન કહેવાય; એમાં પણ આંકડા એમની તરફેણમાં છે.
હા, આમતેમ છમકલાં થતાં રહે : હોય; છોકરમત છે - છાનાં રહી જશે.
આપણને પટાવવાની લૉલિપોપ તો એમના ખિસ્સામાં જ છે ને ?!
ખિસ્સું... એમના પહેરણનું ખિસ્સું.
શું પૂછો છો ?- પ્રધાનમંત્રીજી શું કહે છે, એમ ?
અરે, પીએમજી તો પ્રેમમાં પડેલા છે ને, આમના ! ગળાબૂડ !
રોજ ચાર વખત ફોન કરે છે ને કહે છે, કાંઇ વાતો....
કાંઇ વાતો કરે છે... મીઠી મીઠી... લાંબી લાંબી ... અહાહાહા...
બોલો, આમના રાજમાં કોઈને કંઈ જોખમ જેવું જ ક્યાં છે ?
ખાઓ, પીઓ, જીઓ ઔર ગાઓ ગીત રામજીનાં !
રામ-રાજ તો છે જ... ને એ પોતે ચલાવનારા ચક્રવર્તી પણ છે જ.
સુખી છે... સૌ સુખી છે... સર્વદા સુખી છે...સદા સુખી છે... હવે કહો :
આટલા સુખી માણસને વળી પહેરણની ચિંતા શાની ?
એમને વળી પહેરણ જ શાનું ?!
યાદ આવી ને પેલી વાર્તા ... ?

માર્ચ - 2002

*રચના સંદર્ભ : ગુજરાતના મુખ્યમંત્રી ન.મો. ડિઝાઈનર પહેરણના શોખીન છે. એમનું પહેરણ આગવું છે - એમના 'ગુજરાત'ની જેમ જ !*

## ૯. ચિભડાં ગળતી વાડ

બહુ ગોઝારી
એક ખાઉધરી વાડ
વાડ તો વધતી વધતી ઝાડ, ઝાડવાં,
અને હવે આ ઝાડ તો ઊંચા ઊંચા વધતા પ્હાડ : પંડની પ્રજા ભરખતા.
વાડને ભાવે ફળ પોતાનાં,
ઝાડ ગળતાં પાન;
પ્હાડના પથ્થર કંકર કટકું બટકું માણસ એ તો જાણ !
અને પછી તો ચસ્કો લાગ્યો લોહીચટાકો,
વાડઝાડને પ્હાડ બધેયે હડહડ ભડભડ અગન ભડાકો !
એકમેકને કૂડા કપટી કાનમાં ફ્હેતા : બાળ બધું ને સઘળું રોળ,
અને પછી તો ઝમતાં આંસુ, ઝમતાં આંસુ, આંસુ ઝમતાં રાતાં ચોળ.
ક્યાં લગ ફ્હોને, ક્યાં લગ ફ્હોને, લોક આ ર્હેશે ખમતાં મરતાં ખમતાં મરતાં
ક્યાં લગ રહેશે એકમેકથી ડરતાં લડતાં રડતાં લડતાં ડરતાં રડતાં ડરતાં લડતાં
કદી તો કોઈ સ્વપ્ન દૂઝશે
કદી તો કોઈ માર્ગ સૂઝશે
કદી તો કોઈ હાથ ઊઠશે
હાથ હાથની સાથ સાથ અહીં લાશ લાશ અહીં મશાલ થઈને મશાલ
થઈને ઉઠશે કેવી સુરંગ થઈને સુરંગ થઈને પથરાશે ને ભમ્મ્ ફોડશે પ્હાડ !
દસે દિશાઓ ગાઈ ગરજશે હવે તો જાગો હવે તો જાગો
હવે ઉખેડો હવે વધેરો ચિભડાં ગળતી વાડ !

માર્ચ - 2002





## ૧૦. અમદાવાદ : ૨૭-૨૮ ફેબ્રુઆરીથી મે, ૨૦૦૨

(૧)

### ટુકડા ?

લાગે છે લાશ લઈ રહી છે શ્વાસ - ફરી એક વાર.
કાળા થયેલા હાથ લઈને પાછું ફર્યું છે મારું શહેર - ફરી એક વાર.
નખ-શિખ લોહીના ડાઘ, ઘા, ઉઝરડા, કાપા, ચિરાડા અને
ટપ્ ટપ્ આંસુ... બધું જડબેસલાક ચોંટી ગયું છે.... સેળભેળ.
ગંધાતું... કહોવાયેલું.... એનું કલેવર આંખ ચોળતું રહી ગયું છે.
ધિક્કારનો લેબાસ ક્યારે ઊતારશે આ શહેર ?
ઓળખાય નહિ એવા એના હાડપિંજર સાથે
લથબથ ચિપકી ગયેલાં, એકાકાર થઇ ગયેલાં આ
નફ્ફટ ચિંથરાં હવે કંઇ જ ઢાંકી શકે તેમ નથી....
અને તોય, નગ્નતાથી શરમાતાં આપણે
આ ઘૃણિત લબાચા અળગાં નહિ કરી શકીએ તો ?...
તારા શરીરના ટુકડા જોવા છે તારે ? -
.... મારા અમદાવાદ ?

(૨)

### વેર

આ - ક્યાં રહી છે હવે લાગણી ?
આ તો હવે રોગ બની ગયો છે : હિમોફિલિયા !*
પણ આ દરદીને ખબર જ ક્યાં છે
કે ટપકતું લોહી તો એનું પોતાનું જ છે !

* *એક એવો રોગ, જેમાં નાનકડો કાપો પડે તોય લોહી વહેવા માંડે ને વહેતું બંધ જ ન થાય.*

(૩)

## કોણ ?

લોહી તો રાખ થઇ ગયું છે
ને છતાં પણ આ તલવારો
કોને વિંધવા, શાને ભેદવા તલસી રહી છે ?
એ તલપાપડ તલવારોનો કોણ ભૂક્કો બોલાવશે ?
પછી.... ઝીણી ઝીણી કરચોને એકઠી કરીને, ઓગાળીને
એની કોણ ઘડશે સૉય -
- જે આ સ્ત્રીઓનાં સિલાઇ-મશીનમાં શ્વાસ પૂરે ?
કોણ બનાવશે એ ધગધગતા લોહરસમાંથી નવેસરથી
એરણ, હથોડા, કુહાડી, કોશ, કોદાળી, પાવડા, તગારાં ?...
- જે આ પુરુષોનાં ઘરનાં રસોડાંના
ખાલી ડબ્બામાં ને પછી તપેલીમાં
ખિચડી બનીને ઓરાઇ જાય ?
આ ધસમસતા પોલાદથી
કોણ વાળશે મુઠ્ઠી.... પેલાં રાહતછાવણીઓમાં જન્મેલાં
નવજાત બાળકોની ?....
- જે આવતી કાલની આશા બનીને
સળગતી હવાઓ વચ્ચે પણ વિંઝાતી રહે ?
કોણ ?

(૪)

## ઇતિહાસ

ઐતિહાસિક શહેર આ
ઇતિહાસ બનતું જાય છે !
કે સમયની કબ્ર પરનું
ઘાસ બનતું જાય છે ?!





(૫)

## નવા અર્થો - નવા સંદર્ભો

"એ, આ, આપણે, એ લોકો, પેલા, એ બધાં.... અમે બધાં :"
- હવેથી આ બધા આ શબ્દોનો અર્થસંદર્ભ
આ રીતે સમજવો પડશે ?
"આગ, ધુમાડો,
ઘા, ઉઝરડા, કપાયેલાં અંગો,
ઊતરડેલી ચામડી, બહાર નીકળેલાં આંતરડાં,
ફોગાઇ ગયેલાં શરીર, સળગી ગયેલાં નામ,
ટુકડા.... ટુકડા.... ટુકડા....રાખ.... રાખ.... રાખ."

(૬)

## એણે

ચૂલો નથી ચેતવ્યો ચુમ્મોતેર દિવસથી.
... એને સખાવત સદી ગઇ હશે, એટલે ?
.... પાસે પૈસોય નથી, એટલે ?
.... ઘરમાં ઘાસલેટ નહિ હોય, એટલે ?
.... ઘર જ નથી રહ્યું, એટલે ?
.... ખાનારું એક્કેય જણ બાકી નહિ બચ્યું હોય, એટલે ?
.... કે પછી
આગનો ડર એનાં હાડે હાડને ગળી ગયો હશે.... એટલે ?
- જે હોય તે....
એણે ચૂલો નથી ચેતવ્યો ચુમ્મોતેર દિવસથી.

(૭)

## સિલાઇ - મશીન

સલમા, નૂરાં, નસીમ, મંજુ, કેસર....
આ બધાંને આપવામાં આવ્યું છે દયાદાનમાં
અકેકું સિલાઇ - મશીન

પેટના ખાડા તે જરૂર ભરાશે
પણ ફાટીને ફુરચા થઇ ગયેલા
આ શહેરના લીરા-ચીરા
સાંધી શકે એવું કોઇ મશીન હશે ?
ક્યાંથી મળશે ?

(૮)

## સપનું ?

આકાશની નિરર્થકતાને તાકી રહેલી
આ ચોવીસ હજાર વત્તા પચાસ હજાર વત્તા સોળ હજાર વત્તા....
આ અગણિત આંખો
ધારો કે એક સાથે એક સરખું સપનું જુએ તો....
કયું જુએ ? શાનું જુએ ?
આમ તો સાહેબો,
તમે સફેદ કબૂતરથી માંડીને અણુવિસ્ફોટ સુધીનાં
સેંકડો તરંગો સમાવી શકો આ શતસહસ્ર સૂનાં સરોવરોમાં
- પણ મને પૂછતા હો તો હું
એક જ જવાબ આપી શકું : એક સપનું :
નામે વિશ્વાસ.





(૯)

## છાવણી

શહેર - વ્હેરાઇ ગયું છે, વ્હેંચાઇ ગયું છે છાવણીઓમાં.
આ છાવણીઓમાં નથી હણહણતા અશ્વો
કે નથી ખણકતાં શસ્ત્રો;
વીરને વિદાય આપતી વીરાંગનાઓ
નથી ઘોળતી કેસર-કંકુની કંકાવટીઓ
કે નથી ગણતી વિરહિણીઓ વીરની વાટ જોતાં
પીપળનાં પાન !
નથી સંભળાતાં ભાટ ચારણનાં પ્રશસ્તિગાન
કે નથી દેવાતાં સામસામાં આહ્વાન.
અને છતાંય તે
મહાભારત તો છેડાઇ ચૂક્યું છે પ્રત્યેક અંતરમાં.
સૌની અંદર ઊગી ગયેલા ઓગણીસમા દિવસની
ભરબપ્પોરનો અંધકાર, હૂહૂકાર કરતો
થરનાં થર ગોઠવી રહ્યો છે રણનાં.
અહીં ખુલ્લી ઓસરીઓમાં
અને ઉઘાડા મંડપો નીચે
ઊગી ગયેલી ચુપકિદીના માથાબૂડ ખડમાં ખોવાયેલી
સૉય નામે સલામતીને શોધતી
આ ઉઘાડી ફટ્ટાક આંખો
રાતદિવસ ઝંખે છે -
આ ફાટીને ફૂર્ચા થઇ ગયેલા તંબુની એક એક ચિંદી
વીણી વીણીને એને સાંધીસૂંધીને સમો કરવા.... પોતાનો કરવા.

(૧૦)

## અંતર

આમ તો જાણે જોજનો કપાઇ ચૂક્યાં છે
અને જુગના જુગ વહી ગયા છે
આ વચ્ચોવચ્ચ -
સળગીને સૂકી ભઠ થયેલી
સટ્ટ લાંબી સૂતેલી સાબરમતીની આ તરફ ને એ તરફ.

બધા જ પૂલના છેડા કોઈકે 'સીલ' કરી દીધા છે જાણે;
નેતાજીઓનાં હેલિકૉપ્ટરમાં બેસીને
આ તરફથી એ તરફ જવાની ખુશનસીબી બધાંને
ક્યાંથી મળવાની હતી ?
એટલેસ્તો
સૌએ પોતપોતાનું શહેર સરજી લીધું છે ને -
આ સિત્તેર દિવસમાં !

આ જુઓને,
આ તરફ સૉફ્ટ કોનનો આઇસ્ક્રીમ સફાચટ્ટ કરીએ
એટલામાંસ્તો....
એ તરફનાં સેંકડો ઘરખોરડાં બળીને ખાક થઇ જાય છે ને !
કહો... કર્ણાવતી અને અમદાવાદની વચ્ચે વળી અંતર જ ક્યાં છે !





(૧૦)

## આમિન

ડર
થર થર
થરનાં થર
શહેર પથ્થર
ખર ખર ખર
નગર પાનખર
ભર ભર ભર
એક જેલ
એક કૂવો
એક ભઠ્ઠી
એક સ્મશાન
એક કબ્રસ્તાન
આમિન !

# ૧૧. મા અને દીકરો

મા છું
શોધું છું
મારા દીકરાને
દીઠો નથી ૨૮મી પછી.
૨૮મી... કહે છે કે ક્યારનીયે ફાટી ગઈ કૅલેન્ડરનું પાનિયું બનીને
ફાટી ગઈ, ચિરાઇ ગઈ
અને ચીરતી ગઈ
આપણું શહેર, આપણાં હૈયાં, આપણું સર્વસ્વ.
દીકરો જ મારું સર્વસ્વ
કોણ લઇ ગયું હશે એને ?
પેલી સળગતી હવાઓ ભરખી ગઇ હશે એને, કે પછી ?...
ખરેખર ખોવાઇ ગયો હશે ?
ગુમ થયો હશે ?
પકડાયો હશે ?
ઘવાયો હશે .... કે પછી ?....

પણ મારી ઉજાગરાભરી રાતો
અને ઉચાટભર્યા દિવસો
રહી રહીને મને સમજાવવા મથે છે કે
૨૮મી પહેલાં પણ એ તો.... નહીં વારુ ?!
મારાં ચુંબનોથી મુલાયમ બનેલી છતાં
સાવ ખાલીખમ એની હથેળીઓ પરની લકીરો તો
૨૮મી પહેલાં પણ... એ તો ક્યારની...
નહિ વારુ ?!





ના, ના, તમે કહોને...
તમે તો જોયો'તો ને એને સાવ નાનો હતો ત્યારે કેવો ઊભો રહેતો હતો
રેશનની લાઇનમાં ? અને નિશાળે મોડો પહોંચે ને માર ખાય માસ્તરનો
છતાં મોં ખોલીને કહી નહોતો શકતો કારણ...
કારણ મોડા પડવાનું કે ખાંડ-તેલના ભાવ કે પછી એના બેકાર
બાપની બીના.
ને પછીનાં વર્ષોમાં યાદ છે ને... જરાક મોટો થયો ને, ફુલ-પેન્ટ પહેરતો
થયો ત્યારની વાત છે...
સાયકલ ખેંચીને કેવો નદીની આ પારથી પેલી પારની કોલેજમાં જતો
હતો, ને ત્યાંથી ટાઇપિંગના કલાસ ભરવા, ને ત્યાંથી ટ્યૂશન આપવા, ને
ત્યાંથી...
પાછો ફરતો ત્યારે આગલી પોળની સાંકડી શેરીમાંથી પસાર થતાં થતાં
સાંભળવી પડતી ગાળોને, એના મેલા ખમીસની સાથે જ, રાતના ધૂળિયા
અંધારામાં છબછબાવી નાંખતો'તો પોતાની મેળે જ...
અને મને એનો છાંટો સરખો ના ઊડે એની કેવી તકેદારી રાખતો'તો ?
પણ હમણાં હમણાંથી તમે જોયું'તું ?
કેવડો ઊંચો વધી ગયો'તો ? અને કેવા ખડતલ ?...
ને એનાં આછાં આછાં દાઢી-મૂછની લીલી ઝાંય ઉપર હું હાથ ફેરવતી
ત્યારે કેવો નિસાસો નાંખી દેતો'તો ? કેવો મોં ફેરવી લેતો'તો ?
કેવો મૂંગોમંતર થવા લાગેલો મારો લાડકવાયો ?
એના રતુમડા હોઠની પાછળ કોણે મણમણના પથ્થર ઠાંસી દીધા હશે ?
કોણે આંકી દીધી હશે કાળી ઝાંય એના ઊજળા ઊજળા કપાળ પર ?
કોણે ભૂંસી નાંખ્યાં હશે સપનાં એની આંખોમાંથી ?
કોણે ભાંગી નાંખ્યાં હશે એના આગળ વધતા પગ ?
કોણે હેઠા પાડી દીધા હશે એના હાથ ?
કોણે મચડી નાખી હશે એની થનગનતી આવતી કાલને ?... કોણે ?

ખેર !
જાણું છું, બધ્ધા જ જવાબ જાણું છું
આ એકેએક સવાલના.
પણ ભલા, આ જાણકારીના જાદુથી
મારો દીકરો મારી સામે હાજર થઇ જ જશે
એવું થોડું છે ?
અરે ! મારી જાણકારીનું તે કેટલું ગજું ?

એટલેસ્તો હું તમને પૂછું છું :
તમને... જાણતલોને, જવાબદારોને,
કર્તાહર્તાઓને, કીમિયાગરોને...
કહો : મેળવી આપશો મારા દીકરાને ?
દીઠો નથી જેને દસ દસ મહિનાથી...

28 ડિસેમ્બર, 2002





# ૧૨. નાગમણિ

(15મી ડિસેમ્બર,2002- ચૂંટણી પરિણામો પછીનું મણિનગર.)

મણિનગર!
વાહ, ઠીક સાર્થક કર્યું તારું નામ તેં તો !
આ જો ને, તને ગોઠવીને ગૌરવભેર
નીકળી ચૂક્યા છે નાગ
નવા શિકારની શોધમાં.

તારો પરમ પ્રકાશ
હવે ચિંધશે એમને રાજપથ
દેશભરમાં ને પછી
ડાયાસ્પોરામાં પણ ખરો જ ને વળી !

તો... હરખ હવે તું હિન્દુસ્તાન.

## ૧૩. હર બાર કિસી ભી દંગે મેં

હર બાર કિસી ભી દંગે મેં
હમ ઔરત હી બેઇઝ્ઝત ક્યોં ?
યહ નફરત ક્યોં ? યહ ઝિલ્લત[૧] ક્યોં ?
યહ દહશત[૨] ક્યોં ? યહ વહશત[૩] ક્યોં ?

યહ રઝિયા, લક્ષ્મી, મરિયમ, સિમરન, નૂર કી બેટી પૂછતી હૈ
રોઝા કી સાથિન પૂછતી હૈ, હાન્ના કી બહનેં પૂછતી હૈ
કૌસર કી બેટી* પૂછતી હૈ - કાતિલ કી ઇતની ઝુર્રત[૪] ક્યોં ?

ક્યોં સાલો અપને બીચ ઉન્હેં
બન્દૂક કો બોને દિયા હમનેં
સદિયોં સે કલિયાં નોંચ રહે
નાખૂન કો બઢને દિયા હમનેં
હિટલર કે ઝમાને ફિરસે ક્યોં ? નસલોં[૫] કે નામ પે નફરત ક્યોં ?

ચુલ્હે ન જલે, ઘર જલા દિયે
પાની ન મિલા, દિલ ડૂબો દિયે
ઇન ઝુલ્મ કે ઠેકેદારોં કે હાથોં મેં નબ્ઝે-સિયાસત[૬] ક્યોં ?

રિશ્તોં કે આઇને ટૂટ ગયે
શીશોં કી દરારેં ચીખ ઊઠીં
[૭]લફ્ઝોં કે માયને છૂટ ગયે
હોઠોં કી [૮]બિવાઇ રીસ ઊઠીં
માસૂમ ગુલાબી સપનોં કે દમ ઘોટનેવાલી હરકત ક્યોં ?

હમસે તો રહા ના જાયેગા ઇસ ખૂન સે લથપથ દુનિયા મેં
હમસ તો સહા ના જાયેગા યહ ઝોરો-ઝબર[૯] ઇસ દુનિયા મેં
યહ ખેલ હૈ આદમખોરી[૧૦] કા, ફિર ઉસમેં અપની શિરકત[૧૧] ક્યોં ?





મંદિર ભી નહીં, મસ્જિદ ભી નહીં
નફરત હૈં હમેં દીવારોં સે
જીના હૈ હમેં, કહના હૈ હમેં
નફરત હૈ જંગ કે નારોં સે
ઇક્કીસ સદી કે સૂરજ કો, નિગલેગી જુલ્મ કી જુલ્મત[૧૨] ક્યોં ?

11 ડિસેમ્બર, 2002

ઉર્દૂ શબ્દોના ગુજરાતી પર્યાય : [૧]ઝિલ્લત -અપમાન; [૨]દહશત - શંકા, ડર; [૩]વહશત - જંગલીપણું; [૪]ઝુર્રત - હિંમત; [૫]નસલ - જાતિ; [૬]નબ્ઝ - નાડી; સિયાસત - રાજનીતિ; [૭]લફ્ઝ - શબ્દ; [૮]બિવાઇ - ચીરા, કાપા, ચામડીના વાઢિયા; [૯]ઝીરો-ઝબ્બર - જબરજસ્તી; [૧૦]આદમખોરી - જનસંહાર; [૧૧]શિરકત - ભાગીદારી; [૧૨]જુલ્મત - અંધકાર

*૨૦૦૨ના માનવસંહારમાં નરોડા પાટિયાની જે સગર્ભા મહિલાનું પેટ ચીરીને તેના ગર્ભને અને પછી તેને તલવારથી ટુકડા કરીને સળગાવી દેવામાં આવેલી તે કૌસરબાનુની યાદમાં ગીત ફરીથી લખ્યું.

*રચના સંદર્ભ : તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૦૨ અમદાવાદમાં "શાંતિ માટે મહિલા-સર્જકો" નામે સાસ્કૃતિક કાર્યક્રમમાં આ રચના પહેલીવાર જાહેરમાં વાંચી. ૯-૧૨-૯૨ એ રચનાનું મુખડું - "હર બાર કિસી ભી...." બરોબર દાયકા પહેલાં, બાબરી મસ્જિદના ધ્વંસ પછી, અમદાવાદમાં કાર્યરત એક સ્વૈચ્છિક સંસ્થાનાં મુસ્લિમ અને હિંદુ/દલિત મહિલાસભ્યો સાથે કોમીએકતા અંગે વિચાર-શિબિરની સાથોસાથ નાટ્યશિબિર કરી હતી તે વખતે લખ્યું હતું. એ નાટકનું શીર્ષક પણ આ જ રાખેલું.*

# ૧૪. લાવારિસ

અમદાવાદ !
હું તો એમ પણ નથી કહી શકતી કે નથી ઓળખતી તને.
            હા, વધસ્તંભે લઈ જવાતા ઈસુના અનુયાયી પિતરને
            પેલા પિલાતે પૂછેલા સવાલના જવાબની જેમ હું કંઈ
            ત્રણ વાર તારો નકાર કરી શકવાની નથી.
જો તારી જાહોજલાલીમાં મારી ભાગીદારી હોય,
તારી વાહવાહમાં મારી  વારસદારી હોય તો પછી અલબત્ત,
            તારી આ હત્યાખોરીમાંય મારો હાથ ખરો જ ને ?
પહેરી ઓઢીને જડબેસલાક આ જવાબદારી
જીવતી તો છું જ આ તારીખમાંય  તે.
છતાંય લાગ્યા કરે છે, સતત વાગ્યા કરે છે નખમાં ભરાઈ રહેલી ફાંસની જેમ
નથી નીંગળતું લોહી પણ લાગે છે કે સડતું માંસ
કહોવાતું કહોવાતું ગંધાવા લાગ્યું છે.
આંગળીથી નખ વેગળા હોય તોયે કાપીને આઘા મૂકી શકતી નથી,
હાડોહાડ વ્યાપેલું દરદ આછું આછું ફૂંકી શકતી નથી.
            બેશક, તારા વિશેની મારી ગણતરીમાં
            કશીક ગફલત તો ચોક્કસ રહી ગઈ છે, અમદાવાદ.
આ જો ને
રોજ સવારે નહાઈ ધોઈને
સૂરજદેવને લોટો પાણી રેડતાં
ને ઘર આખાનું મંગળ વાંછતાં સુલુકાકી
દસ જ મિનિટ પછી, દૂધીનું દીંટું કાપતાં કાપતાં
મનોમન મિંયાનું માથું કાપ્યાની મજા પણ માણી શકતાં હશે
એવી મને કલ્પના સુદ્ધાં હતી ?





            સાંજ પડ્યે હાથમાં થેલી લઈને
            મોટી માર્કેટમાં જ અચૂક શાક લેવા જતા મનુમામા
            કોથમીર માટે કચકચ કરતા ને પ્રત્યેક રીંગણ દીઠ
            દસ પૈસા કમ કરાવીને કેસરિયાં કર્યાનો સંતોષ
            માણતી વખતે, મુસલ્લાઓને આમ જ પાઠ ભણાવવો
            જોઈએ - ના મનસૂબા ઘડતા હશે એવું પણ ક્યાં જાણતી હતી ?
અથવા તો પછી
આવતાં જતાં ઓછામાં ઓછી આઠેક વાર -
સોસાયટીના નાકે, રાતોરાત ઊભી થઈ ગયેલી દહેરી આગળ
માથું નમાવી 'જેમ્બે' કરતાં જીતેન્દ્રરાય પણ એ આઠેઆઠ વખત
'મારા બેટા બાંડિયાઓનું નખ્ખોદ' કાઢવાના જાપ જપતા હશે એય
ક્યાં જાણતી હતી ?
            પણે, પોળના ચોકઠામાં કેરમ રમતાં કે પાનાં ટીચતાં,
            પાન-મસાલા ગલોફામાં ગોઠવતા કે ગોવિંદાનાં ગીતો ગણગણતા
            મીતેશ,નીલેશ, પંકજ ને સુધીરને પણ
            "એ લોકો સાલા એ જ લાગના છે"
            બોલવાનો ચસ્કો પણ એકસોવીસ જેટલો જ અનિવાર્ય
            થઈ ગયો હશે એવી સમજ પણ નહોતી પડી ને ?
મટકાનો નંબર લગાડતા, લોટરીની ટિકિટ ખરીદતા, પોલિએસ્ટરની
સાડીને ફોલ ચોંટાડતા કે વરસના દસ મહિના તુવેરો ફોલતા મારા
હાથપગ જેવા અમદાવાદીઓ પળે પળે પૃથ્વીને નક્ષત્રી કરનારા
પરશુરામની જેમ જ મિંયાવિહોણું અમદાવાદ કરવાના નશામાં ઔર
ગુલતાન બનીને કામે વળગી જતા હશે એ પણ મને ક્યાં ખબર હતી ?
            અરે, આ તો મારાં તળ રાયપુર-ખાડિયા-સારંગપુરનો સિનારિયો...
            પણ પણે પેલા નારણપુરા, વાડજ અને ઠે...ઠ ઘાટલોડિયા લગી
            પણ આ જ ઘાટ ?
            અમદાવાદ ! તું તે ફાલ્યું કે ફાટ્યું ?
            પેલા ચમકતા સેટેલાઈટ તળે આવું અંધારું ?

અને પેલા નવરંગપુરાના બહાદૂરો આવા બત્રીસલખણા હશે એવી કોને ખબર ?
પિસ્તાળીસ વરસથી પાણી પીતી આવી છું આ પા'નું
પણ પૅન્ટેલૂન, સનપોઈન્ટ, ને મૅટ્રો લૂંટવાની આવડત આ જ પાણીમાં હશે
એવું કોઈએ ન'તું કહ્યું.

પણે પેલી ઝાંસીની રાણીની તલવારની છત્રછાયામાં
રોજ સવારે જૉગીંગ કરતા, યોગા કરતા, લાફીંગ કરતા લોક
સાવ આમ માટીપગા હશે એ ન'તું જાણ્યું.
એમની આર્ટ ઑફ લિવીંગમાં ઍન્જોય એબ્યુઝિંગનોય
સમાવેશ થતો હશે, વારુ ?
શું કહો છો ? નિયમિત રીતે સામયિક ને પ્રતિક્રમણ, એકાસણાં
ને અઠ્ઠઈ કરનારાં ઉપર હું આવું આળ કેમ ઓઢાડું છું, એમ ?....

પણ ભલાં ભાભુ !
પહેલાં મને એ કહો કે હિંસા આચરવી એ જ પાપ કે હિંસાના આચરનાર
સામે આંખ આડા કાન કરવા એ પણ પાપ ?
ને મારાં ભોળાં ભાભુ ! તમે તો એટલાં મુક્ત છો કે 'મિચ્છામિ દુક્કડં' કહેતાં
છૂટી જવાનાં... છટકી જવાનાં !
ખૈર, ખ્યાલ રાખજો કે કાલ નહિ તો પરમ દિવસે
'એ લોકો' તમારો વારો પણ અચૂક કાઢવાના.

તમે તો તમે.... પણ પેલા જમણા ગાલે તમાચો પડે તો
ડાબો ગાલ ધરનારાયે બચવાના નથી.
લાવી લાવીને કેટલા ગાલ લાવશે, બચારા ?
ને દૈ જાણે, કયા પ્રભુના કયા રાજ્યમાં રિઝર્વેશન
કરાવીને રાચે છે રૂપાળા... તે અહીં ગોમતીપુર ને
બહેરામપુરામાં જોડાજોડ રહેતાં રહેતાં
છેવટે પોતાના પાડોશીપ્રેમને જ ક્રૂસે ચડાવી બેઠાં !

અમદાવાદ !
મને તો એમ કે આ બધાં મારાં જ છે.





આ બધું જૂનું એટલું સોનું છે ને સોનું છે તે સારું છે ને સારું છે તે મારું છે.
છે ? ખરેખર ? તો પછી..?
આમ સંજોગોમાં શાણાંઠાવકાં ડાહ્યાડમરાં આ મારાં સગાંવહાલાં કેમ મારી
ઊંઘ હરામ કરવા બેઠાં છે ? કેમ મારા ઘોઘરે વળગીને દિવસરાત મારો ટોટો પિસવા
બેઠા છે ? એમનું આ 'ખરું' કાયમ 'ખરું' નથી ને 'ખોટું'ય કંઈ હંમેશા ખોટું''
જ હશે એની કોને ખાત્રી છે, ભલા ? તો પછી...?

ચેતી જવાનું હતું, અમદાવાદ ! મારે ત્યારથી જ
ચેતી જવાનું હતું : જ્યારે મહોલ્લે મહોલ્લે ને એયને આખા હાઈવે પર
હિન્દુ રાષ્ટ્રના ખંડ-પ્રખંડનાં પાટિયાં ખોડાવા માંડ્યાં'તાં, દ્હેરીઓ અને
મંદિરો ઊભાં થવા માંડ્યાં'તાં, આરતી ને મહાઆરતીઓ,
પૂનમની પદયાત્રાઓ, દશામા ને દોરાધાગાઓ, કથા-કીર્તનો - સપ્તાહો...
અને સ્વાધ્યાયોનાં પાટિયાં

શેરીએ શેરીએ ને સોસાયટીએ સોસાયટીએ હાઉસ ફુલની હાવળ દેતાં
ઝૂલતાં થયાં'તાં....
પણ રે ! અમારો ઑરમાયો અવતાર, ડાબા હાથના અસવાર ને
આંગળીના વેઢાય વધી પડે એટલી અમારી વસ્તી !
અમારી બૂમ કે અમારી કવિતા, અમારાં નાટકો કે અમારાં આંદોલનો...
હાથીના કાને મચ્છર બણબણતા હોય તેવું...
અને એ હાથીઓએ ઉડાડેલી ધૂળ ભરેલી આંખો ચોળતી'તી ત્યાં જ તો
એ લોકોએ તારી છાતી ઉપર છલકતી નહોતી તોય તે
આપણી એકની એક નદીને ખોદી નાખી.

તું કહી શકીશ, અમદાવાદ !
તું કયું પાણી પીએ છે આજકાલ ?

એમણે તો સીત્તેર સીત્તેર વરસથી લોહી ચાખવાની આદત કેળવી'તી
અને તેં ઊભો કરી દીધો અવસર આનંદનો એમને માટે.

કેમ ?

ગાય-કૂતરાંને હલાલ થતાં જોઈને હડકાયા થનારાં
આપણે આટ આટલું...આટઆટલું માણસ
માણસ જેવું માણસ લૂંટાતું-હણાતું- હડહડતું-
હડસેલાતું- કપાતું-સળગતું ને બળીને ખાખ થઈ જતું
માણસ કેમ કરીને જોઈ રહ્યાં આપણે ?
અમદાવાદ ! આટઆટલું... ? ને તોય તારા પેટનું પાણી...?
પેટ... તારું આ તડાતૂમ તૂંબડું ! દાબડદીબડ ડોઝરું !
બધ્ધું જ બધ્ધું પચાવીને બેઠું છે તારું પેટ !
આટ આટલાં લોહીમાંસ ઓહિયા કરીને, ઓડકાર ખાતું, ફાંદ પસવારતું...
અલ્યા અમદાવાદ.... હું તારું જ પેટ છું એમ કેમ કરીને કહું ?
કેમ ?
તું તો મૃતઃપ્રાય, મૃત, મરણીલું, મરણઘેલું, મરણોન્મુખ, મરણોન્મત્ત...
અમદાવાદ ! કરવું તો હતું તારા મહિમાનું મહાકાવ્ય
કમ સે કમ એકવાર.... પણ હવે કરવી પડે છે કરૂણ-પ્રશસ્તિ !
પ્રશસ્તિ ?- આ શબ્દ પણ કેવી રીતે હવે તો ?
તું મારી મા, તું મારો બાપ... લે; ૨૦૦૨ પૂરું થતાં ને ૨૦૦૩ શરૂ થવાની
સવારે દાટું છું- બાળું છું - કાગડાને મોંઢે નાખું છું તને... મારા શહેર !
ને જાણ કરું છું જગતને કે આજથી હું સાવ નમાઈ, નબાપી, નકામી છું.
સાવ લાવારિસ.....મારા અમદાવાદ ! સાવ લાવારિસ !

જાન્યુઆરી-૨૦૦૩





# વિભાગ : ૪

# આદિવાસીની આજ

# ૧. દાહોદ

પથ્થરોનાં ગાભ ફાડીને
આભ ચીરીને
કૂખ છોડીને
આ લ્લે.... કેવું ઊઠતું નગર ?!
એસ્તો.... આલમગીર*નું શહર !
પર્વતપ્હેરો આગળ પાછળ
સરવરચ્હેરો અધવચાળે
હાટબજારો મધવચાળે
એમ સૂતું'તું સૉડ તાણીને
આમ અચાનક આળસ મરડી
ખાઇ બગાસું, ચપટી વજડી
થનગનતું, ટટ્ટાર, ટનાટન
જોઇ લ્યો, કેવું પ્હોંચવા કશેક્
પામવા અશુંક્
આંબવા કશુંક્
ઊંચી ડોકે, મીટ માંડીને, હાથ ફેલાવી
કેવું ઊભું છે, કેવું ઊભું છે, કેવું ઊભું છે
અધ્ધરપધ્ધર !
એસ્તો.... આલમગીરનું શહર !
આલમગીરના આ શહેરની વચ્ચે ઊભાં રહીને કવિ વિમાસે :
રસ્તો કોના ? કેડીઓ કોની ?
કાંડાં કોનાં ? બેડીઓ કોની ?
શોધતાં કવિ એમ જુએ છે, તેમ જુએ છે
પગલાં સાથે પ્હાણ સૂંઘે છે
કપાળ માથે લોહી લૂછે છે





વળી પૂછે છે : રસ્તા કોના ? કેડીઓ કોની ?
કહો કહો : ત્યાં પગલાં કોનાં ? પગલાં કોનાં ? પગલાં કોનાં ?
એસ્તો.... પેલા
જહાંપનાહો, ગરીબ પરવર,
રેસિડેન્ટો, સા'બ ગવરનર,
રાવબા'દરો ને દીવાન બાદ્દર
અને પછી આવ્યા મંત્રીજીઓ, સંત્રીજીઓ
ટીડીઓ ને ડીડીઓ સાથે એબીસીડીઇએફજીઓ
અન્નદાતા ને માંધાતાઓ
ખાઇપીને બન્યા રાતામાતાઓ
જેમનાં પગલે જમીન ખૂટી
જંગલ રૂઠ્યાં
માણસ ઊઠ્યાં, માણસ ઊઠ્યાં, માણસ ઊઠ્યાં !
ઊઠી ઊઠીને આમ ખેંચાણાં, તેમ ખેંચાણાં
પોતીકું જાણી પારકાં માટે મહીં વેચાણાં
માંહોમાંહે, આઘાં પાછાં થઇ વ્હેચાણાં
વ્હેરતું એમને, વેચતું એમને, ખેંચતું એમને, ખાળતું એમને
એમનાં લાકડે બાળતું એમને
તક આપીને ટાળતું એમને
કોણ.... તે વળી શીદ પૂછો છો ?
એસ્તો.... આલમગીરનું શહર !
શ્હેરનો એવો ઇલમ.... જાણે
કવિ જૂએ છે ફિલ્લમ જાણે
રેલતાં જાતાં રિલ્લમ જાણે, રિલ્લમ જાણે, રિલ્લમ જાણે....
જુઓ.... જુઓ.... પણે.... એયને જાતાં
હાર બાંધી
કતાર બાંધીને

માથે આખ્ખું ઘર ઉપાડી
ખભ્ભે આખ્ખો ભવ ઉપાડી
હાડનાં પિંજર હડહડ થાતાં
હરાજ થાતાં
તારાજ થાતાં
એયને જાતાં... એયને જાતાં.... એયને જાતાં....
ઘરાં મેલીને હાટની બાજુ
ખેતરાં મેલી ખાણની બાજુ
માટી મેલી મસાણની બાજુ
એયને જાતાં.... એયને જાતાં.... એસ્તો પેલાં.... લંગોટીબાજો !
કેમ ? કેમ ? કવિ ! આમ ? સરેઆમ ?!
નહિ કહો એમને તીરંદાજો.... જાંબાજો.... બરકંદાજો ?
અરે ! ક્યાંથી કહેવા એમને મારે
તીરંદાજો.... બરકંદાજો ?!
અહીં તો સાલું.... તીરને મૂક્યાં ગિરવી એણે
કામઠાં ભેરવ્યાં ભીંતડે એણે
વેચતાં જાત ના પામ્યાં વાસો
શ્વાસે શ્વાસે મળતો જાસો
પૂંછડે ઝળ્યાં રામાયણમાં, ભડકે બળ્યાં ખાંડવવનમાં
ચોર-લૂંટારા ગ્રેટબ્રિટનમાં, સાવ ભૂલાણાં જનગણમનમાં
ઘટતાં.... ઘટતાં.... ઘટતાં વનમાં પથરાયાં રેલ પાટા બનીને
વધતાં.... વધતાં.... વધતાં રણમાં ઊંચકાયાં ઇમારત થઇને
એકલદોકલ થૈને ઠૂંડાં - ઊભાં સુકાયાં
વેરવિખેર એ દાણા થયાં તો રોજ દળાયાં
પંડને ખાતર
પેટને ખાતર
પોયરાં ખાતર





દારૂડામાં તરતાં દીઠાં
દેવામાં એને ડૂબતાં દીઠાં
શ્હેરોમાં સૉરાતાં દીઠાં
મ્યુઝિયમે પુરાતાં દીઠાં
કટકે બટકે રાચતાં દીઠાં
દિલ્લી-પૅરિસ નાચતાં દીઠાં
ભાન ભૂલ્યાં એ ઢોલનગારે
હાથમાં કંઇ ના બચ્યું પગારે
તે આજે.... છેવટે રહ્યું તગારે !
આમ ત્રિકમ-પાવડો ને તગારું થઇને જીવતાં
આ મનુજ - જંતરડાંને જવું છે ક્યાં ?
દો દો હદ પર આવી ઊભેલાં
આ ધરતીના ધણીને જવું છે ક્યાં ?
આલમગીરના આ શ્હેરના ઇલમમાં ગુમ થતાં પહેલાં
કોણ રે ખોલે વહીના આંટા ?
ફોરતાં જ્યાં હજી લોહીના છાંટા !
કોણ રે કોણ
કહો પઢાવે
કોણ સુણાવે
કોણ ધુણાવે બોલ ભૂરાંટા : ઉલગુલાન.... ઉલગુલાન....
ઉલગુલાન.... ઉલગુલાન** !
દો દો હદનાં આ સંતાનો દો દો હદ પર આ સંતાનો
કહોને ક્યારે.... હદ બધી ધમરોળતાં થાશે ?
સરહદો વળોટતાં થાશે ?
સામી છાતીએ સર સરાસર કરતાં થાશે ?
આગળ વધી એક એકાકાર કરતાં થાશે ?

કાળઝાળ થઈ કંઈ કૂંડાળાં ભાંગતાં થાશે ?
જાગતાં થાશે ?
દંતકથાની દાબડીમાં ધરબાતાં પહેલાં ?....
હેકૂ.... વાયરા ! ઉત્તોર દેજો !
હેકૂ.... ડુંગરા ! પડઘો દેજો !
હેકૂ.... રૂખડા ! સાખે રે'જો !
અને કવિ ! તમે કાનમાં કે'જો.... આટલું કે'જો.... એટલું કે'જો :
ઉલગુલાન.... ઉલગુલાન.... ઉલગુલાન.... ઉલગુલાન !

'99

* આલમગીર - ઔરંગઝેબનું એક બિરૂદ. દાહોદ ઔરંગઝેબનું જન્મસ્થળ છે.

** બંગાળ-બિહારના સાંથાલ, મુંડા વગેરે આદિવાસીઓનો ક્રાન્તિમંત્ર. જેનો સાદો અર્થ - 'ઊઠો ! બદલો !'





## ૨. નર્મદા : કેટલાંક ચિત્રો

૧.

ટીંગાટોળી
પાણીમાં ઝબોળી
સૌ છોકરાંને પા-પા પોળી
પ્હાડનાં પોયરાંને.... હૈયાહોળી !

૨.

નર્મદા,
તું.... જાણે બાજરાના રોટલાની ફડશ - એક તાણે આમથી
ને બીજો તાણે તેમથી
કોઈને લાગે છે ઘીની નાળો
કોઈને માટે ચાટલા સામે ચાળો
તો કોઈને મન ડૉલરિયો ઉછાળો
પણ કોઈને માટે.... માસમાણી ગાળો !

૩.

નર્મદા.... રેવા....
આમ કૂદતી ઉછળતી ક્યાં જઈને રહેવાની ?
આ છાવણી કે પેલી ? પેટ ભરીશ કે ખિસ્સાં ?
લડતાં લડતાં ખુવાર થવાની ? વીજળી થઈ ઊડી જવાની ?
તરસ થઈ વકરી જવાની કે મોત થઈને ગળી જવાની ?
કે પછી દુર્યોધનની જેમ અઢારમી અંધારી રાતે
જાનામિ ધર્મમ્... જાનામિ અધર્મમ્ બબડતી બબડતી
અંધારા ખાબોચિયે જઈ સમાવાની ?
ચોઈસ ઈઝ યોર્સ !.... રિયલી ?!

'96

# ૩. આદિવાસી : કેટલાંક ચિત્રો

૧.

સાંઠીકડાં.... સૂક્કાં.... ભોંયભેગાં
વાટ જોતાં પડ્યાં છે વાટમાં
ક્યારે કોઇ આ તરફ આવે
કોઇની નજર પડે
કોઇક ભેગાં કરીને ભારો બાંધે
ક્યાંક જઇને ચેતાવે
તો જ ભભૂકી ઊઠશે ને ?
આમ જ રચાયા કરે છે
આમ જ રચાતો રહેવાનો છે ઇતિહાસ ?

૨.

સદાવ્રતી ધાબળા નીચે ઢબૂરાઇને પથરાઇ છે
આ - સૂતેલી પરજ !
પડખે પ્રગટતી ચિંગારી બુઝાવા લાગી છે
બાંધેલી ભારીઓ આમતેમ.... વેર વિખેર....
કુહાડી - દાતરડાં ઝૂંટવાયાં છે - ખોવાયાં છે.
ચેતેલા ચૂલા હોલવાયા છે
ઠારી દેવાઇ છે ભારેલી આગ - દયાદાનની કાંજી પિવડાવીને.
ક્યાંક.... જીભ રટે છે પ્રભુનામ
માથાં ધૂણે છે ભજનમાં કે પછી પતનમાં
હાથ ઊઠે છે ને બોલે છે : ક્ષમા - ક્ષમા - ક્ષમા
આખે આખી પરજ બની ગઇ છે ભગવાનનું માણસ
કહો હવે : મશાલ કેમ કરીને જલશે ?





૩.

પર્વત ઉપરથી જોઉં છું ઊતરતો
એક રણકતો ખણકતો રોકડો રૂપિયો
ને એક કોરી કડાક નમણી નોટ
યાનિ કિ.... વોટ જ વોટ !
ભાઇ વાહ ! ટંકશાળ તો અહીં જ છે અંતરિયાળ; સિક્કા ચાલે છે શહેરમાં
રૂપિયાને પહોંચવું પડશે ફૂટપાથો પર ગબડતાં રવડતાં રખડતાં,
ને પેલી નોટને અહીંતહીં ફરતાં ફરતાં ચોળાવું ચૂંથાવું પડશે
- ત્યારે જ ઉપજશે એની કિંમત, ત્યારે જ બોલાશે એના ભાવ !
સૂગાશો નહિ, મારા સાહેબો !
અહીં આ જ ભાષા બોલાય છે - સમજાય છે.
ઠેઠ પર્વતની પગદંડીથી માંડીને
તાલુકા-કચેરી ને જિલ્લા-પંચાયત
ફલાણા બોર્ડ ને ઢીંકણા નિગમ
આયોગ-નિયોગ-સંસ્થાન-પ્રતિષ્ઠાન-કોરટ-ફોરટ ને ઠેઠ સંસદ-ફંસદ સુધી;
ફસાયેલું છે આ લોક.... અડધી સદીથી.
આ લોકો કદી સૂગાયાં નહોતાં ને નથી
ગાય કે સુવ્વરની ચરબીથી !
કશો ફરક પડ્યો નથી એમને
સૂરજ-ચંદ્ર, સિંહ, ચક્ર, ચરખા કે કમળના
અલટા પલટાથી!
એમ ઝંડા બદલવાથી હાલત બદલાતી હોત તો તો પૂછવું'તું જ શું,
મારા સાહેબ !
ફરક તો ત્યારે પડે
જ્યારે એમની કેડી બદલાય
ને બદલાય આપણાં શસ્ત્રો - આપણી લડત.

'96

## ૪. ચડેતરું

ઢમ્ ઢમ્ ઢમ્ ઢમ્ ઢમ્ ઢમ્...
એઈઈઈઈ.... ગુણતાબેન, ઓ ટેંટાભાઈ, ઓ હરખાંબેન, ઓ બિજ્યાભાઈ...
હાંબળજો કે હાંબળજો, હાંબળજો કે હાંબળજો સઉ હાંબળજો...
તમે જાગતાં છો કે ઊંઘતાં છો ?
આ ભગવાં ભૂંડાં લા'ય લગાડે
મગરે મગરે... રૂખડે રૂખડે.
ચેતજો રે ! ચડેતરું આયું
ત્રિશૂળ - સિંદૂર લઈને આયું
મારકૂટનો મંતર કાનેકાનમાં ફૂંકશે - મગરે મગરે... રૂખડે રૂખડે.
વરસો પ્હેલાં વન સળગાવ્યાં, વાંદરાં કીધાં
વાલી માર્યો, સુગરિ તાર્યો, એકલવ્યોને પાંગળાં કીધાં
એ જ રામના નામે તમને માણસખાઉ દૈત બનાવે -
મગરે મગરે.... રૂખડે રૂખડે.
દાયકા પ્હેલાં દાઢમાં રાખ્યાં, કંઠીઓ બાંધી
ભૂખ્યાંને ભજનો ગવડાવ્યાં, ધજાઓ બાંધી
નીમધરમનો દારૂ પાઈને દારૂડો ચાંપે -
મગરે મગરે... રૂખડે રૂખડે.
નાગાંને લંગોટી એમણે આપી ભગવી
અબૂધને ધિક્કારની જૂઠી બોલી શિખવી
ઢોર કહી ધક્કેલ્યાં તમને, ઘેટાં પેઠે તમને વધેરે -
મગરે મગરે .... રૂખડે રૂખડે.
તમને ના પોતિકાં કીધાં, આજ લગી કંઈ
તમને ના કોઈ હક્કો દીધા, આજ લગી કંઈ
આજ પટાવી પાપ કરાવે, હાથમાં ઝેરી તીર ઝલાવે -
મગરે મગરે.... રૂખડે રૂખડે.

'99 - 2002





*રચના સંદર્ભ : સતત બે વર્ષ દક્ષિણ ગુજરાતનાં આદિવાસીઓમાં મોટા પાયા પર હિન્દુત્વવાદીઓનું સાંસ્કૃતિક આક્રમણ થતું રહ્યું હતું. લગભગ સમગ્ર ગુજરાતના ખ્રિસ્તી ધર્મ સ્વીકારનારા આદિવાસીઓ અને તળ આદિવાસીઓના સંપર્કમાં આવતાં રહેવાથી કેટલાક મુદ્દા તો સમજાતા થયા હતા. પણ પછી ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૨ થી શરૂ થયેલા માનવસંહારમાં ઉત્તર ગુજરાત - મધ્યગુજરાતનાં આદિવાસીઓનો હિંસાચાર માટે ઉપયોગ કરનારાં તત્ત્વો સાબરકાંઠા, બનાસકાંઠામાં પણ કહેવાતી સેવા, સ્વાધ્યાય આદિ ઉપરછલ્લી ધાર્મિક પ્રવૃત્તિઓનાં નામે આદિવાસીઓને મુસ્લિમવિરોધી 'સંસ્કારો' આપી રહ્યાં છે એની ગંધ પણ અમને ક્યાંક આવી હતી. આ બધી લાગણી ૨૮ ફેબ્રુઆરી પછી ચરમ પર પહોંચી હતી. બે-અઢી વરસમાં ટુકડે ટુકડે રચેલી આ કવિતા એપ્રિલ, ૨૦૦૨માં પૂરી થવા પામી.*

શબ્દો : મગરો =ડુંગર, રૂખડો = વૃક્ષ, ચડેતરું = સશસ્ત્ર ઝનૂની ટોળાં (ઉપરોક્ત શબ્દો સાબરકાંઠા - બનાસકાંઠાની આદિવાસી બોલીઓમાં પ્રચલિત છે.)

## ૫. શ્હેરની સડક બાંધતા આદિવાસીને -

થાય ડગમગ પગ, સડક આ શ્હેરની
ખ્હાંડ પાછો વળ, સડક આ શ્હેરની

ધૂળ ફાકીને જીવે છે માણસો
ખાય છે માણસ : સડક આ શ્હેરની

રંગબેરંગી તરસનું ધામ આ
તું ન ખોબો ધરઃ સડક આ શ્હેરની

લઈ ખભે જંગલ ટટળતું તું ભમે
ને હસે ખડખડઃ સડક આ શ્હેરની

થાંભલે ઝોળી - ઝૂલે છે સ્વપ્ન ત્યાં
નિંદ ક્યાં છે ? માત્ર કોલાહલ : સડક આ શ્હેરની

તેં પસીનો છો સીંચ્યો આ રેતમાં
અહીં ન તારું ઘર- સડક આ શ્હેરની

ભૂખ તારી ભોંય ફાડી ઊગશે
થાય લીલીછમ, સડક આ શ્હેરની

તું જો ધારે તો બને તારીય તે
એકલો ના લડ : સડક આ શ્હેરની

ડિસેમ્બર, '95





## ૬. એ આદિવાસી જો મ્હોં ખોલે તો -

પ્હાડમાં પાછો ફરું તો ખાઉં શું ? ક્હેશો કવિ ?
ઘર ને જંગલ, હકનું જીવતર - શું રહ્યું ? - ક્હેશો કવિ ?

હું નદી થૈને નથી વ્હેતો કે પાછો ના વળું
પણ આ પગ ને હાથ સાથે પેટ લઈને ક્યાં જઉં ? ક્હેશો કવિ ?

હું જ બાંધું - હું જ સરજું, ઘર-નગર-રસ્તા બધાં
હું જ તોય ઘર વગરનો કેમ રહું ? - ક્હેશો કવિ ?

સાંભળ્યું સવરાજ આયું - તો પછી એ ક્યાં ગયું ?
દંડ-ડંડા -વેઠ બીજું શું મળ્યું ? ક્હેશો કવિ ?

છાશવારે રંગ બદલે, ચાલ બદલે કાકિડા;
પણ અમારું કેમ ના બદલ્યું કશું ?- ક્હેશો કવિ ?

તેજ છિનવ્યાં, શ્વાસ લૂંટ્યા, પગ નીચેની ભોં ગઇ
આભ ફાટ્યું; કેમ ના પડતું ટીપું - ક્હેશો કવિ ?

વ્હેરતા - વિખેરતા- ટુકડા કર્યા અમ લોકોના
એમનો ઇશ્વર લઈને ક્યાં મૂકું ? ક્હેશો કવિ ?

વારતા વિકાસની ને તુંય હોંકારો ભણે ?
કઈ રીતે - કોનો ભરોસો- હું કરું ?- ક્હેશો કવિ ?!

આ સડકને પ્હાડ સુધી લઈ જઉં હું જે દિવસ;
આપણે સંગાથ ત્યારે ચાલશું - ક્હેશો કવિ ?

ડિસેમ્બર, '95

## ૭. આદિવાસી યુવતીનું ગીત

ડગમગતા ડુંગરની વચ્ચે એ વસતી, ખાલીખમ નદીઓને ખોળે એ રમતી
આ પા પિયરિયું ને સાસરિયું પેલી પા ; છ મઈના રળતી ને છ મઈના રડતી

મક્કઈના સોનેરી લીલા પંછાયા, નાસંતા વાદળની પાછળ સંતાયા
ધૂળિયા પાટી પર કૈં સપનાંના લીટા, આગળપાછળના સૌ મતલબ ભૂંસાયા

પાણીના પડઘાય પડતા - છેતરતા, આ પળ સૂકાતા ને એ પળ પલળતા
પથ્થરની છિપ્પર ને આંસુનાં ફિણમાં, મરમીલું ભરમીલું અફળાતા, ગળતા

પગલાંથી કેડી કે કેડીથી પગલાં ? સૈયરને પૂછે એ એવાં ઉખાણાં
સૈયરની વાતોમાં શ્હેરોની સડકો ; બસના ધૂમાડે કજળાતાં પલપલિયાં

ઉત્તરમાં દિલ્લી ને દખ્ખણમાં મુંબઈ, પેઢીની પેઢીની પેઢીઓ વહી ગઈ
ગયા તે ગયા ને પાળિયા રહ્યા, સિંદુરિયા થાપાથી સીમો રંગઈ ગઈ

એક દિ' મહુડા નીચે ઊભી'તી હે - કે; આઘે આઘેથી એ આવંતા દેખે
માથે ન છોગાં કે કાને ન ફૂમકાં; એની આંખે નવા શમણાં એ પેખે

એક નૈ ને બે નૈ ને મુઠ્ઠીભર આવ્યા, જાણી-અજાણી એ વાતો કૈં લાવ્યા
થોડી સમજાતી ને થોડી અટવાતી, તોયે કંઈ એવું કે તણખા ચેતાવ્યા

મહુડા નીચે ઓહો ! એવું પિવડાવ્યું કૈં, તીખ્ખીતમ વાતોમાં બચપણ ખોવાયું સૈ,
મેળો નૈં, બંગડી નૈ, પિચ્ચર નૈ, ફોટા નૈ, તોયે તે દા'ડાથી ચક્કર ઘુમાયું સૈ

તે દિ'થી એને તો એવું કૈં સૂઝે કે સુક્કા નિસાસા આ લીલુંછમ દૂઝે કે ?
એવું કૈં બોલે ને હૈયું કૈં ખોલે કે બોલે બોલે એના મગરા* આ ગૂંજે કે ?
ઢમઢમતા ઢોલે આ નવતર શી બોલી ?
ગાતાં ધરાતી ના વાંસળીઓ પોલી !
આ કેવાં અજવાળાં ઊઘડે અંતરમાં ?
ઊગમણે કોણે આ બારીઓ ખોલી ?
એ....કે મગરાને એ ધણણણ ઢંઢોળે ને બંને નદીઓને સંગાથે લૈ દોડે





ચારે કાંઠા ઉઠે, હુડૂડૂડૂ હાલે , પાળા-પાળીને ને ભીંતોને તોડે
અડધું તડતડતી ને અડધું ધૂમાતી
છાણું થૈ આજે એ છો ને બળબળતી
સગડીથી દીવડી ને દીવડીથી દીવો
વગડાનો દવ થઈને ચેતે, ચેતવતી
વગડાનો દવ થઈને ચેતે, ચેતવતી;
એ વગડાનો દવ થઈને ચેતે, ચેતવતી.

ઓક્ટોબર, 2000

*મગરા = ડુંગરા

*રચના સંદર્ભ : છેલ્લા બે દાયકામાં, નવું વિચારતી સ્વૈચ્છિક કે ક્રાન્તિકારી સંસ્થાઓ, તેના યુવાન કાર્યકરો-કર્મશીલો પણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં સક્રિય બન્યા છે. સામાન્ય રીતે બહારના પુરુષો દ્વારા જાતીય શોષણનો ભોગ બનતી અદિવાસી સ્ત્રીઓને આવા કર્મશીલો દ્વારા ચેતના સંકોરાયાનો સકારાત્મક અનુભવ પણ મળે છે.*

## ૮. ગુજરાતના અદિવાસીને

*(૨૭-૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૨ પછી)*

દોસ્ત !
એ લોકોએ છેવટે તને 'મામો' જ બનાવ્યો ને ?
પહેલાં પહેલાં તો - મને યાદ છે -
એ લોકો તારા ખભે હાથ મૂકીને
એમણે જ કાપવા માંડેલાં જંગલોમાં કેડીઓ શોધતા હતા.
રસ્તામાં જ અચાનક એમની આંખ ફરી ગઇ,
ચહેરા ખોવાઇ ગયા;
મહોરાં ગોઠવાઇ ગયાં
અને જોતજોતામાં તારી આંખે અજબગજબના પાટા બાંધી,
તને ગોળ ફૂદરડી ફેરવી
પોતે બિલ્લીપગે નાસી છૂટ્યા હતા દિલ્લી ભણી.
- ને ત્યારેય તું હરખાયો હતો,
નાચી ઊઠ્યો'તો ઢોલના તાલે તાલે;
ફૉરી ઊઠ્યો'તો મહુડાનું ફૂલ બનીને.
તને એમ કે તું જ એ ઢોલની દાંડી
ને તું જ મહુડાની છાંયડી !
પણ ભલા'દમી ! એ લોકો તો
તારાં ચામડાંછોતરાંની
પવનપાવડીઓ પ્હેરતાંક્ને
ક્યાંના ક્યાં ઊડતા થઇ ગયા છે !
ને તારો નશો ઊતર્યો ત્યારે
તું તો તેં કદી ન દીઠેલા દરિયાને તળિયે જઇ બેઠેલો.
એ જુવાળનાં વળતાં પાણીમાં
વળી એક ઑર રંગ ઉમેરાયો





જે તારા ઘર-ખોરડાંની સાંઠીકડાંમઢી દીવાલો પર
લિંપાઇ ચૂક્યો લાગે છે - લથબથ.
હવે તને બહારનાં અજવાળાંનું ભાન
ભાગ્યે જ થવાનું કે શું ?!
તને લાગે છે કે આ
પરોઢનું અંધારું છે ?
સપનું સાકાર થતાં પહેલાંનું મીઠું ઝોકું છે ?
દોસ્ત ! આવાં સાકરિયાં સપનાં તો
બહુ ઝેરીલી મીંડમાંથી નીકળતો સૂર છે... રખે ડોલી ઊઠતો.
પણ એ મહુવરે તને ડોલાવી તો દીધો જ છે !
તારી આંખમાં ધૂળ નાખીને
એ લોકોએ
તારા હાથમાં ઘણું ઘણું પકડાવી દીધું છે... એ તો ખ્યાલ છે ને ?
પણ મુદ્દાની વાત એ કે, પહેલાં 'વિદેશી'ઓ સામે અને હવે 'વિધર્મીઓ' સામે
તને છૂટ્ટો છોડી મૂકનારા એ લોકોએ
તારાં પગ તળેની ધરતી અને
તારાં માથે ઝળુંબતાં ઝાડ તો ક્યારનાંયે
સેરવી-ખેરવી લીધાં છે... એનું શું ?
તને - તારાં જ જંગલનાં ઝાડની જેમ
કાપીકૂપીને, તારી જ ખુરશી બનાવી
તાગડધિન્ના કરનારાને, વનવટો આપી તને 'વનવાસી' કહેનારને -
મારા વતી એક સવાલ તો પૂછી જો કે
ખરેખર તારો દેશ કયો ?
તારો ધરમ કયો ?
દોસ્ત !
તારા હાથ ઉપર લાગેલા

લોહીના ડાઘ ધોવા તો હવે
નર્મદાયે નથી રહી...
એણેય પાટનગરની કદમબોસી
કરવા ઊંચેથી નીચે પડવાની
નિયતિ સ્વીકારી લીધી છે.

એ લોકો
કાલ ઊઠીને તને, તારાં જ ભાંડુની સામે
બલિનો બકરો બનાવી ધરી દેશે
ત્યારે તું શું કરવાનો ?
આમ જ - નાચવાનો ?
તારી કહેવાતી સ્વતંત્રતામાં રાચવાનો ?
'મામો' તે 'મામો' જ બની રહેવાનો... કે પછી... ?

માર્ચ, 2002.



## શ્રાવ્ય કેસેટ્સ

| | | | |
|---|---|---|---|
| 1. | **'સરખી સાહેલી'** (4 ગીતો) | નારીવાદી ગીતો | વાચા સેતુ સ્રુતિ |
| 2. | **'ન્યા'નો મારગ'** | મહિલા,કાયદો અને કાનૂની પ્રક્રિયા | સામાજિક ન્યાય કેન્દ્ર - સંવેદન સાંસ્કૃતિક મંચ |
| 3. | **'હાથ અને હૈયું'** (8 ગીતો) | ગ્રામીણ નારીનો શ્રમ અને સંવેદનો | 'જાગ્રત' (સેન્ટ ઝેવિયર્સ કોલેજ) |
| 4. | **'એક હો કે રહેંગે'** (1 ગીત) | કોમી એકતા | 'જાગ્રત' (સેન્ટ ઝેવિયર્સ કોલેજ) |
| 5. | **'લાગ્યો લડત કેરો રંગ'** (2 ગીતો) | દલિતો અને સ્વમાન | નવસર્જન અને દર્શન |
| 6. | **'ઢોલ વગાડો, અજવાળાં ઉતારો'** (2 ગીતો) | દલિતો અને સંગઠન | નવસર્જન અને દર્શન |
| 7. | **'મશાલ લઇને, મશાલ લઇને'** (8 ગીતો) | ભૂકંપગ્રસ્તોના પુનઃ નિર્માણ સંદર્ભે વંચિતો પરત્વેનો ભેદભાવ | સ્નેહ સમુદાય અને દર્શન |
| 8. | **'આપણો અવસર' અને 'મંજુલા'** | પંચાયતી રાજમાં મહિલાઓની ભાગીદારી | મહિલા સ્વરાજ અભિયાન |
| 9. | **'ગ્રામસભા'** (2 ગીતો) | પંચાયતીરાજ અને વંચિતો | ગુર્જરવાણી અને દર્શન |
| 10. | **'પંચાયત ચૂંટણી'** (4 ગીતો) | પંચાયતીરાજ અને વંચિતો | ગુર્જરવાણી અને દર્શન |
| 11. | **'છેવાડાનું ફળિયું'** (4 ગીતો) | દલિત નારીકથા | સામાજિક ન્યાય કેન્દ્ર |

## સંવેદન સાંસ્કૃતિક મંચનાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| 1. | **'સાબરમતી પૂછે છે'**<br>(જનવાદી સાહિત્ય સંગ્રહ) | *સંપાદન* : ડૉ. સરૂપ ધ્રુવ<br>હિરેન ગાંધી | રૂા. 25.00 |
| 2. | **'દસ્તાવેજ'**<br>(જનવાદી કાવ્ય સંગ્રહ) | મૌન બલોલી | રૂા. 25.00 |
| 3. | **'સળગતી હવાઓ'**<br>(જનવાદી કાવ્ય સંગ્રહ) | ડૉ. સરૂપ ધ્રુવ | રૂા. 75.00<br>(રૂા. 60.00)* |
| 4. | **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો'**<br>(અભ્યાસ લેખ અને અન્ય સાહિત્ય) | ડૉ. સરૂપ ધ્રુવ -હિરેન ગાંધી<br>મયંક ઓઝા | અપ્રાપ્ય |
| 5. | **'લોહી લુહાણ વર્તમાનની રૂબરૂ'**<br>(ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્ય સંગ્રહ) | *સંપાદન અને અનુવાદ* :<br>હિરેન ગાંધી | રૂા. 150.00<br>(રૂા. 100.00)* |

* આ કિંમત નીચેના પ્રાપ્તિસ્થાનેથી સીધી ખરીદી કરનાર માટે છે. ઉપરોક્ત તમામ પ્રકાશનોમાં વિદ્યાર્થીઓને વિશેષ વળતર મળશે. ટપાલથી મંગાવનાર માટે પોસ્ટેજ ખર્ચ અલગ.

**પ્રાપ્તિસ્થાન :**

**દર્શન**

A-9/4, સહજાનંદ ટાવર્સ,
રેલ્વે ઑવરબ્રિજના છેડે, જીવરાજ પાર્ક,
અમદાવાદ - 380 051
ફોન : 079 - 6815484, 6820088

હું એવી કવિતા લખવા માગું છું જે મારી
વાત કરે, એક વ્યક્તિ સાથે વાત કરે, અસંખ્ય
લોકો સાથે વાત કરે.
હું એવી કવિતા લખવા માગું છું જે રોટીની
વાત કરે, માટીની વાત કરે, બહેતર જીંદગી
માટે સંઘર્ષ કરનારી પ્રજાની વાત કરે.

- નાઝિમ હિકમત
(તુર્કિસ્તાનનો જનવાદી-ક્રાન્તિકારી કવિ)

**સંવેદન સાંસ્કૃતિક મંચ**
'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી - પુસ્તક ૬